કુમાર

સંસ્થાપક · રવિશંકર રાવળ

આવતી કાલનાં નાગરિકોનું માસિક · વર્ષ ૩૧ · અંક ૧ · જાન્યુઆરી ઈ. ૧૯૫૪

તંત્રી · બચુભાઈ રાવત


અંક ૩૬૧







ધી સંવત્સરીના પુણ્ય સ્મરણમાં (૧) દક્ષિણ આફ્રિકાના બૅરિસ્ટર; (૨) ભારતના તારણહાર મહાત્મા; (૩) ૩૦મી જાન્યુઆરી ઇ. સ. ૧૯૪૮ની સાંજ.



કલાવિવેચકોમાં એક પ્રચલિત માન્યતા છે કે મુઘલ સમયની સ્ત્રીઓની તસ્વીરો આબેહૂબ નહિ પણ કેવળ કાલ્પનિક જ હોઈ શકે, કેમકે સખત પર્દાને લીધે એમનો ચહેરો તો શું પણ પડછાયો સુદ્ધાં કાંઈ જોવા પામી શકતું નહિ. પરંતુ આ વિધાન કરવામાં એકએ વાત ભુલાઈ જાય છે કે નૂરજહાં તો મુઘલ બાદશાહો પેઠે રૈયતની ફરિયાદ સાંભળવા ઝરૂખામાં પણ આવી બેસતી; અને મુઘલ દરબારમાં સમર્થ સ્ત્રી-કલાકારો પણ હતી. એટલે નૂરજહાં અને ઝેબુન્નિસા જેવી વ્યક્તિઓની છબિઓના આબેહૂબપણા વિષે શંકા રાખવાને કારણ નથી.

નૂરજહાં (મુઘલ કલમ)
ન્યૂ દિલ્હીની ફાઇન આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટ્સ સોસાએટીના સહકાર અને સૌજન્યથી

જહાંગીરની રાણી નૂરજહાંની એવી આજ સુધી આધારભૂત ગણાએલી તસ્વીરો (જે પૈકીની એક હાલ અમદાવાદના શેઠ કસ્તૂરભાઈની માલિકીના 'અવનીન્દ્રનાથ ટાગોર કલા-સંગ્રહ'માં છે)માં પણ અનન્ય ગણાય એવી આ તસ્વીર સૌંદર્ય અને વ્યક્તિદર્શનનું સચોટ આલેખન ગણાય છે. અન્ય મુઘલ તસ્વીરોની પરંપરા અનુસાર એકચશ્મી (એક જ પડખાનું) દર્શન, મથાળે ચક વીંટી લીધેલી બારી, મેંદીરંગ્યા હાથ—વગેરે મુદ્રાઓ તો આમાં પણ સામાન્ય હોવા છતાં, કઠેડા પર ટેકવેલો જમણો હાથ, અને હમેશાં જ્યાં ગુલાબનું ફૂલ હોય છે તે વિનાનો માત્ર ખાલી મુદ્રા દાખવતો ડાબો હાથ આ તસ્વીરને એક પ્રકારની ખોટી અક્કડાઇને બદલે જીવંત સૌંદર્યની સ્વાભાવિકતા અર્પે છે. પણ આ તસ્વીરની ખાસ વિશિષ્ટતા તો સમર્થ મુઘલ કલાકારો એક જ વાળની અત્યંત બારીક પીછી (યક-બાલ-કલમ)વડે કેશકલાપનું જે મુલાયમ આલેખન કરતા તે છે. 'વાદળના ખોળામાં લપકતી વીજળી' જેવા સૌંદર્યની ઉપમા સાર્થ કરવા માટે ગોરા ચહેરાને બહાર લાવવા કલાકારે ગાઢા વાળના સમૂહને એક એક વાળ છુટ્ટો હોય એ રીતે જે અદ્‌ભુત બારીકાઈ અને કુમાશથી ચીતર્યો છે તે બીનહરીફ છે. એ જ રીતે વાંકી ભ્રમરથી ચહેરાના સૌંદર્યને આપેલો ઉઠાવ આકર્ષક છે. સ્તનપ્રદેશ ખુલ્લો દેખાય છે તે તો નૂરજહાં જેની ખાસ શોખીન હતી તે ઢાકાની પારદર્શક મલમલની કંચુકી (જેની સોનેરી પટ્ટી નીચે દેખાય છે) દર્શાવવાને કારણે છે. ભારતના રાષ્ટ્રીય સંગ્રહાલયમાં રાખવા લાયક આ તસ્વીર હાલ એક ખાનગી કલાસંગ્રહમાં છે.



કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છુટક નકલ: બાર આના

વાચકો લખે છે.

આ વિભાગમાં પ્રગટ થતી દરેક વસ્તુ માટે 'કુમાર'માંનું એક ત્રિરંગી ચિત્ર ભેટ મોકલાશે.

કુમાર વય ત્રીસના! (પૃથ્વી)

નહીં શિશુ કહી, યુવાન નહિ વૃદ્ધ યારો યે હું!
અરે જનમથી મળ્યું છ તુજને જ કૌમાર્ય શું
ન જે વિરમતું? થઈ છ વય ત્રીસ તારી છતાં
અહો તરવરે નવું જીવન નિત્ય અંગાંગમાં!
કહે, ગગનપાર ક્યાં જવું 'કુમાર' અશ્વે ચડી?

(મુંબાઈ) —ગીતા પરીખ

કુમારમાં ભરતકલા (Embroidery) અંગે વૈજ્ઞાનિક લેખ આવતા નથી, તો નીચેના મારા વિચારો ધ્યાન પર લેશો: (૧) ગુજરાતે ગર્વ લેવા જેવું પોતાનું હાથભરત કામ અને તેનો ઇતિહાસ; (૨) ચાટલા-ભરતમાં વપરાતાં ચાટલાંનો ઉદ્યોગ (ઇતિહાસ સાથે); (૩) ગુજરાતમાં છાપકામ કરનારાઓ પશ્ચિમની સસ્તી પ્રતો લાવી તેનાં બીબાં બનાવી ભરત ભરનારાઓને છાપી આપે છે તેમાં પ્રાણીઓ, વેલબુટ્ટા વગેરે પાશ્ચાત્ય ઢબનાં હોય છે, તો આપણી હિંદી ઢબના પ્રાણીઓના સાદા ઘાટો, વેલબુટ્ટાઓ વગેરે ઘણું જે આપણા પ્રાચીન અવશેષોમાં છે તેનો જો ઉપયોગ આવી રીતે કરવામાં આવે તો તે આપણું પોતાનું ભરતકામ સુધારે અને વારસો સાચવવામાં મદદ કરે. આજકાલ ભરતકામ ઘણું જ વધી ગયું છે અને રોજ-બ-રોજ નવીનતાઓ આવતી જાય છે. તેમાં કલાને પ્રથમ સ્થાન છે એમ હું માનું છું: રંગમિશ્રણ, કલાત્મક ભાત, સફાઈવાળું કામ વિગેરે. તો પ્રાણીઓ આદિની સહેલી હીંદી ભાતો છાપવી જોઇએ; (૪) રંગો સંબંધેનું સામાન્ય જ્ઞાન; (૫) સાડીઓ ઉપર મુંબાઈમાં ઑઈલ પેઇન્ટિંગ પણ હાથ વડે કરી આપે છે તેની માહિતી.

આ વિષય કલાનું ઘણું જ અગત્યનું અંગ છે. તેના તરફ સહેજ પણ દુર્લક્ષ આપી શકાય નહિ; નહિ તો આપણી સંસ્કૃતિ પણ જેમ વિદેશી અસરો નીચે આવતી જાય છે તેમ આ બાબતમાં પણ થશે. તો આપ કુમારમાં આ અંગે એક નવો ભરત વિભાગ ચાલુ કરો.

(વડોદરા) —નવીનમ્

[અમારી લાંબા કાળથી કરી રાખેલી યોજનાઓ અને મનોરથોનો આ રીતે વાચકો તરફથી પડઘો પડતો જાણીને આનંદ થાય છે. વસ્તુતઃ ઉપર્યુક્ત વિષય અંગેની ચિત્રસામગ્રીની તૈયારી તો અમારી પાસે થોડીઘણી છે પણ ખરી; પણ તેને શાસ્ત્રીયરીતે લખી આપનારની જરૂર છે. પરંપરાગત તળપદું કામ કરનાર બહેનો મોટે ભાગે નિરક્ષર હોઈ, કોઈ સંસ્કારી ભાઇબહેન આ વિષય હાથ ધરી લખી આપવા ઈચ્છતાં હોય તો અમારું આમંત્રણ છે.]



ઘાટકોપરના શ્રી અમૃતલાલ દોશીએ મશાલ કે ફૂલની કળીના આકારમાં ગોઠવી મોકલેલા 'કુમાર'ના નામાક્ષરો

ઑગસ્ટ અંકમાં શ્રી શારદાબેન મરકાઈનો લેખ વાંચ્યો. એમાં લખેલી રીત કરતાં પણ વધુ સરળ રીતે સરવાળા કરવા નીચે લખેલો ફક્ત એક જ દોહરો યાદ રાખવાથી થઈ શકે છેઃ

'તૃતીયાંશ તે અંકનો મૂક મધ્ય મોઝાર,
ત્રીજે બીજે નવમે ચોથે એક વધાર.
સાત આઠ પ્રથમે છઠે ઓછો કરજે એક,
સરવાળો સરખો થશે અષ્ટ તરફથી એક.'

એકથી ગમે તેટલી રકમના, એટલેકે ત્રણથી નિઃશેષ ભાગી શકાય તેવી કોઈ પણ રકમના સરવાળા સહેલામાં સહેલી રીતે ઉપરના દોહરા મુજબ કરી શકાય છે. તે નીચે આપેલાં ખાનાં ઉપરથી સમજી શકાશે.

તૃતીયાંશ તે અંકનો=લાવવાની રકમનો ત્રીજો ભાગ; મૂક મધ્ય મોઝાર=વચ્ચેના ખાનામાં મૂકવો; ત્રીજે બીજે નવમે ચોથે એક વધાર=ત્રીજા બીજા નવમા અને ચોથા ખાનામાં એકએક વધારીને; સાત આઠ પ્રથમે છઠે ઓછો કરજે એક=સાતમા, આઠમા પહેલા અને છઠ્ઠા ખાનામાં એકએક ઓછો કરીને અંક મૂકવા. સરવાળો સરખો થશે અષ્ટ તરફથી એક=આઠે તરફ સરવાળો એક જ થશે.

હવે ઉપલી રીતે ૭૫ સરવાળો થાય તે માટે ખાનાંમાં અંક મૂકવાનું ઉદાહરણ:

	૧	૨	૩	
	૨૨	૨૭	૨૬	
૪	૨૯	૨૫	૨૧	૬
	૨૪	૨૩	૨૮	
	૭	૮	૯	

(અમદાવાદ) —બળદેવભાઇ પટેલ

'કુમાર'ના સપ્ટેમ્બરના અંકમાં ૩૫૯મા પાના પર જે 'ગણિત ગમ્મત' આપી છે તેમાં ૩ ભૂલો છે: (૧) ઊભા બીજા અંકયંત્રમાં ઊભી છેલ્લી હારમાં બીજો અંક '૧૦' છે તેને બદલે '૨૦' જોઇએ. (૨) તે જ અંકયંત્રમાં ઊભી ત્રીજી હારમાં ચોથો અંક '૧૬' છે તેને બદલે '૧૪' જોઇએ. (૩) તે પછીના ત્રીજા અંકયંત્રમાં ઊભી છેલ્લી હારમાં પ્રથમ અંક '૮'ને બદલે '૧૮' જોઇએ. —ઘનશ્યામ ભટ્ટ (નડિયાદ)

[મૂળ લેખક(હવે સ્વર્ગસ્થ)ની આ સરતચૂક સ્વીકારીએ છીએ. બીજા વાચકોએ પણ એ તરફ ધ્યાન દોર્યું છે તે સૌના આભારી છીએ.]

નવેમ્બરના 'કુમાર'ના મુખચિત્ર 'મનની વાત'માંની બે સખીઓની સાડીઓના છેડા ઉલટાસુલટી કેમ છે? ગુજરાતણની સાડીનો છેડો તેના જમણા ખભે જ રહે છે. ત્યારે શું એમ સમજવું કે જે સખી ડાબા ખભા ઉપર સાડીનો છેડો રાખીને ઊભી છે તે કોઇક જુદા જ પ્રદેશની હશે, કે પછી ડાબેરી?

(કડી) —સીતારામ જે. શર્મા


[•ડાબેરી સ્ત્રીઓ પણ સાડી તો સાચી રીતેજ પહેરતી હોય છે એ આ વિદ્વાન મિત્ર જાણે જ છે, એટલે એમની આ મજાક સ્વીકારી લઇને ખુલાસો કરીએ કે તે સખીએ બંગાળી ઢબની સાડી પહેરી છે. બીજા વાચકોએ પણ આ પ્રશ્ન ઉઠાવ્યો છે તેથી નવાઈ લાગી.]

૩૩૪મા અંકમાં 'કાગળકોતરકળા'નો પરિચય આવેલો તેમાં ભૂલ છે. જેને ભાઈ ચીનુની કલાના નમૂના તરીકે ઓળખાવવામાં આવેલ છે, તે ખરીરીતે વિસનગરનાભાઈ નવીન ભોજકની કલાનો નમૂનો છે. એ હકીકત એ બંનેના નામાક્ષરો બારીકાઈથી અવલોકતાં સ્પષ્ટ થશે.

(સિદ્ધપુર) —જયંત રાણા

૧૯૫૪ના જાન્યુઆરીમાં તમારા તરફથી 'કુમાર'નો ૩૬૧મો અંક પ્રકટ થશે. હવે, ૧૯૫૪ના બધા અંકોનો સરવાળો ૧+૯+૫+૪ =૧૯ થાય છે; અને ૩૬૧ એ ૧૯^{2}ની બરાબર છે. એટલે, ૧૯૫૪ અને ૩૬૧નો સંબંધ (૧+૯+૫+૪)^{2}=૧૯^{2} એ પ્રમાણે છે!

(તિલકવાડા) —મ. ના. ખત્રી



પોતે લખેલા પોસ્ટ કાર્ડને છેડે રાધનપુરના શ્રી પરશુરામ મહેતાએ કરી મોકલેલો સ્કેચ.

પોષનો તડકો

· ગાન ·

મને તડકો ગમે રે ઘણો પોષનો:
ઉત્તરના વાયરાની લહરીની સંગ સંગ
સ્પર્શ એનો લાગે સંતોષનો... મને૦

ડાળ ડાળ આંબલિયે મલકંતી મંજરી,
સીમને તળાવ કોઇ ટહુકંતી કંજરી,
હૈયાનાં હેતનાં વહેણને વહાવનાર
ચોગમ રેલાય સૂર કોશનો... મને૦

ચાર ચાર નીંદતી હું ખેતરની કયારીએ,
મનડાનો મોર દૂર ઢાળિયાની પાળીએ,
આવડા ય અંતરનો લાગે રે તાપ
એ તો જીવણના જૂઠા તે રોષનો... મને૦

રાજેન્દ્ર શાહ

સ્મૃતિ[1]

· ઇન્દ્રવંશ–વંશસ્થ–દ્રુતવિલંબિત ·

ન ફૂલ ને ફોરમ તો ય ફોરતી,
વ્હેતી હવામાં હળુ ચિત્ર દોરતી.

અવ સુ-વર્ણ ખધી જ ક્ષણેક્ષણ,
દિશદિશે પ્રસર્યું અહીં જે રણ,
ત્યાં વેળુમાં યે મૃદુ શિલ્પ કોરતી.

મધુર આ ઉરમાં પ્રગટી વ્યથા,
ક્ષણિકમાં ચિરની રચતી કથા,
સૌંદર્યની સૌ સ્મૃતિ આમ મ્હોરતી.

નિરંજન ભગત

સહચારિણી હે![2]

· મિશ્ર ·

ચોવીસ વર્ષોથી તને ધરી રહું
સંગાથમાં મારી ખરે સદા ય હું;
ઇર્ષ્યા, છતાં, કાં કર તું અદેખી
કોઇ બીજીને મુજ સંગ દેખી?
રે પ્રેમ મારો અવ શે છુપાવું?
વદું હવે સ્પષ્ટપણે હું આવું—
દ્વિપત્ની ના કાનૂન માન્ય જો કરે
તો કહેવું મારી સહચારિણી! ખરે
જાતે જ તું અટકને
અટક હે, મુજ સંગ ત્યાગી!

ગીતા પરીખ

દ્વિધા

· પૃથ્વી ·

અહો, જીવનપંથ આ ટચુકડો મળ્યો ચાલવા
મનોહર, અસ્પૃશ્ય ને તલવિહીન આકાશમાં
મહેન્દ્રધનુના વળાંક સમ શોભિતો રંગમાં,
થયો ચરણની ટકાઉ સ્થિર પીઠિકા વજ્ર શી.

પથે મુજ સમાન જોઉં સહયાત્રિ કોના જથા:
અકેલ ફકરિા, લહું જીવનદ્રવ્ય લૂંટાવતા,
અને અવર, સંઘ સર્જી વ્યવહાર ખેડયે જતા,
ત્રીજા કૃપણ શા વિરક્ત પથ ખેડતા એકલા.

મને ય પથમાં મળેલ સહચાર, તે સંગમ
પ્રવાહ મહીં કાષ્ઠનો બની વિરક્ત થાઉં? 'થવા
સમસ્ત પ્રીતિકોષ રિક્ત કરી નાખું પાત્રે પ્રિય,
મળ્યો ઘડીક સંગ તો રમી લઉં જ ક્ષાણિકચને?

સશંક રહું ચિંતવી: ઉભય રીતિમાં આ કઈ
વિશેષ ખીલવે કલા? જીવન કયાં વધુ સુંદર?

ઉશનસ્

હું

· પરંપરિત હરિગીત ·

ત્રાસી ગયો છું: અજબ છે આ એક મારો 'હું'
રહ્યો મારી મહીં,
મુજને કદી મૂકે નહીં;
એ જડ અને અક્કમ કશો તે વૃક્ષ સરખો
જ્યાં ઉગ્યો તે ત્યાં ઉગ્યો, નિજની જગા બદલે નહીં.

પ્રિયકાન્ત મણિયાર

મિસરા

જે કે હશે નિજ શ્રેષ્ઠ તે બીજા થકી સૌ ઢાંકશે,
કરતો કલા ના મોરલો, જો હોય હાજર કોઇ તો.


આંસુ વિરહનાં ના છુપે લાખો કરો યત્નો છતાં,
ધુંવે છુપે, છાને નફો, દેવું છુપે કયાંથી કહો?

આ પાંપણોને આપની સંકોચથી જે ઢાળતાં,
આપે ખજાનો ઢાંકતા કંજૂસની કો યાદ તે.

આઓ ગમે છે લોકને સંગીત, રાત્રી, ચિત્ર; પણ
ના એકને ત્રણ તે થકી સમજી શકે છે કોઇ પણ.

પ્રબોધ જોષી

(૧) ફૂલ જાય છે છતાં હવામાં હળવાં ચિત્ર દોરતી તેની ફોરમ રહી જાય છે, તેમ સઘળાં સૌંદર્યની સ્મૃતિ વિલાતી છતાં ચિરકાળની કથા રચી જાય છે. (૨) લગ્ન પછી ત્યાગેલી જૂની અટકને ઉદ્દેશીને.



(ચિત્રબોધ)

ભારતની વિખ્યાત ઈમારતોની ઊંચાઇનો પારસ્પરિક ખયાલ આપતો આલેખ

(કુમાર · ૩૬૧)

ગયા ડિસેમ્બર અંકના 'બાંધ ગઠરિયાં'ના હપતામાં જેનો ઉલ્લેખ તથા આસ્વાદ બંને અમે આપી ગયા હતા તે, શ્રીમતી મધુરીબહેન દેસાઇએ યોજેલા 'ભારતના સ્થાપત્ય-નકશા'માં આપેલી એક રસમય અને માહિતીપૂર્ણ આકૃતિ અમે આ ઉપર આપીએ છીએ. એમાં ભારતની આપણી વિખ્યાત ઈમારતોની ઊંચાઇ એકબીજાને મુકાબલે કેટલી છે તેનો ખયાલ આપવાની સાથોસાથ, તેઓ યુરોપની નામચીન ઊંચી ઈમારતો આગળ કેવડી લાગે છે તે દર્શાવવા માટે તેમની પાછળના ભાગમાં તે તે ઈમારતોનાં રેખાંકનો મૂકીને તેમની ઊંચાઈના પારસ્પરિક પરિમાણનો એકીનજરે ખયાલ આપવામાં આવ્યો છે. ડાબી બાજુએ પહેલો દિલ્હીનો 'કુતુબ મિનાર' છે. તે પછી, ઘાટી કાળી રેખાઓ દાખવતો બીજાપુરનો વિખ્યાત ગોળગુંબજ ધરાવતો મહમ્મદ આદિલશાહનો રોજો છે; અને તેની આગળના ભાગમાં સારનાથનો સ્તૂપ મૂકીને તેની પણ આગળ એ જ બીજાપુરની જાણીતી 'મહેતર-મહાલ' નામની સુંદર ઈમારતનું આલેખન મૂકેલું છે, જે, એ ત્રણેની એકબીજાને મુકાબલે કેટલી ઊંચાઈ છે તે દર્શાવે છે. વચ્ચે આપણો તાજમહાલ છે, અને તેની પાછળ, દુનિયામાં ઊંચામાં ઊંચા દેવળ તરીકે પ્રખ્યાત રોમના સેન્ટ પીટરના દેવળની માત્ર રેખાકૃતિ જ આપીને એ બેની ઊંચાઇનો મુકાબલો દર્શાવ્યો છે. તે પછી, કૉન્સ્ટૅન્ટિનોપલમાંના સેન્ટ સોફાયાના દેવળનો ઘુમ્મટવાળો મુખ્ય ભાગ આલેખ્યો છે. તેની આગળના ભાગમાં દુનિયાની પ્રાચીનમાં પ્રાચીન અખંડ ઈમારત તરીકે જાણીતા રોમના 'પાન્થીઑન' નામના દેવળનો ઘુમ્મટ ઘાટીકાળી રેખાકૃતિથી છૂટો પાડી બતાવ્યો છે. તેની આગળ પાછો આગ્રા પાસે સિકંદ્રામાંનો અકબરનો રોજો બારીક લીટીઓની છાયા ભરીને દર્શાવ્યો છે, અને તેની યે આગળના ભાગમાં મદુરાનું ટપ્પાકુલમનું વિખ્યાત સુંદર ગોપુરમ્ દર્શાવીને એ ચારે ઇમારતોની ઊંચાઈના મુકાબલાનો ખયાલ આપ્યો છે. જમણી બાજુ તદ્દન છેડે, પાછળના ભાગમાં વેનીસનો સેન્ટ માર્કના ચોકમાંનો તેની ઊંચાઈ માટે જાણીતો ટાવર દર્શાવ્યો છે, અને તેની આગળના ભાગમાં આપણે ત્યાંનું દક્ષિણના તાંજોર નગરના બૃહદેશ્વરના મંદિરનું ઊંચું ગોપુરમ્ સરખામણી માટે મૂકી બતાવ્યું છે. તાજમહાલની આકૃતિના નીચેના ભાગમાં માપ દર્શાવતી જે પટ્ટી આપેલી છે તેમાં યુરોપમાં પ્રચલિત 'મીટર'નાં માપ આપેલાં છે. એક મીટર બરોબર લગભગ સવા ત્રણ ફૂટ થાય. ડિસેમ્બરના અંકમાં 'બાંધ ગઠરિયાં'માં ભારતીય કલાલક્ષ્મીનો સમૃદ્ધ ભંડાર ધરાવનાર જે ડૉ. સારાસીન અને ઇમૅન્યુઅલ રૉશના નામનો ઉલ્લેખ આપે છે, તેમની સહાયના સૌજન્યનો સ્વીકાર આ આકૃતિ વિષે શ્રી મધુરીબહેને કર્યો છે, તે ઋણ પણ અમારે અહીં નોંધવું જોઈએ. (શ્રી મધુરીબહેન દેસાઇ તથા માર્ગ પબ્લિકેશન્સના સૌજન્યથી)

ગયાં હજાર વર્ષમાં થએલા આપણા ચાર ખગોળવેત્તાઓ પૈકીના છેલ્લા સમર્થ જ્યોતિષાચાર્ય

ખ્રિસ્તના ૧૨મા શતકમાં થએલા ભાસ્કરાચાર્ય પછી ભારતીય જ્યોતિષની પ્રવૃત્તિ તૂટપુંજિયા જ્ઞાન પરથી પંચાંગો બનાવવાની અને ફલાદેશ આપવાની જ રહેલી: દૂરબીનની શોધ પછી પશ્ચિમમાં કેપ્લર, ગૅલિલીઓ, ન્યૂટન, હર્શેલ વગેરેએ પરિશ્રમ લઇને વેધપ્રામાણ્ય આદિથી પાશ્ચાત્ય જ્યોતિષને તદ્દન નવા પાયા પર મૂકી દીધેલું, એટલે અનેક અશુદ્ધિઓ ધરાવતા ભારતીય જ્યોતિષ પ્રત્યે તેમને માન નહોતું રહ્યું. ભારતવાસીઓની આ ગતાનુગતિકતા સામે અલબરૂની જેવા અરબ વિદ્વાનથી માંડીને કોલબ્રુક તથા સર વિલિયમ જોન્સ જેવા અંગ્રેજ વિદ્વાનો સુધીના અનેકની ફરિયાદ હતી. ઉપરાંત તેમનો તો એ પણ આક્ષેપ હતો કે આખું ભારતીય જ્યોતિષશાસ્ત્ર ખાલ્ડીઅનો, ઇજિપ્શિયનો ને ગ્રીકો પાસેથી મેળવેલું છે ને ભારતીયોએ તો જાતે કદી આંખો ઉઘાડી રાખી આકાશ સામે જોયું જ નહોતું. આ આક્ષેપનું ખંડન કરીને ભારતીય જ્યોતિષની અનેક અશુદ્ધિઓ દૂર કરનાર એક મહાન જ્યોતિષ્પ્રતિભા આપણા દેશમાં ગયા સૈકામાં થઈ ગઈ. ૧૯મી સદીમાં હિંદમાં અંગ્રેજી શિક્ષણના પ્રારંભ બાદ જે કેટલાક મહાન વિદ્વાનો નીપજ્યા તેમાંની જ એક એ જ્યોતિષ્પ્રતિભા તે શ્રી શંકર બાળકૃષ્ણ દીક્ષિત. માત્ર ૪૫ વર્ષની નાની ઉમરે અવસાન પામેલા અને જિંદગીભર શિક્ષકના વ્યવસાયમાં ખૂંચી રહી દરિદ્રાવસ્થામાં જ મૃત્યુ પામેલા આ વિદ્વાનનું જીવન વિદ્યાવ્યાસંગી જીવનનું એક ઉજ્જ્વલ દૃષ્ટાંત છે. પાશ્ચાત્ય વિદ્વાનોને નિરુત્તર બનાવી દે એવા સાબિતીપુરાવા રજૂ કરનાર એ મહાન જ્યોતિર્વિદને યોગ્ય રીતે જ 'આધુનિક ભાસ્કરાચાર્ય'નું બિરુદ અપાએલું છે. એમણે આપણા પ્રાચીન જ્યોતિષશાસ્ત્રનું સ્વરૂપ નિશ્ચિત કર્યું, એટલું જ નહિ પણ નવાં અભ્યાસ-સંશોધનની પણ પરંપરા ઊભી કરી.



★ આધુનિક ભાસ્કરાચાર્ય શંકર બાલકૃષ્ણ દીક્ષિત

જેમણે ભારતનું ખગોળજ્ઞાન પારકા દેશોનું માત્ર આંધળું અનુકરણ હોવાનો પરદેશીઓનો આક્ષેપ તોડી નાખીને તેનું વેધપ્રામાણ્ય સાબિત કર્યું ને દુનિયાભરના વિદ્વાનોમાં દિગંતડંકો વગાડયો.

લેખક · અશોક હર્ષ

ગયાં એક હજાર વર્ષમાં આપણા દેશે ચાર મહાન ખગોળવેત્તા ઉત્પન્ન કરેલા છે. એમાંના પહેલા ત્રણ તે ભાસ્કરાચાર્ય, ગણેશ દૈવજ્ઞ ને વાસુદેવ શાસ્ત્રી, જ્યારે ચોથા હતા સ્વ. શંકર બાલકૃષ્ણ દીક્ષિત. એમના કુટુંબની મૂળ અટક વૈશંપાયન, પરંતુ તેમના એક પૂર્વજે યજ્ઞ કર્યા બાદ તે દીક્ષિત તરીકે ઓળખાવા લાગેલું. રત્નાગિરિ જિલ્લાના દાપોલી તાલુકાના મુરુડ ગામમાં છેલ્લાં ચારપાંચ સો વર્ષથી એ કુટુંબ વસતું અને ગામનું ઉપાધ્યાયપદ ધરાવતું. આ કુટુંબમાં આજથી સો વરસ ઉપર ઈ. સ. ૧૮૫૩ના જુલાઈની ૨૧મીએ એમનો જન્મ થએલો.

નાનપણથી જ ભણવામાં તે હોશિયાર હતા. તેમાં યે ગણિતમાં તેમની પ્રતિભા અદ્‌ભુત હતી. મરાઠી શિક્ષણ પૂરું કરીને નોકરીના ઉદ્દેશે દાપોલીની અદાલતમાં બે વર્ષ ઉમેદવારી કરવાની સાથોસાથ તેમણે ત્યાં તરતમાં જ ખૂલેલી અંગ્રેજી શાળામાં અંગ્રેજી શિક્ષણ પણ લેવા માંડ્યું. ત્યાર બાદ ત્રણ વર્ષ પૂનાની ટ્રેનિંગ કૉલેજમાં અભ્યાસ કરી પ્રથમ પ્રતિનું પ્રમાણપત્ર મેળવ્યું અને એ જ વર્ષ-૧૮૭૪માં મૅટ્રિકની પરીક્ષા પણ પસાર કરી. આગળ કૉલેજનું શિક્ષણ લઈ શકાય એવી કુટુંબની સ્થિતિ ન હોઇ એમણે મૅટ્રિક થયા પછી શિક્ષકની નોકરી લીધી.

પ્રથમ કોલાબા જિલ્લાના રેવદંડ ગામની અને પછી થાણાની પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક તરીકે આઠ વર્ષ કામ કર્યા બાદ ૧૮૮૨ માં તેમણે બાર્શીની અંગ્રેજી શાળામાં સાત વર્ષ કામ કર્યું. એ પછી ધૂળિયાના ટ્રેનિંગ કૉલેજમાં અને ત્યાર બાદ પૂના ટ્રેનિંગ કૉલેજમાં જોડાયા અને એ પદે જ ૧૮૯૮ની ૨૭મી એપ્રિલે અવસાન પામ્યા.

એમનું લક્ષ જ્યોતિષ પ્રત્યે પહેલવહેલું દોરાયું ગ્વાલિયરના વિસાજી રઘુનાથ લેલેના એ વખતનાં વર્તમાનપત્રોમાં આવતા લેખો પરથી. થાણા મુકામે ત્યાંની હાઇસ્કૂલના હેડમાસ્તર જનાર્દન બાબાજી મોડકના પરિચયે તેમને વધુ રસ લેતા કર્યા, અને પછી ત્રણેએ વર્તમાનપત્રો અને વ્યાખ્યાનો દ્વારા જ્યોતિષશાસ્ત્રનો પ્રચાર કરવાનું નક્કી કર્યું.

આ જ્યોતિષ તે શુદ્ધ જ્યોતિષ અથવા સિદ્ધાંત-જ્યોતિષ; ફલજ્યોતિષ નહિ. ફલજ્યોતિષ પર દીક્ષિતને બહુ શ્રદ્ધા પણ નહોતી. ઇંદોરના મહારાજા તુકોજીરાવે પંચાંગશુદ્ધિ માટે એક પરિષદ બોલાવેલી તેમાં સાયન પદ્ધતિના સમર્થક તરીકે દીક્ષિતે હાજરી આપેલી. પરિષદની રાતે જ પૂનમ હતી ને સાયન અથવા દૃક્પ્રત્યય પદ્ધતિ મુજબ એ રાતે અલ્પગ્રાસગ્રહણ થવું હોવાની ગણતરી હતી, જ્યારે અન્ય પદ્ધતિ મુજબ તૈયાર થએલાં પંચાંગોમાં આ ગ્રહણનો નિર્દેશ ન હતો. અંતે રાતે પ્રત્યક્ષ ગ્રહણ દેખાતાં તુકોજીરાવે સાયન પદ્ધતિ માન્ય રાખી અને એ પદ્ધતિએ પંચાંગ તૈયાર કરવા માટે દર વરસે અમુક રકમની મદદ આપવાનું વચન આપ્યું. ત્યાર બાદ પોતાના તમામ કુટુંબીઓની જન્મકુંડલી

સાયન પદ્ધતિએ તૈયાર કરીને તે પરથી તેમનું ભવિષ્યફલ કહેવા તેમણે દીક્ષિતને જણાવ્યું, પણ દીક્ષિતે તો પોતે એવા કશામાં માનતા ન હોવાનું જણાવીને સ્પષ્ટ કહી દીધું કે 'એટલા ખાતર જ પંચાંગ પ્રકાશનમાં આપ મદદ આપતા હો તો ન આપતા!' પરંતુ આ જવાબ છતાં તુકોજીરાવે તો મદદ આપવી ચાલુ જ રાખેલી.

ગ્રહસ્થિતિ પરથી માનવીનું ભવિષ્ય ભાખવાને બદલે દીક્ષિત તો પ્રત્યક્ષ વેધ લઈને ગણિતની સહાયે ગ્રહોનાં સ્થાન નક્કી કરીને કરણ, સંપાત વગેરે ખુદ ખગોલીય ઘટનાઓનું ભવિષ્ય ભાખનારા હતા. ઈ. સ. ૧૮૮૪માં દક્ષિણા પ્રાઈઝ કમિટીએ ભારતીય જ્યોતિષશાસ્ત્ર વિષે ઉત્તમ ગ્રંથ લખનારને ૪૫૦ રૂપિયાનું ઇનામ આપવાની જાહેરાત કરતાં દીક્ષિતને પોતાનાં જ્યોતિષ વિષયક અભ્યાસ-સંશોધનને ગ્રન્થાકાર આપવાની ઈચ્છા થઈ અને અનેક ભારતીય તેમજ પાશ્ચાત્ય ગ્રંથો વાંચી જઇ, તેમાંના સિદ્ધાંતો ને ગણતરીઓ વિષે મૌલિક સંશોધન કરી, ઈ. સ. ૧૮૮૮માં ત્રણ ભાગમાં એ ગ્રંથ પૂરો કર્યો અને ઉપર્યુક્ત કમિટીને સોંપ્યો. કમિટી પાસે આવેલા સૌ ગ્રન્થોમાં આ ગ્રન્થ શ્રેષ્ઠ ઠરતાં તેને ઈનામ આપવામાં આવ્યું. દીક્ષિત ત્યાર બાદ પણ એ ગ્રન્થ અંગે વધુ અભ્યાસ-સંશોધન કરતા રહ્યા અને ઈ. ૧૮૯૫-૯૬માં તેમણે મુદ્રિત સ્વરૂપે સવા પાંચસો પાનાંનો એ ગ્રન્થ પ્રસિદ્ધ કર્યો.

આ 'ભારતીય જ્યોતિઃશાસ્ત્ર અથવા ભારતીય જ્યોતિષાચા પ્રાચીન આણિ અર્વાચીન ઇતિહાસ'ના મહિમાનો ખયાલ એટલા પરથી જ આવશે કે એ પ્રસિદ્ધ થયા પછી એ વાંચવા માટે ડૉ. થીબો તથા બીજા કેટલાય પાશ્ચાત્ય વિદ્વાનો ખાસ મરાઠી ભાષા શીખેલા! સૂક્ષ્મ અને શુદ્ધ ગણિતપૂર્વક વ્યાપક દૃષ્ટિએ લખાએલો આવો ગ્રંથ અન્ય કોઈ ભાષામાં નથી—સંસ્કૃત અને અંગ્રેજ સુદ્ધાંમાં નહિ! મહારાષ્ટ્રીય વિદ્વાન સ્વ. ચિંતામણ વિ. વૈદ્ય જેવાએ લખેલું છે કે, 'આવો ગ્રંથ હજુ સુધી લખાયો નથી અને કદાચ લખાશે પણ નહિ.'

પાશ્ચાત્યોના આક્ષેપનો ઉત્તર આપવાનો પ્રયાસ લોકમાન્ય ટિળકે પણ કરેલો, પરંતુ તેમનો મુખ્ય આધાર જ્યોતિષશાસ્ત્રના ગ્રંથો નહિ પણ વેદો હતા, એટલે પશ્ચિમના વિદ્વાનોએ તો કહી દીધું કે ટિળકે શાબ્દિક પાંડિત્ય લડાવીને વેદનાં સૂક્તોના મનપસંદ અર્થ ઘટાવ્યા હતા! દીક્ષિતે એથી જુદી રીતે કામ લીધું. તેમણે વૈદિક કાલથી માંડીને ઈ. પૂ. ૫૦૦ વર્ષ સુધીના ભારતીય જ્યોતિષના ઉદ્‌ભવ અને વિકાસ આલેખતો ઇતિહાસગ્રંથ તૈયાર કરીને પાશ્ચાત્યો સામે મૂકી દીધો. વરાહમિહિર પછી પણ સિદ્ધાંતગ્રન્થો પરથી ઉત્તરોત્તર વધુ ને વધુ સૂક્ષ્મતા સાધવાના ભારતીયોના પ્રયત્નો પણ તેમણે કાલાનુક્રમ સહિત દર્શાવી આપ્યા. વરાહમિહિરની 'પંચસિદ્ધાંતિકા'ની અશુદ્ધ અને અસંબદ્ધ નકલ પાંચ જુદા જુદા સિદ્ધાંતોના ટુકડા જેવી હતી તેને સુયોજિત કરીને તેમણે પાંચે સિદ્ધાંતોનો પૂર્વાપર સંબંધ સ્થાપી આપ્યો. પાંચે સિદ્ધાંતોના સૂક્ષ્મ અવલોકન પરથી એમણે એ સિદ્ધ કરી બતાવ્યું કે એકમાત્ર રોમક સિદ્ધાંતને બાદ કરતાં બાકીના પૈતામહ, વાસિષ્ઠ, પૌલિશ અને સૌર એ ચારે સિદ્ધાંત સંપૂર્ણતઃ આ દેશના જ હતા. એમાંનો છેલ્લો સૌર સિદ્ધાંત પણ છેક ઈસ્વી સન પૂર્વેનો હતો, જ્યારે બાકીના તો એ કરતાં યે પ્રાચીન હતા. આ 'પંચસિદ્ધાંતિકા'માંના ક્ષેપક અંકો પણ, ઈ. પૂ. ૩૨૦૨ના ગુરુવારની તા. ૧૭-૧૮ની મધ્યરાત્રિથી કલિયુગનો આરંભ થયો હોવાનું માનવાની ભારતીય પરંપરા સાથે સુસંગત હોવાનું તેમણે પુરવાર કર્યું.

રાત અને દિવસ, ભૂખ કે તરસનું ભાન રાખ્યા વિના ગ્રન્થો પર ગ્રન્થો વાંચ્યે જઈ તેમાંથી ટાંચણો કરતા અને જુદા જુદા વિદ્વાનો સાથે પત્રવ્યવહાર કરતા દીક્ષિતે આટલો પરિશ્રમ લઈને આ મહાગ્રંથ તૈયાર કર્યા છતાં તેમની આર્થિક સ્થિતિમાં ખાસ સુધારો નહોતો થયો? મૃત્યુ સમયે તેમનો પગાર વધીવધીને માસિક પોણોસો રૂપિયા સુધી પહોંચેલો. એમણે આર્થિક લાભની દૃષ્ટિએ એ કાર્ય કર્યું પણ નહોતું. ઊલટું પોતાના સંશોધનકાર્ય નિમિત્તે થએલી ઓળખાણોથી આર્થિક સ્થિતિ સુધરવાની ઊભી થએલી અનેક તક એમણે હાથે કરીને જતી કરેલી. તામ્રપટો, શિલાલેખો, જૂનાં લખાણો વગેરેના કાલનિર્ણયમાં અનેક પાશ્ચાત્ય સંશોધકો તેમની મદદ લેતા, તેમ 'ઇન્ડીઅન ઍન્ટીક્વેરી' પત્રના સંપાદક ડૉ. ફ્લીટે પણ ગુપ્તોના કાલનિર્ણયમાં એમની મદદ લીધેલી. દીક્ષિત બાર્શી મુકામે શિક્ષક હતા અને ડૉ. ફ્લીટ સોલાપુર જિલ્લાના કલેક્ટર અને મધ્યવિભાગના કમિશનર હતા ત્યારે આ કાર્ય નિમિત્તે અવારનવાર બાર્શી જતા. દીક્ષિતને પોતાના ખાતામાં મામલતદાર તરીકે દાખલ કરી ડેપ્યુટી કલેક્ટરના હોદ્દા સુધી પહોંચાડવાની એ વખતે તેમણે ખાતરી આપેલી, પરંતુ દીક્ષિતે નમ્રતાપૂર્વક ના પાડીને જણાવ્યું કે એમની જિંદગીનું સાચું કાર્ય સંશોધન હતું, સરકારી નોકરી નહિ.

ઈ. સ. ૧૮૭૦ થી એટલે કે ૧૭ વર્ષની ઉમરથી એમણે રોજનીશી રાખવા માંડેલી. એમાં એક સ્થળે એમણે લખ્યું છે કે, 'મનુષ્યે કોઇ ને કોઇ ઉચ્ચ ધ્યેયપૂર્વક જીવન વ્યતીત કરવું, નહિતર તો કાકોઽપિ જીવતિ (કાગડો પણ જીવે છે).' કર્તવ્યના સંતોષને જ એ જીવનનો પરમ સંતોષ માનતા અને તેમાં સદા અશિથિલ અને ઉત્સાહી રહેતા. રેવદંડની શાળાના મુખ્ય શિક્ષક તરીકેની પોતાની સાત વર્ષની કારકિર્દીનું સરવૈયું કાઢતાં તેમણે પોતાની રોજનીશીના એક પાને લખ્યું છે: 'કેળવણી ખાતાએ મુકરર કરેલો અભ્યાસક્રમ મેં વિદ્યાર્થીઓને પૂર્ણપણે શીખવાડ્યો છે, એટલું જ નહિ પરંતુ શાળાના સમય ઉપરાંતના સમયમાં તેમને અન્ય વિષયોનું પણ એટલું જ્ઞાન તથા પ્રત્યક્ષ શિક્ષણ આપેલાં છે કે તેમના ભાવી જીવનમાં તેમને એ બહુ ઉપયોગી થઈ પડ્યા વિના નહિ રહે.'

'વિદ્યાર્થિબુદ્ધિવર્દ્ધિની', 'સૃષ્ટચમત્કાર', 'સોપપત્તિક અંકગણિત' વગેરે તેમની હયાતીમાં જ બહાર પડેલાં પુસ્તકો ઉપરાંત વિદ્યાર્થીઓ માટે તેમણે 'ભારતવર્ષીય ભૂવર્ણન' પુસ્તક લખેલું, જે તેમના અવસાન પછી બહાર પડેલું. આ પુસ્તકમાં વેદ, પુરાણ વગેરે પ્રાચીન ગ્રંથોમાં જે જે સ્થળોનો નિર્દેશ આવે છે તેમનાં હાલનાં સ્થાનનો નિર્ણય કરવાનો તેમણે પ્રયત્ન કરેલો છે. ગિફર્ડ વ્યાખ્યાનમાળામાં પંડિત મૅક્સમૂલરે આપેલાં વ્યાખ્યાનોનું ભાષાંતર પણ તેમણે 'ધર્મમીમાંસા' નામે કરેલું.

જ્યોતિષશાસ્ત્ર અથવા ખગોળવિદ્યાને લોકપ્રિય બનાવવાની એમને પ્રબળ અભિલાષા હતી. એ પૂના હતા ત્યારે અઠવાડિયામાં એકાદ રાત એ ત્યાંના કૉલેજના છાત્રાલયમાં પહોંચી જતા અને વિદ્યાર્થીઓને તારાઓ તથા ગ્રહોનો પરિચય કરાવતા, જેમાંના કેટલાક વિદ્યાર્થીઓ આજે પણ હયાત છે. આ ઉદ્દેશે જ એમણે ખગોળ વિષયક સરળ માહિતી આપતું એક પુસ્તક 'જ્યોતિર્વિલાસ અથવા રાત્રીચી દોન ઘટકા મૌજ' લખેલું, જે એટલું તો લોકપ્રિય નીવડ્યું કે આજ સુધીમાં તેની અનેક આવૃત્તિઓ નીકળી ચૂકી છે. વર્ષો પહેલાં મુંબાઇના 'ગુજરાતી' પત્ર તરફથી તેનું ભાષાંતર બહાર પડેલું. ગાંધીજી સુદ્ધાં એ પુસ્તક પર મુગ્ધ હતા. ઈ. સ. ૧૯૨૦ માં એ યરવડાની જેલમાં હતા ત્યારે પોતાના સાથીઓને ગ્રહનક્ષત્રાદિનો પરિચય આપવા માટે ત્યાંના જેલ સુપરિન્ટેન્ડેન્ટ પાસે 'જ્યોતિર્વિલાસ' પુસ્તકની માગણી કરી. જેલ સુપરિન્ટેન્ડેન્ટ પૂનામાં બધે ફરી વળ્યો પણ એ પુસ્તક ક્યાંય ન મળ્યું. અંતે કોઇએ પૂનામાં જ રહેતા સ્વ. શં. બા. દીક્ષિતના પુત્ર રામભાઉ પાસેથી એ પુસ્તક મળવાની શક્યતા દર્શાવી (અનુસંધાન પૃ. ૪૦ મે)

ચન્દ્રકાન્ત મણિ

વિલ્કી કૉલિન્સની અદ્દ્ભુત કથા : અંગ્રેજી સાહિત્યની પ્રથમ ડિટેક્ટિવ નવલ

આજના જગવિખ્યાત કવિ-વિવેચક ટી. એસ. ઇલિયટ જેને 'સૌથી પહેલી, સૌથી લાંબી ને સૌથી શ્રેષ્ઠ ડિટેક્ટિવ નવલકથા' ગણાવે છે એ 'મૂનસ્ટોન'નો આ સંક્ષેપ છે. એના લેખક વિલિયમ વિલ્કી કૉલિન્સે લખેલી લગભગ બે ડઝન નવલકથાઓમાં 'મૂનસ્ટોન' અને 'ધ વૂમન ઇન વ્હાઇટ' સૌથી વધુ જાણીતી છે. તેમાં યે 'મૂનસ્ટોન' તો ૧૯મી સદીના મહાન અંગ્રેજ સાહિત્યકારો ડિકન્સ, થૅકરે અને ટ્રૉલોપની શ્રેષ્ઠ નલકથાઓ સાથે સ્થાન ધરાવે છે.

વિલ્કી કૉલિન્સનો જન્મ ઇ. ૧૮૨૪ની ૮મી જાન્યુઆરીએ થએલો. ડિકન્સ એનો મિત્ર હતો ને એના પર તેનો પ્રભાવ પણ ઘણો હતો. ઇ. ૧૮૫૧માં પ્રાચીન રોમ પરની એની પહેલી નવલકથા પ્રસિદ્ધ થઇ ત્યારબાદ છેક ૧૮૫૯માં તેની 'ધ વૂમન ઈન વ્હાઇટ' પહેલવહેલી ડિકન્સના સામયિક 'ઑલ ધ ઇઅર રાઉન્ડ'માં અને ત્યાર બાદ પુસ્તકાકારે પ્રસિદ્ધ થઇ. એ એટલી તો લોકપ્રિય નીવડી કે એ પછીના પુસ્તક માટે કૉલિન્સ પ્રકાશનસંસ્થાએ વિલ્કી કૉલિન્સને ત્યાર સુધીના કોઇ લેખકને નહિ અપાએલી એટલી ૩૦૦૦ પૌંડની રકમ અગાઉથી આપેલી.

'મૂનસ્ટોન' પણ ડિકન્સના ઉપર્યુક્ત સામયિક માટે ઈ. ૧૮૬૮માં લખાએલી. કૉલિન્સની માતા એ વખતે મરણ પથારીએ હતી અને એ પોતે સંધિવાથી અપંગ જેવો બની ગએલો. 'મૂનસ્ટોન' ડિટેક્ટિવ નવલકથા હોવા છતાં તેનું કથાવસ્તુ કોઈ ખૂન પર કેન્દ્રિત નથી થએલું, અને ચોરાએલા ચન્દ્રકાન્ત મણિનો ભેદ એણે જે રીતે ઉકેલી બતાવ્યો છે એ તો એ કૃતિને રહસ્યકથાઓના ઇતિહાસમાં અનન્ય સ્થાન અપાવી ચૂકેલ છે.

આજ સુધીમાં યુરોપ-અમેરિકામાં થઇને 'મૂનસ્ટોન'ની લાખો નકલો ખપી ચૂકી હશે. એ રહસ્યકથા તો છે જ, પણ સાથોસાથ સમકાલીન સામાજિક ઇતિહાસ પણ તેમાં પ્રતિબિંબિત થાય છે. ભિન્નભિન્ન પાત્રોના મુખે જ કથાવસ્તુ કહેવડાવવાની તેની પદ્ધતિનું ત્યાર બાદ સારા પ્રમાણમાં અનુકરણ થએલું છે. 'મૂનસ્ટોન' વાંચવા માટે, 'ઑલ ધ ઈઅર રાઉન્ડ'નો અંક બહાર પડવાના દિવસે તે ખરીદવા લોકોની ઠઠ જામતી. મણિ છેવટે કોની પાસેથી નીકળશે, એ પર વાચકો અંદરોઅંદર શરત લગાવતા. અંગ્રેજ કવિ સ્વિનબર્નનું એ ખાસ માનીતું પુસ્તક હતું અને વખત મળ્યે એ 'અદ્દ્ભુત કથા'નાં વખાણ કરતાં તે થાકતો નહિ.

'ફ્રેન્કલિન! કંઈ વહેલો આવી પહોંચ્યો?'

'હા. લંડનમાં કોઇએ મારો પીછો પકડ્યો હોવાનું લાગતાં બપોરને બદલે સવારની જ ગાડીમાં આવી પહોંચ્યો.'

'એમ? પણ તારો પીછો કોણ પકડે?'

'કોઈ હિંદીઓ લાગે છે.'

'તો કાલે અહીં પણ સફેદ ઝબ્બામાં સજ્જ ત્રણ હિંદીઓ આવેલા. એમની જોડે એક અંગ્રેજ છોકરો હતો. એ લોકો એક રકાબીમાં મેશ ચોપડીને પેલા અંગ્રેજ છોકરા પાસે કંઇક જોવડાવી રહ્યા હતા. તેઓ એને સવાલ કરતા કે 'એ બીજા કોઇ નહિ ને આ જ ઘેર આવવાનો છે?' 'પેલી ચીજ એની પાસે છે?' વગેરે. મારી દીકરી પેનેલોપે આ પ્રશ્નો અને પેલા છોકરાએ તેના હકારમાં આપેલા જવાબો સાંભળેલા છે. તેણે જ મને આ વાત કરેલી, પણ મેં હસવામાં કાઢી નાખેલી—એ ક્યાંક કશા વહેમમાં ન પડી જાય માટે.'

'તો તો મને લાગે છે કે લંડનમાં મારો પીછો પકડનારા અને કદાચ એક જ ટોળીના આ હોય. એમણે કહેલી "પેલી ચીજ" તે આ!' એમ કહેતાં તેણે એની પાસેનું એક પડીકું ખોલ્યું ને એમાંથી આછા તેજે પ્રકાશનું એક રત્ન ઝળકી ઊઠ્યું. એ હતો ચન્દ્રકાન્ત મણિ.

'અરે! પેલા નપાવટ કર્નલનો આ મણિ તારી પાસે ક્યાંથી?'



'કેમ વળી? કર્નલ જૉન હર્નકૅસલની સઘળી મિલ્કતનો વહીવટ મારા બાપા જ કરે છે! રાશેલ એમની ભાણી થાય. તેને આ જન્મદિવસે આ મણિ ભેટ આપવાનું એ પોતાના વસિયતનામામાં લખી ગયા છે. બાપા બહુ કામમાં રોકાએલા છે એટલે એમણે આ કામ મને સોંપ્યું. પણ તમે કર્નલને નપાવટ કેમ કહ્યો એ તો કહો?'

અને ગૅબ્રિયલ બેટરેજે જે જવાબ આપ્યો તે આ હતો:

'મારા શેઠ હર્નકેસલને બે પુત્ર: આર્થર અને જૉન. એમાંનો જૉન ૨૨મા વર્ષે લશ્કરમાં જોડાઇને હિંદ ઊપડ્યો ત્યારે એની સાથોસાથ હું પણ લશ્કરમાં ભરતી થઇને ત્યાં ઊપડેલો. ઇ. સ. ૧૭૯૯ની આ વાત છે. એ વર્ષના મેની ૪થી તારીખે સેનાપતિ બેઅર્ડને હાથે મ્હૈસુરના વાઘ ટીપુ સુલતાનની રાજધાની શ્રીરંગપટ્ટમનું પતન થયું. આ ચન્દ્રકાન્ત મણિ ત્યારે ટીપુ સુલતાનના કબજે હતો. એના ચમત્કારોની અનેક વાતો સૈન્યમાં પ્રચલિત હતી. મૂળ તો એ મણિ સોમનાથના મંદિરનો, પરંતુ મહમૂદ ગઝનીના આક્રમણ વખતે તે છૂપી રીતે કાશી પહોંચાડી દેવામાં આવેલો. કેટલાક સૈકા બાદ મુઘલ શહેનશાહ ઔરંગઝેબે કાશી પર ચડાઈ કરી ત્યાંનાં હિંદુ મંદિરોનો ધ્વંસ કર્યો ત્યારે તેના એક સરદારને હાથે એ મણિ ચડી ગએલો. એ સરદાર કમોતે મૂઆ પછી આ મણિ ફરતોફરતો ટીપુ સુલતાનના કબજે આવેલો. એણે તે પોતાના ખંજરમાં જડાવી રાખેલો. અંગ્રેજો સામે હારેલા એના સૈન્ય-

માં નાસભાગ ચાલુ હતી ત્યારે એ ધમસાણમાં હું અણધાર્યો જૉનને પડખે પહોંચી ગયો. મેં જોયું તો એક શખ્સ લોહીના ખાબોચિયામાં પડ્યોપડ્યો ચન્દ્રકાન્ત મણિ લેનાર પર શાપનો વરસાદ વરસાવી રહ્યો હતો. આમ પણ એ મણિ શાપિત ગણાતો, કારણ જેની પાસે એ ગએલો તે સુખી નહોતો થયો એવી લોકવાયકા હતી. મેં જૉનને મણિ વિષે પૂછતાં તેણે મારી વાતને તદ્દન ઉડાવી દીધી. મને ખાતરી હતી કે મણિ તેને જ કબજે હોવો જોઇએ, પણ હું એ વિષય પૂરતો ખામોશ જ રહ્યો. મરતા શખ્સના શબ્દ મેં સાંભળ્યા હતા, પરંતુ જૉનને મેં તેની હત્યા કરતો કે તેની પાસેનો મણિ આંચકી લેતો જોએલો નહિ. મતલબ કે મારી પાસે જૉનને દોષિત ઠરાવતો એક્કે પુરાવો નહોતો.'

'હં, પછી?' ફ્રાન્ક્લિનને વાતમાં વધુ ને વધુ રસ પડતો જતો હતો. સિત્તેર વર્ષની વયનો ડોસો બેટરેજ માથું ખંજવાળતો બોલ્યો, 'આ ૧૮૫૦નો મે મહિનો જાય છે ને? અરધા સૈકા ઉપરની એ વાતની બધી વિગતો તો મને યાદ નથી, પણ અમારા સેનાપતિએ લૂંટનો બધો માલ પોતાને સોંપી જવાનો સૈનિકોને હુકમ કરેલો ત્યારે પણ એ મણિ પાછો ન સોંપતાં જૉને પોતાની પાસે જ રાખી લીધેલો. કોણ જાણે કેમ, પણ ટીપુ સુલતાનના અંગ પરથી એ મણિ ન મળવાથી ને રાજ્યના ખજાનામાં પણ એનો પત્તો ન લાગવાથી અમારી ટુકડીના સૌ કોઇને જૉન પર જ વહેમ જવા માંડેલો અને આ વાત મેં જ ફેલાવી હોવાની માન્યતાથી તેણે મારી જોડે બોલવાનું બંધ કરેલું, એટલું જ નહિ પણ થોડો સમય રહીને પોતાની બદલી પણ બીજી રેજિમેન્ટમાં કરાવી નાખેલી. ત્યાર બાદ અમે ઈંગ્લંડ આવતાં હું તો પાછો એ જ કુટુંબમાં નોકરી લાગી ગયો. જૉન કુટુંબથી જુદો પડી અલગ રહેવા માંડ્યો. ત્યાર પછી એના વિષે અવારનવાર જે કંઈ સાંભળવામાં આવતું તે હર્નકૅસલ કુટુંબને અભિમાન લેવા જેવું તો નહોતું જ.'

હર્નકૅસલ દંપતીને એ બે પુત્ર ઉપરાંત ત્રણ પુત્રીઓનો પણ પરિવાર હતો—એડીલેડ, કૅરોલિન અને જુલિયા. આમાંની સૌથી નાની જુલિયા તો બેટરેજના હાથમાં જ ઊછરીને મોટી થએલી, એટલે તેના તરફ એને સ્વાભાવિક પક્ષપાત હતો. એ સર જૉન વેરિન્ડરને પરણી ત્યારે ત્યાં પણ બેટરેજને પોતાની સાથે જ લેતી ગએલી. એણે સ્પષ્ટ કહી દીધેલું કે, 'સર જૉન, મને બેટરેજ વગર નહિ ચાલે!' અને સર જૉને એને એ માટે સંમતિ આપેલી, એટલું જ નહિ પણ પત્નીના તેના પ્રત્યેનો પક્ષપાત સમજી જઇને બેટરેજને વધુ સુખી કરવાનો તેણે ખાસ પ્રયત્ન કરેલો. પોતાની જાગીરની દેખરેખનું કામ સર જૉને તેને સોંપેલું અને રહેવા માટે સ્વતંત્ર મકાન કાઢી આપેલું. વખત જતાં બેટરેજે સેલીના નામની સ્ત્રી સાથે લગ્ન કરેલું જે એક પુત્રી—પેનેલોપને જન્મ આપીને અવસાન પામેલી. હર્નકૅસલની મોટી પુત્રી એડીલેડ મિ. બ્લેકને પરણેલી, અને ફ્રાન્ક્લિન આ બ્લેક દંપતીનું એકનું એક ફરજંદ હતો. એ કુટુંબ આમ તો સુખી હતું, પણ પોતાના પુરાણા રાજ્યાધિકારો પાછા મેળવવા કોરટકચેરીઓ પાછળ ઘસાઈ ગએલું. ફ્રાન્ક્લિને જર્મની, ફ્રાન્સ અને ઈટલીમાં કેળવણી લીધેલી અને બહુધા એ ઇંગ્લંડ બહાર જ વસતો.

બેટરેજે ફ્રાન્ક્લિનને તેની કિશોરાવસ્થામાં જોએલો, પણ અત્યારે તો તે દાઢીમૂછવાળો પચીસ વરસનો જુવાન બની ગયો હતો. સર જૉન વેરિન્ડર જુલિયાને એક પુત્રી—રાશેલ—ની ભેટ આપીને અવસાન પામ્યા હતા. થોડા જ દિવસ બાદ રાશેલની એકવીસમી જન્મતિથિ આવતી હતી અને એ પ્રસંગે પેલો ચન્દ્રકાન્ત મણિ રાશેલને ભેટ આપવાનું જૉન હર્નકૅસલ પોતાના વસિયતનામામાં લખતો ગએલો હોઇને ફ્રાન્ક્લિન એ મણિ સાથે પોતાની માશીને ત્યાં આવી પહોંચ્યો હતો.

એ બેટરેજ સાથે વાત કરી રહ્યો હતો ત્યાં વેરિન્ડર કુટુંબમાં જ કામ કરતી એક છોકરી રોઝાના ત્યાં આવી પહોંચી. ફ્રાન્ક્લિન સાથે તેની નજર એક થતાં તેના ગાલે શરમના શેરડા પડી ગયા અને કશો શિષ્ટાચાર પ્રદર્શિત કર્યા વિના જ તે ત્યાંથી ચાલી ગઈ. 'બહુ વિચિત્ર છોકરી લાગે છે' ફ્રાન્ક્લિન બોલ્યો. બેટરેજે એને સમજ પાડી કે એ ચોરીના ગુના બદલ સુધારણાશાળામાં હતી અને ત્યાંની મેટ્રનની ખાસ ભલામણથી અહીં નોકરીએ રાખવામાં આવેલી. લેડી વેરિન્ડરને અને તેની પુત્રી રાશેલને એના પ્રત્યે ખૂબ સહાનુભૂતિ હતી.

રોઝાના ત્યાંથી ગયા પછી બંને પાછા મૂળ વાત પર આવ્યા. 'આ મણિના શાપનો કર્નલના મૃત્યુ સાથે જ અંત આવી જતો હોય તો સારું!' ફ્રાન્ક્લિન બોલ્યો.

'આજે મેની ૨૫મી થઈ. જૂનની ૨૧મીએ રાશેલનો જન્મદિવસ છે. જોઇએ, ત્યાં સુધીમાં કંઇ નવાજૂની થાય છે કે નહિ.' બેટરેજે કહ્યું.

'પણ ત્યાં સુધી મણિ મારે ગજવામાં જ ફેરવ્યા કરવો?'

'એવું કોણે કહ્યું? અહીં યૉર્કશાયરમાં તો બૅન્ક નથી, પણ તું એમ કર! બાજુના ફ્રીઝિંગહૉલની બૅન્કમાં તે મૂકી આવ. અહીંથી બહુ દૂર નથી. કહે તો તબેલામાંથી ઘોડો મંગાવી આપું.'

ફ્રાન્ક્લિનને બેટરેજની આ સલાહ યોગ્ય લાગી અને તે ફ્રીઝિંગહૉલ ઊપડી ગયો. એના ગયા પછી પેનેલોપે પોતાના પિતા બેટરેજને વાત કરી કે રોઝાના તો પ્રથમ દૃષ્ટિએ જ ફ્રાન્ક્લિનના પ્રેમમાં પડી હતી. બેટરેજને કોઇએ એકાએક ઠંડા પાણીની છાલક મારી હોય એમ તે ચમકી ઊઠ્યો. એક નોકરડી તેની શેઠાણીને મળવા આવેલા ભદ્ર કુટુંબના શખ્સના પ્રેમમાં પડે એ વાત જ તેને તેની કલ્પનાશક્તિ બહારની લાગી.

ફ્રાન્ક્લિન તેની પાસેનો ચન્દ્રકાન્ત-મણિ ફ્રીઝિંગહૉલની બૅન્કમાં 'એક કીમતી ચીજ' તરીકે અનામત મૂકી તેની રસીદ લેતો આવ્યો. રસ્તામાં જતાં કે આવતાં તેને કોઈ હિંદીઓનો ભેટો થયો નહોતો.

એ રાતે થોડો સમય સંગીતની મિજલસ પછી બધા વિખરાયા. ફ્રાન્ક્લિન પોતાના શયનખંડમાં જતાં પહેલાં રાશેલ વિષે પોતાનો અભિપ્રાય બેટરેજ સમક્ષ ઉચ્ચારતો ગયો, કે એના જેવી મનોહર છોકરી એણે કદી જોઈ નહોતી. સૌથી છેલ્લે બેટરેજ બધાં બારણાં બંધ કરી અગાશીમાં સૂવા ગયો. એને સૂતાં થોડો સમય થયો હશે ત્યાં કશા પગરવથી તે જાગી ઊઠ્યો. જ્યાં શંકા ગએલી ત્યાં પહોંચતાં કશું ન જણાયું, પણ એની શંકા નાબૂદ ન થઇ. એ બંદૂક લઇ નીચે ઊતર્યો, બધે ફરી વળ્યો, પણ કશું ન જણાયું. મકાનની આજુબાજુ તપાસ કરતાં મેશની એક ડબ્બી મળી આવી. હિંદીઓએ રકાબીમાં ચોપડેલી મેશની પેનેલોપે કહેલી વાત તેને યાદ આવી અને અનેક સંકલ્પવિકલ્પો કરતો તે બધાં બારીબારણાં બંધ હોવાની ચોક્કસાઈ કરી પાછો પથારીમાં પડ્યો.

બીજે દિવસે તેણે ફ્રાન્ક્લિનને આ વાત કરી. એણે તો તેને હસી જ કાઢ્યો. એ રાશેલની સાથે રંગના કંઈ અખતરા કરી રહ્યો હતો. એક નવી જાતના રંગ એણે તૈયાર કર્યા હતા અને રાશેલ ને એ એ રંગ વડે બારણાં રંગતાં હતાં. બંને એકબીજામાં એવાં લીન હતાં કે બેટરેજને તો વહેમ પડ્યો કે નજીકના ભવિષ્યમાં બંને ક્યાંક પરણી ન જાય!

પરંતુ ફ્રાન્ક્લિનના આગમન પહેલાં રાશેલનું દિલ ગૉડફ્રે એબલવ્હાઇટ તરફ ઢળેલું હતું એ બેટરેજ જ નહિ પણ રાશેલની માતા સુદ્ધાં જાણતી હતી. જૂનની ૨૫મીએ રાશેલની જન્મતિથિ હોઇ જૂનની ૧૨મીએ તે માટેનાં નિમંત્રણપત્રો મોકલાયાં. ૨૦મીએ ગૉડફ્રે તરફથી નિમંત્રણના સ્વીકારપત્ર સાથે રાશેલ પર એક કીમતી ભેટ આવી પહોંચી. પત્રમાં એણે લખ્યું હતું કે આગલી રાત ફ્રીઝિંગહૉલ મુકામે પોતાના

પિતા સાથે ગાળી જન્મતિથિએ તે યૉર્કશાયર આવી પહોંચશે.

૨૫મીના દિવસે બેટરેજે ફ્રાન્કલિનને પેલા ચન્દ્રકાન્ત મણિની યાદ આપી. ફ્રાન્કલિને પોતાનું ગજવું ઠબકારતાં જણાવ્યું કે બૅન્કમાંથી પોતે એ લઇ આવ્યો છે.

'રસ્તામાં ક્યાં ય હિંદીઓ મળ્યા હતા?' એવા બેટરેજના પ્રશ્નના જવાબમાં તેણે જણાવ્યું, 'તેમનો પડછાયો સુદ્ધાં નહોતો દેખાયો!'

જન્મદિનનો ઉત્સવ ખૂબ આનંદપૂર્વક ઊજવાયો. રાશેલને અનેક ભેટસોગાદો મળી, જેમાં ફ્રાન્કલિન તરફથી મળેલો કર્નલનો ચન્દ્રકાન્ત મણિ પણ હતો. મહેમાનો વીખરાયા પછી લેડી વેરિન્ડરે રાશેલને પૂછ્યું, 'રાશેલ, એ મણિ તું ક્યાં મૂકવાની છે?'

'દીવાનખાનાના પેલા કબાટમાંસ્તો.' રાશેલે જવાબ આપ્યો.

'પણ એની કળ તો તૂટી ગઈ છે.'

'તું ય શું, મા! આ તે ઘર છે કે હોટલ, કે કોઈ વસ્તુ એમ ચોરાઈ જાય?'

બાળક નવું રમકડું કોઇને ન આપે તેમ રાશેલ મણિ તેની માને સાચવવા આપવા તૈયાર ન થઈ. લેડી વેરિન્ડરે, એના સ્વભાવથી વાકેફ હોઇને, વધુ જીદ ન કરી.

પરંતુ સવાર પડતાં તો એ મણિ કબાટના ખાનામાંથી ગુમ થઈ ગએલો જણાયો: આખા ઘરમાં હોહા મચી ગઈ. આ હોહાથી ફ્રાન્ક-લિન અને ગૉડફ્રે પણ પોતપોતાના શયનખંડમાંથી દોડી આવ્યા.

'મને લાગે કે આ કેસ પોલીસને સોંપ્યા વિના છૂટકો નથી.' લેડી વેરિન્ડરે કહ્યું. 'અને પોલીસે સૌથી પહેલું કામ પેલા ત્રણ હિંદીઓને હાથ કરવાનું છે.' ફ્રાન્કલિન બોલ્યો.

લેડી વેરિન્ડર અને ગૉડફ્રે ફ્રાન્કલિનની વાતમાં કંઈ જ ન સમજ્યાં. એમને એ સમજાવવા જેટલો વખત ન હોઈ ફ્રાન્કલિન તરત ઘોડા પર બેસી પોલીસને બોલાવવા ફ્રીઝિંગ હૉલ ઊપડી ગયો. તેણે એવી સંભવિતતા જણાવી હતી કે રાતે મહેમાનો વિખેરાતી વખતની ધમાલમાં પેલા હિંદીઓમાંનો કોઈ અંદર ઘૂસીને એકાદ સોફા નીચે સંતાઇ રહ્યો હશે અને બધાના સૂઈ ગયા પછી મણિ પર હાથ મારી છટકી નીકળ્યો હશે. પરંતુ બેટરેજે જણાવેલું કે સવારના ઊઠતી વખતે બારીબારણાં તમામ બંધ હતાં. વળી માણસો ઊંઘતાં હતાં, પણ કૂતરાં તો જાગતાં હતાં ને? રાતે બેટરેજ બધાં કૂતરાંને છૂટાં કરતો અને સવારે પાછો તેમને સાંકળો બાંધી દેતો.

ફ્રાન્કલિને પાછા આવીને ફ્રીઝિંગ હૉલથી સુપરિન્ટેન્ડેન્ટ સીગ્રેવ આ કેસની તપાસ માટે આવતો હોવાનું જણાવ્યું. સાથોસાથ એણે પોતાનો એ અભિપ્રાય પણ વ્યક્ત કર્યો કે 'કેસ હોપલેસ છે.'

'તે કેમ?' લેડી વેરિન્ડરે પ્રશ્ન કર્યો.

'હિંદીઓ છટકી ગયા?' બેટરેજે પણ પ્રશ્ન કર્યો.

'ના રે ના! એ બીચારાઓને નકામા પજવ્યા.' ફ્રાન્કલિને ખુલાસો કર્યો. 'ફ્રીઝિંગ હૉલની પોલીસની તપાસમાં તેઓ ગઈ આખી રાત ફ્રીઝિંગ હૉલ મુકામે જ હોવાનું જણાયું છે. એ ઊતરેલા છે એ વીશીની મધરાતે બીજા કોઈ સબબે પોલીસે તપાસ કરેલી ત્યારે પણ તેઓ ત્યાં જ હતા. એમને આ કિસ્સામાં સંડોવવા એ ઉચિત નથી.'

એટલી વારમાં તો સુપરિન્ટેન્ડેન્ટ સીગ્રેવ આવી પહોંચ્યો.

મણિ છેલ્લે રાશેલ પાસે હતો એટલે સુપરિન્ટેન્ડેન્ટ સીગ્રેવે પ્રથમ તેને જ પૂછી જોવાનું ઉચિત માન્યું. પરંતુ રાશેલ તો 'મેં તમને બોલાવ્યા નથી, જેમણે બોલાવ્યા હોય તેમને પૂછો' એવો ઉદ્ધત જવાબ આપી ત્યાંથી ચાલી ગઈ. ત્યારબાદ સીગ્રેવે ઘરના દરેક નોકરની અને તેમની સૌંવાની ઓરડીઓની જડતી લેવાનો પ્રસ્તાવ મૂક્યો, પરંતુ લેડી વેરિન્ડરને પોતાના નોકરવર્ગની પ્રામાણિકતા પર આવી જાતની શંકા ન



૧૯૫૩નો કુમારચન્દ્રક

શ્રી અશોક હર્ષને

તેમના માહિતી-સમૃદ્ધ અને સુલિખિત

ચરિત્રલેખો માટે

આપવાનું નિર્ણાયક સમિતિએ ઠરાવ્યું છે એ જાહેર કરતાં અમને આનંદ થાય છે.

શ્રી અશોક હર્ષને અમે અભિનંદન આપીએ છીએ અને સમિતિના સભ્યો પ્રા. રામનારાયણ પાઠક · પ્રા. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી · પ્રા. અનંતરાય રાવળ એમનો આભાર માનીએ છીએ.

પાછલાં વર્ષોના કુમાર-ચન્દ્રક-ધારકો



ડૉ. હરિપ્રસાદ (૧૯૪૪) પુષ્કર ચંદરવાકર('૪૫) યશોધર મહેતા('૪૬)



રાજેન્દ્ર શાહ (૧૯૪૭) બાલમુકુંદ દવે (૧૯૪૮) નિરંજન ભગત (૧૯૪૯)



વાસુદેવ ભટ્ટ (૧૯૫૦) બકુલ ત્રિપાઠી ('૫૧) શિવકુમાર જોષી('૫૨)

રુચી અને તેણે એ માટે અનુમતિ ન આપી. એટલામાં ફ્રાન્કલિનના પિતાનો પત્ર આવ્યો, જેમાં તેણે લખેલું કે મણિની ચોરીના કિસ્સા સંબંધે તપાસ કરવા તે સાર્જન્ટ કફને મોકલી આપે છે. સાર્જન્ટ કફનું નામ વાંચી ફ્રાન્કલિન બોલ્યો, 'એના વિષે મેં જે કંઈ સાંભળ્યું છે તેનું અરધું યે સાચું હોય તો આ રહસ્યનો ઉકેલ હાથવેંતમાં છે.'

બીજે જ દિવસે સાર્જન્ટ કફ આવી પહોંચ્યા. એણે પેલા કબાટનું ખાનું તથા બીજું જે કંઈ તપાસવા જોગ લાગ્યું તે તપાસી જોયું. વચ્ચે વચ્ચે એ સુપરિન્ટેન્ડેન્ટ સીગ્રેવને તેમજ બેટરેજને પ્રશ્નો કર્યે જતો, જેનો મર્મ એ બેમાંથી કોઇને પણ કળવો મુશ્કેલ (અનુ. પૃ. ૩૨મે)

૧૯૫૩

વીત્યા વર્ષની વ્યક્તિવિશેષ

લેખક અને આલેખક: **જયંતીલાલ પટેલ**

૧૯૫૩નું વર્ષ વીત્યું, એમાં આપણા ઉપર–દુનિયા ઉપર શું વીત્યું તેનો વિચાર કરીએ... અરે, વાચક! એમાં દિલગીર શા માટે થવું? દુઃખમાં રોવું એ તો હવે બહુ જૂનું થઈ ગયું. હવે જમાનો હસવાનો છે, અને બાજો પણ બંનેમાં સરખા જ રહે છે. તો પછી હસવું નહિ શા માટે?

આપણા વિદ્વાન વડવાઓ કહી ગયા છે કે 'રાજા કાલસ્ય કારણમ્.' આ લોકશાહીના જમાનામાં રાજાને બદલે રાજકર્તા આવ્યા છે એટલું જ. એ બધા આ ૧૯૫૩ના કાળનું કેવું કારણ બન્યા તે આપણે જોઇએ. કહે છે કે આપણે બધા સુખને માર્ગે સંચરી રહ્યા છીએ. લોકલ બોર્ડની ચૂંટણીથી માંડીને યૂનો સુધી 'માણસને સુખી કરવાનું કાર્ય' નિરંતર ચાલી રહ્યું છે. આકાશમાં ઍટમ બૉમ્બ તપે છે ને એની શીતળ છાયામાં આપણે વસીએ છીએ. અરે, અરે, વાચક! તું તો ફરી દિલગીર થવા લાગ્યો! એમ દિલગીર ન થા. પગારની પાછળ જેમ મોંઘવારી આવે છે, તેમ દુઃખની પાછળ સુખ જરૂર આવશે. જો! આ સામે કોણ આવે છે? તારાં આંસુ જોઈ એનું દિલ કંપે છે. એ કોણ છે? એ છે એક કબૂતર... શાંતિ પરિષદના માર્ગે જતું ધોળું કબૂતર ચાલો આપણે તેની પાછળ પાછળ જઇએ......




←આ કોણ હશે? કહો જોઇએ. નથી એ જ્વાળામુખી કે નથી ઍટમ બૉમ્બ! ત્યારે?



અરે ઓળખ્યા! એ તો છે એથી યે વધુ: બ્રિટનના વડા પ્રધાન સર ચર્ચિલ.→







← ડાબી બાજુ: 'કોરિયાનો નબળો કસોટી-વ્યૂહ'. જેની બધી જ ચાવીઓ 'આડી' છે. દ૦ કોરિયાનો સિંગમાન રી. (મથાળે) એ સૂર્ય બ્રિટનના મજૂર પક્ષમાં અર્નેસ્ટ બીવાનના નામથી ઓળખાય છે. હજુ તો એ ક્ષિતિજ પર છે ત્યારથી એના તાપ પરખાવા લાગ્યા છે.



← ડાબી બાજુ: નમાજ પડતાં મસીદ કોટે વળગી! આ વારસાનું હવે શું કરવું?... ગયા વર્ષના જાન્યુઆરીની ૩૦મી તારીખે જનરલ ડ્વાઈટ આઈઝનહોવર અમેરિકાના પ્રમુખપદે ચૂંટાઈ આવ્યા.

(જમણી બાજુ) 'બામિયા વિના મારે ભમવા'તા ડુંગરા; જંગલની કુંજકુંજ...' એમને વિષે વધુ કાંઈ કહેવાની જરૂર છે!



↓ નીચે છે ચીનના જૂના નેતા ચ્યાંગ-કાઈ-શેક. પેલી કહેવત છે ને, 'હું કરું, હું કરું, એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જ્યમ શ્વાન તાણે.' એમ હજી એ ટંગડી ઊંચી રાખે છે, પણ વસ્તુતઃ એ આઈઝનહોવરની રિક્ષા જ ખેંચે છે.









મથાળે પહેલો: 'મૂછવાદ'. સામ્યવાદની વાત જો જાણતા હશો તો સ્ટાલિનનું નામ જાણતા હશો. ૧૯૫૩ના માર્ચની છઠ્ઠી તારીખે સ્ટાલિનના મૃત્યુ બાદ જ્યૉર્જી મૅક્સિમ માલેન્કૉવે તેનું સ્થાન લીધું છે. અને (વચ્ચે) ચીનમાં સામ્યવાદના પહેલા પ્રમુખ તરીકે ચૂંટાઈ આવનાર માઓ-ત્સે તુંગ છે. ચીનની વિશિષ્ટ સંસ્કૃતિનું પ્રતીક ત્યાંનાં કલાત્મક માટીનાં વાસણો છે, તેથી તેમની રજૂઆત પણ એવાં વાસણો દ્વારા કરી છે, કેમકે તેમને 'ફોડનારા' બીજા છે. અને છેલ્લે ઇજિપ્તની સંસ્કૃતિના પ્રાચીન અવશેષોમાંથી ગયા વર્ષે આ ટુકડો જડી આવ્યો. જેમાં ત્યાંના 'મમી' જેવા રાજા ફરુકને હાંકી કાઢીને સ્થાપેલી લોકશાહીના વડા પ્રધાન બનનાર જનરલ નજીબની કથા પુરાણા શિલાલેખની ઢબે ઉતારી છે.







બસ આટલી જ ઊંચાઈ? ઓગણચાળીસ માળની 'યૂનો'ની ઈમારત ઉપર બેસનાર, 'યૂનો'ની જનરલ એસેમ્બ્લીના પ્રમુખ ચૂંટાઈ આવનાર ભારતનાં વિજયાલક્ષ્મી પંડિત એ સ્થાને બેસનાર પ્રથમ સ્ત્રી છે. (વચ્ચે) આ ડાર્વિન નથી; પણ માણસ વાંદરામાંથી ઊતરી આવ્યો હોવાના ડાર્વિનના સિદ્ધાંતને પુરવાર કરતા આફ્રિકામાં 'ધોળા' અને 'કાળા'ના જુદાજુદા કાયદા કરીને માણસજાતનું 'કાળુંધોળું' કરનાર ડૉ. મલાન છે. (છેલ્લે) 'શેખચલ્લી'નું મૂળ નામ શું? ખબર નથી; પણ ગયે વરસે તેનું નામ ડૉ. મુસાદિક હતું. પોતાના દેશનું 'તેલ' લઈ જતાં જતાં 'ઘડો ફૂટી ગયો.' અને એ વેળા, કોઈએ ભલે નહિ સાંભળ્યું હોય, પણ એ પોતે તો મનમાં બોલ્યા જ હશે કે 'તેરા તો તેલ ગયા, લેકિન મેરા તો ખેલ ગયા.'



ઓહોહો! વાત કરતાંકરતાં આપણે તો ઠેઠ શાંતિપરિષદ સુધી આવી પહોંચ્યા! ←(ડાબી બાજુ) જુઓ. આ તમારી શાંતિ પરિષદ! એ કૈંક ઠરાવ કરે છે.

અને આખરે તો... ઍટમ બૉમ્બના આ યુગના ત્રાસથી નાસતા ફરતા શાંતિના કબૂતરનું એકમાત્ર સલામત સ્થાન તો 'સામાન્ય માનવી' જ છે. હજારો વર્ષથી ચાલ્યો આવતો એ 'સામાન્ય માનવી' જ દુનિયાના વર્ષોત્સવના સાચો વ્યક્તિવિશેષ છે



ભારતના યશસ્વી ઉપનિષદ્‌કાળનાં નરનારીઓનાં નક્ષત્રવૃંદમાં પ્રકાશી ગએલી અતિ તેજસ્વી તારિકા

ગાર્ગી



ભારતના યશસ્વી ઉપનિષત્કાલના ઇતિહાસમાં થઈ ગયેલાં નરનારીઓના નક્ષત્રવૃંદમાં, ગાર્ગી અતિ તેજસ્વી તારિકા છે. તેનો ઉલ્લેખ બહુ અલ્પ–એક જ પ્રસંગનો જોવા મળે છે. પણ તે એક પ્રસંગમાં તેની પ્રખર મેધા–બુદ્ધિનો પ્રકાશ આજ આટલા યુગો વીંધીને પણ વર્તમાનમાં આપણા સુધી પહોંચે છે.

પૂર્વકાલમાં, બ્રહ્મજ્ઞાન અર્થાત્ ઈશ્વરજ્ઞાનની સાધના માટે સ્ત્રીઓ અને શૂદ્રોને સરખાં અનધિકારી–અપાત્ર ઠરાવેલાં; પણ સમાજની કંઈક અનવસ્થા સૂચવતો એ નિયમ તો છેક પાછળથી પ્રવેશેલો. એ પહેલાં તો, સ્ત્રી પણ પુરુષના જેટલી જ બ્રહ્મજ્ઞાનની અધિકારિણી લેખાતી. ગાર્ગીએ તો પ્રસિદ્ધ યાજ્ઞવલ્કય જેવા મહાજ્ઞાની અને બ્રહ્મવેત્તા ઋષિ સાથે બ્રહ્મતત્ત્વ વિષે વિવાદ કરવાની હામ ભીડેલી, એવી તે વિદ્વાન હતી. તે પ્રસંગ બૃહદારણ્યક ઉપનિષદ્‌ના મધુકાંડ વિભાગમાં આપેલો છે. આપણે તે આખો પ્રસંગ સવિસ્તર જોઈએ.

ગાર્ગી વચક્નુ ઋષિની પુત્રી હતી માટે તે ગાર્ગી વાચક્નવી નામે ઓળખાઈ છે. તે પરણી હતી કે નહિ તે સંબંધી કશી માહિતી મળતી નથી. પણ તે પરમ બ્રહ્મનિષ્ઠ અને પૃથ્વી પર પરમહંસની પેઠે ફરતી હતી. એકવાર વિદેહ દેશના જનકકુલના રાજા નામે દૈવરાતિ જનકે યજ્ઞ કર્યો. તે પ્રસંગે તેણે કુરૂપાંચાલ દેશના બ્રાહ્મણોને નોતર્યા ત્યારે એકત્ર થએલા બ્રાહ્મણોને જોતાં એ રાજાને વિચાર થયો કે આમાંથી ખરો બ્રહ્મનિષ્ઠ કોણ? તે જાણવાની ઉત્કંઠાથી તેણે હજાર ગાયોને આણી વાડામાં પૂરી અને પ્રત્યેક ગાયનાં શીંગડાં ઉપર દસદસ સુવર્ણ-મહોરો બાંધી. પછી તેણે જાહેર કર્યું કે 'હે પૂજયોગ્ય બ્રાહ્મણો! તમારા મધ્યે જે બ્રહ્મનિષ્ઠ હોય તે આ ગાયો પોતાના ઘર પ્રતિ લઈ જાઓ.'

હાજર થયેલા બ્રાહ્મણોમાંથી કોની મજાલ હોય કે તે ગાયોને હાંકી જાય? એ પ્રસંગે યાજ્ઞવલ્કય નામે તેજસ્વી વિદ્વાન બ્રાહ્મણ હાજર હતા. તે જ નામના યાજ્ઞવલ્કય ઋષિના તે પુત્ર અને પ્રસિદ્ધ વૈશંપાયન ઋષિના તે ભાણેજ તથા શિષ્ય હતા. તેણે પોતાના શિષ્યને કહ્યું, 'હે પ્રિયદર્શન સામશ્રવા! આ ગાયો આપણા ઘર પ્રતિ હાંકી જા.' શિષ્યે આજ્ઞાનું પાલન કર્યું તે જોઈને યજ્ઞમાં આવેલા ઇતર બ્રાહ્મણો ક્રોધિત થયા. ત્યારે જનક રાજાના યજ્ઞના હોતા, નામે અશ્વલે યાજ્ઞવલ્કયને પૂછ્યું, 'હે યાજ્ઞવલ્કય! તમે જ કેવી રીતે અમારા મધ્યે બ્રહ્મનિષ્ઠ છો?'

યાજ્ઞવલ્કય બોલ્યા, 'અમે બ્રહ્મનિષ્ઠને નમસ્કાર કરીએ છીએ. અમે ગાયોની કામનાવાળા છીએ. તેથી ગાયોનું ગ્રહણ કર્યું છે.' પછી અશ્વલથી માંડી અનેક વિદ્વાન ઋષિઓએ બ્રહ્મસ્વરૂપ વિષે યાજ્ઞવલ્કયને પૃચ્છા કરી અને તે પરમ નિપુણે તેના ઘટતા ઉત્તરો દીધા. અશ્વલ, આર્તભાગ, ભુજ્યુ, ઉષસ્ત, કહોલ, શાકલ્ય વગેરે વિદ્વાનોની સંગે ગાર્ગી વાચક્નવીએ પણ પ્રશ્નો પૂછ્યા. તે બોલી, 'હે યાજ્ઞવલ્કય! વિશ્વમાં જે કંઈ છે તે બધું પાણીમાં ઓતપ્રોત છે; એટલે કે પાણીમાં તાણાવાણાની પેઠે તે વણાઈ ગયું હોય, તો પછી પાણી તાણાવાણાની પેઠે શામાં વણાઈ ગયેલું છે?'

યાજ્ઞવલ્કય કહે, 'વાયુમાં, હે ગાર્ગી.' આમ પાણીનું મૂળ વાયુમાં, વાયુનું અંતરીક્ષમાં, અંતરીક્ષનું ગંધર્વમાં, ગંધર્વનું સૂર્યલોકમાં, તેનું ચન્દ્રલોકમાં, તેનું નક્ષત્રલોકમાં, તેનું દેવલોકમાં, ત્યાંથી ઈન્દ્રલોકમાં ત્યાંથી પ્રજાપતિલોકમાં અને ત્યાંથી જતાં છેક બ્રહ્મલોકમાં—આમ જગતરચનાનું યાજ્ઞવલ્કય દ્વારા ક્રમેક્રમે પગેરું શોધી કાઢવા મથતી આ વિદુષી, છેવટે એમ પૂછે છે કે, 'બ્રહ્મલોક શામાં ઓતપ્રોત છે?'

અને યાજ્ઞવલ્કયે તેનો શો જવાબ આપ્યો, માલૂમ છે? 'હે ગાર્ગી! અતિપ્રશ્ન ન કર. આગમ વડે પૂછવા યોગ્ય દેવતાને અનુમાન ન પૂછ. અતિપ્રશ્ન કરનારી, તારું માથું ન પડે. અનતિપ્રશ્ન્યા (કેવલ આગમગમ્યા) દેવતાને જ તું અતિપ્રશ્ન વડે પૂછે છે; માટે હે ગાર્ગી! જો તું મરવાને ઇચ્છતી ન હો તો અતિપ્રશ્ન ન કર—**માઽતિપ્રાક્ષીઃ**'

ગાર્ગી શાંત થઈ ગઈ. 'તારું માથું ન પડે.' એવા ચેતવણીના શબ્દોને હેત અને વિનય વડે મઢીને યાજ્ઞવલ્કય જેવા તેજસ્વી બુદ્ધિમાને ગાર્ગીને પ્રશ્ન પૂછતાં વારી. યાજ્ઞવલ્કયનું જ્ઞાન, તેને કઠોર બનાવી સ્ત્રી-સમ્માન કરતાં રોકતું નથી તે આ પ્રસંગે જણાય છે. તેમજ, યાજ્ઞવલ્કય જ્યારે પોતાની વિદુષી નિઃસ્પૃહ પત્ની મૈત્રેયીને પ્રેમના સુકુમારપણાથી બ્રહ્મસ્વરૂપનું આકલન કરાવે છે, ત્યાં પણ એ જ્ઞાનીનું સ્ત્રીમાન પ્રત્યક્ષ થાય છે. તે પ્રસંગ, બૃહદારણ્યકનું ઉત્તમાંગ કહી શકાય એવો છે. પણ આપણે તો અહીં ગાર્ગી સંબંધે જ આગળ ચાલીશું.

આમ ગાર્ગી શાંત થઈ. તે પછી, અરુણના પુત્ર ઉદ્દાલકે પ્રશ્નો પૂછ્યા. યાજ્ઞવલ્કયે તેના ચિત્તનું સમાધાન કર્યું. વળી વચક્નુ ઋષિની વિદુષી પુત્રીએ બીજી વાર તેને પ્રશ્નો પૂછવારૂપે ભૂમિકા બાંધી. અને સભા મધ્યેના બ્રાહ્મણોને ઉદ્દેશીને અનુમતિ માગતાં તેણે કહ્યું, 'હે ઐશ્વર્યવાન બ્રાહ્મણો, સાંભળો. જો તમારી અનુમતિ હોય તો હું આ યાજ્ઞવલ્કયને પુનઃ બે પ્રશ્નો પૂછવાને ઇચ્છું છું. જો તે બે પ્રશ્નોનું ઉત્તર મને કહેશે તો તમારા મધ્યે કોઈ પણ આ યાજ્ઞવલ્કયને કદી પણ બ્રહ્મવાદમાં જીતનાર નહિ જ થાય.' પછી તેણે યાજ્ઞવલ્કયની સંમતિ માગી: 'હે યાજ્ઞવલ્કય! હું તમને બે પ્રશ્નો પૂછવા ઇચ્છું છું. જેમ શૂરનો પુત્ર કાશીરાજ વા વિદેહરાજ ઉતારેલી દોરીવાળા ધનુષને ફરી પણછ ચડાવી શત્રુને અત્યંત પીડા કરનારાં બે બાણ હાથમાં લઈને શત્રુની સમીપ સ્થિત થાય એમ હું આ બે પ્રશ્નો સહિત તમારા સમીપ સ્થિત થઈ છું. તમે જો બ્રહ્મવેત્તા હો તો તે બે પ્રશ્નોનું ઉત્તર મને કહો.' અને તે મહામના મુનિએ કહ્યું, 'હે ગાર્ગી! પૂછ.'

ગાર્ગી કટિબદ્ધ થઇ. તેણે પહેલો પ્રશ્ન પૂછ્યો. તો યાજ્ઞવલ્કયે તેન

ઉત્તરરૂપે પરમાત્મતત્ત્વની સ્થળ ને કાલ પરત્વેની સર્વવ્યાપકતાનું નિરૂપણ કર્યું. પ્રસન્ન થતી ગાર્ગી બોલી : "હે યાજ્ઞવલ્ક્ય ! તમે જે મારા આ પ્રશ્નનું વિસ્પષ્ટ ઉત્તર આપતા હવા, તે તમને નમસ્કાર હો. હવે દ્વિતીય પ્રશ્ન માટે પોતાને દૃઢ કરો. અને વળી પાછો, બ્રહ્મજિજ્ઞાસુ ગાર્ગીએ બ્રહ્મના અસ્તિત્વ વિષે પ્રશ્ન પૂછ્યો. ત્યારે અદ્‌ભુત રસવાળા એવા ભવ્ય વર્ણનનો આશ્રય લઇ યાજ્ઞવલ્ક્યે આર્ષ રીતિએ બ્રહ્મનો મહિમા વર્ણવવા માંડ્યો. આપણે તે મૂળ ઉપનિષદના શબ્દોમાં જ જોઇએ :

યાજ્ઞવલ્ક્ય બોલ્યા : 'હે ગાર્ગી ! અંતર્યામી રૂપ તે આ પ્રસિદ્ધ અક્ષરને–અવિનાશીને–શુદ્ધ બ્રહ્મને બ્રહ્મવેત્તાઓ આવી રીતે કહે છે : 'તે સ્થૂલ નથી, અણુ નથી, હ્રસ્વ નથી, દીર્ઘ નથી; અગ્નિ જેવું રાતું નથી, પ્રવાહી નથી, છાયાવાળું નથી, અંધારાવાળું નથી; તે વાયુ નથી, આકાશ નથી; સંગરહિત, રસરહિત, ગંધરહિત, ચક્ષુરહિત, શ્રોત્રરહિત, વાણીરહિત, મનરહિત, તેજરહિત, પ્રાણરહિત, મુખરહિત, પ્રમાણરહિત, છિદ્રરહિત ને અવિચ્છિન્ન છે. તે અક્ષર, કશાને ભોગવતું નથી, કશું તેને ભોગવતું નથી.' વળી યાજ્ઞવલ્ક્ય આગળ કહે છે :

'હે ગાર્ગી ! આ અક્ષરની આજ્ઞામાં સૂર્ય તથા ચન્દ્રમા ધારણ કરી રાખેલાં સ્થિર રહે છે. આ અક્ષરની આજ્ઞામાં આકાશ અને પૃથ્વી ધારણ કરી રાખેલાં સ્થિર રહે છે. આ અક્ષરની આજ્ઞામાં, હે ગાર્ગી, નિમેષો, મુહૂર્તો, દિવસરાત્રીઓ, અર્ધમાસો, માસો, ઋતુઓ, સંવત્સરો, એ પણ ધારણ કરી રાખેલાં સ્થિર રહે છે. વળી આ અક્ષરની આજ્ઞામાં, હે ગાર્ગી, પૂર્વગામિની અને બીજી નદીઓ શ્વેત પર્વતોમાંથી વહે છે, અને પશ્ચિમગામિની નદીઓ તથા બીજી પણ પોતપોતાની દિશાએ વહે છે. વળી આ અક્ષરની આજ્ઞામાં, હે ગાર્ગી, મનુષ્યો દાન દેનાર યજમાનની પ્રશંસા કરે છે, દેવો દર્વીની પ્રશંસા કરે છે, અને પિતૃઓ પિતૃયજ્ઞની...... હે ગાર્ગી ! જે કોઈ પુરુષ આ અક્ષરને નહિ જાણીને આ લોકમાં ઘણાં સહસ્ર વર્ષો પર્યંત હોમ કરે છે, પૂજન કરે છે, તપ કરે છે, તોપણ આનું તે ફળ અંતવાળું જ થાય છે. હે ગાર્ગી, જે કોઈ પુરુષ આ અક્ષરને નહિ જાણીને આ લોકથી મૃત્યુ પામે છે તે કૃપણ છે. અને હે ગાર્ગી, જે કોઇ પુરુષ આ અક્ષરને જાણીને આ લોકથી મૃત્યુ પામે છે, તે બ્રાહ્મણ છે.... વળી, હે ગાર્ગી, આ અક્ષર અદૃષ્ટ છતાં દ્રષ્ટા છે, અશ્રુત છતાં શ્રોતા છે, અમત છતાં મંતા છે, અવિજ્ઞાત છતાં વિજ્ઞાતા છે. આનાથી ભિન્ન કોઈ દ્રષ્ટા નથી, આનાથી ભિન્ન શ્રોતા નથી, આનાથી ભિન્ન મંતા નથી, આનાથી ભિન્ન વિજ્ઞાતા નથી. હે ગાર્ગી ! આ અક્ષરમાં આકાશ ઓતપ્રોત છે.'

આ પ્રમાણે તે બ્રહ્મવેત્તાથી વર્ણવાયેલા બ્રહ્મથી જ જાણે પ્રભાવિત ન બની હોય તેમ, ગાર્ગી સભા મધ્યેના બ્રાહ્મણોને અંતે કહે છે : 'હે બ્રાહ્મણો, જો આમને નમસ્કાર કરીને આપ મુક્ત થાઓ તો તે જ ઘણું માનો. આ બ્રહ્મવેત્તાનો તમે કદી પરાજય કરી શકવાના નથી.' અને એમ કહી ગાર્ગી વાચંયમી બેસી જાય છે.

તે પછી વિદગ્ધ એવો શાકલ્ય યાજ્ઞવલ્ક્યને પૂછવા માંડે છે. સામે યાજ્ઞવલ્ક્ય શાકલ્યને પૂછે છે, અને શાકલ્ય તેના ઉત્તર દેવામાં અશક્તિમાન બનતાં તેનું માથું પડી જાય છે. 'તારું માથું ન પડે'ની જે ચેતવણી ગાર્ગીને મળેલી, તે પ્રસંગને અહીં સરખાવવા જેવો છે. એ દૃષ્ટિએ શાકલ્ય સાથે સરખાવતાં ગાર્ગીનું અધિકારીપણું નિશ્ચિતપણે સ્થાપિત થતું જણાય છે. અને ગાર્ગી તો એક નહિ પણ બબ્બે વાર પ્રશ્ન પૂછવાનો અધિકાર મેળવે છે, તે જ તેની શક્તિ પુરવાર કરે છે.

'માથું ન પડે'નો અહીં શો અર્થ સમજવો ? અહીં તેનો વાચિક અર્થ તો કેવળ ચમત્કાર દર્શાવવા પૂરતો જ છે. પણ તેનો ધ્વનિ જોઇશું તો, બ્રહ્મની કેવળ બુદ્ધિગમ્ય તત્ત્વાલોચના ચિત્તને કેટલી વિકટ છે, એવો ભાવ જણાય છે. ગમે તે હો. આ પ્રસંગનો સાર એટલો જ કે, જેની સાથેના વિવાદમાં વિદગ્ધ શાકલ્ય જેવાનો પણ પરાભવ થયો તે યાજ્ઞવલ્ક્ય સાથે ગાર્ગી બબ્બેવાર વાદ કરતાં ફાવી. તેના જ્ઞાનનું અધિકારીપણું નિર્વિવાદ છે.

ગાર્ગીના જીવન વિષે આથી વિશેષ માહિતી મળતી નથી. તે બધી કાળના દરિયાવમાં ગરકાવ થઈ ગઈ છે. અને અલ્પ છતાં, તેના ચારિત્ર્યની દ્યોતક એવી ઉત્તમ હકીકતવાળો આ પ્રસંગ ઉપર્યુક્ત ઉપનિષદમાં ઇષ્ટપણે સચવાઈ રહ્યો છે. એ પરથી ઉપનિષત્કાળમાં ભારતની જ્ઞાનોપાસના કેટલી ઉત્કૃષ્ટ હશે, તેનું જ્વલંત ઉદાહરણ આ પ્રતિભાશાળી અને પ્રભાવશાળી સ્ત્રી વડે જાણવા મળે છે.

પુરાણકાળની વિદુષી નારીઓને અવલોકો : ખુદ યાજ્ઞવલ્ક્યની પરિણીતા પત્ની જિજ્ઞાસુ મૈત્રેયી જુઓ; કે યોગ્ય પતિ ન સાંપડતાં સંન્યાસિની બનેલી અને જનક સાથે સંવાદ કરતી એકાકિની સુલભા જુઓ; પણ તે સર્વમાં ધારદાર તેજથી વિશેષ પ્રકાશી ઊઠતી તો મેધાવિની ગાર્ગી જ છે. પરમહંસ સમી, હંસવાહિની શુભ્રોજ્જ્વલ તેજવાળી કુમારિકા દેવી સરસ્વતી સમી, જનકના દરબારમાં, સર્વ ઋષિમુનિઓ મધ્યે તે કેવી વિરાજમાન છે!

હીરા મહેતા

[મુંબઇ આકાશવાણી પરથી વાર્તાલાપ : ઑ. ઈ. રેડિયોના સૌજન્યે]

મોતનો મિનાર (અનુસંધાન પૃષ્ટ ૧૩થી ચાલુ)

આસમાને ચડેલા જીવ સાથે બેઠેલા પેલા બાપનું હૈયું ય બોલતું હતું : 'બસ ભાઈ, બસ કર!' પણ એમ બસ કર્યે કેમ પાલવે ? એમ મૃત્યુથી ડરતાં ક્યાં નભી શકાય એમ હતું ?

આખરે ખેલ પૂરો થયો અને ઝવર નીચે ઊતર્યો; ને પછી નટોએ જમીન ઉપર એક ફાટેલું વસ્ત્ર પાથર્યું. પણ એ પહેલાં તો જાણે પ્રેક્ષકોમાં એક પ્રકારનું વ્યવસ્થિત ભંગાણ શરૂ થયું.

જે લાચાર હતા એ ખિન્ન ચહેરે ચાલ્યા ગયા. એમનાં દિલમાં કપટ નહોતું. અને કેટલાક જે ફિલ્મી શો અને નટના ખેલનો ભેદ સારી પેઠે સમજતા હતા એમણે એમનાં બેફિકર આંગળાંમાંથી પૈસો, ઢબુ, આનો,—ખિસ્સામાંથી જે હાથમાં આવ્યું તે ફેંક્યું.

કોઈ બાળકના કુમળા હાથએ વસ્ત્ર ઉપર થોડા દાણા પણ વેરી જતા. આખરે વસ્ત્રમાં ત્રણેક રૂપિયા જેવી રકમ ને પંદર શેરેક દાણા આવ્યા !

પંદર શેર દાણા તો એ નટમંડળનો એક દિવસનો ખોરાક હતા. અને બાકી રહેલા ત્રણ રૂપિયામાંથી જે કંઈ બચે એમાંથી એમનાં દૂર પડેલાં કુટુંબો માટે રાખવાનું હતું !

'મોતના મિનારા' ઉપરથી હમણાં જ ઊતરેલા પેલા લોખંડી અવયવવાળા ઝવરને પોતાની અને પોતાના ભાઇઓની મહેનતનો બદલો જોઈ નિરાશા ઊપજી. એ હતાશ થઇને બેઠો. એની રમત કરતાં આ જગતની રમત કંઈક જુદી ને કાતિલ હતી ! મોતના મહેલે જઈ આવવા બદલ એને પંદર શેર દાણા અને ત્રણ રૂપિયા મળતા હતા !

વૃદ્ધ બાપ સમજુ હતો. એણે પોતાના હૈયાની વેદના અંદર શમાવી અને મક્કમ પગલે એ ઝવરની પાસે આવ્યો. એક ક્ષણ વિચિત્ર ચહેરે એણે એની સામે જોયું અને પછી એક ચાબુક ફટકારતો હોય એમ એ બોલ્યો : 'ઊઠ ! કૂતરા, ઊઠ ! ! આમ કાયા ઘસી નાખીશ તો જો આ પાછળનાંને શું ખવડાવીશ ?'

અને પછી અવાજ વધારે ધીરો અને ગંભીર કરીને એણે ઉમેર્યું : 'આ શાહુકારોની મહેરબાની ઉપર જીવવાનું છે આપણે. એમના માટે દુવાઓના બે શબ બોલ!'

મોહનલાલ પટેલ

મોતનો મિનાર જ્યાં જઈ આવ્યા પછી દુનિયાનું જે દર્શન થયું



એક કલાક સુધી એમણે જાતજાતના અંગકસરતના પ્રયોગો તથા બીજા કેટલાક ખેલ બતાવ્યા.

ચાર જણા મલ્લકુસ્તીમાં પાવરધા હતા. બે જણા દોરડા ઉપર ચાલવાના ઉસ્તાદ હતા. થાળી-માં માથું રાખી એક જણે ખૂબ ચપળતાપૂર્વક દોરડા પર સરકી બતાવી લોકોને મુગ્ધ કરી નાખ્યા.

બે કિશોરોએ વાંસડાની ટોચ ઉપર જીવનમરણના ખેલ બતાવી હદ કરી નાખી. વાંસડાની ટોચ ઉપર બાંધેલા દોરડાના નાકામાં એક પગ ભરાવી અને બીજો પગ વાંસડા ઉપર ટકવીને કૂદકી કરતા કિશોરને કેટલાક લોકો ફાટી આંખે જોઈ રહ્યા. અને બીજા એક કિશોરને વાંસડાની ટોચ ઉપર કમાનના આકારે લટકતો સુવાડીને ખૂબ ઘુમાવવામાં આવ્યો. ખૂબ વેગથી ફરી રહેલું એનું શરીર એક નાનકડા ઘુંમટ જેવું બની રહેલું દેખાતું હતું.

એ જગ્યાએ માનવમેદની ચિકાર હતી. વચ્ચે અર્ધા ફાટેલાં કપડાંમાં આ નટો કોઈ પણ જાત-ની શરત વગર માત્ર પ્રેક્ષકોની ભલમનસાઈ ઉપર શ્રદ્ધા રાખીને ભૂખ્યે પેટે ઉત્સાહ અને આરામ-થી ખેલ કરી રહ્યા હતા. જમાનો વીજળીને વેગે આગળ વધી રહ્યો છે એનો એમને ખયાલ નહોતો, અને એટલા જ વેગથી માનવીઓમાંથી કંઈક ઓછું થઈ રહ્યું છે એની એમને ખબર નહોતી. એ તો એમના પૂર્વજો જેટલી શ્રદ્ધા અને એટલા જ વિશ્વાસથી કામ કરી રહ્યા હતા.

સહેજ દૂર બેઠેલો એક વૃદ્ધ નટ આ બધા ખેલાડીઓને ચોકસાઈભરી આંખે નિહાળી રહ્યો હતો. એની આંખોમાં સાગરનું ગાંભીર્ય અને હિમાલયની નિશ્ચલતા હતાં. એના ચહેરા ઉપર ઊંડી અંકાઈ ગએલી રેખાઓ એના જીવનના અનુભવ જાહેર કરતી હતી ને એની ધોળી મૂછો એની ઉંમર.

એનો સૌથી મોટો પુત્ર ઝવર બીજા એક ખૂણે કંઈક આત્મવિશ્વાસભરી મુખમુદ્રાએ અને કંઈક અધીરાઈભર્યા ચહેરે ઊભો હતો. એના મજબૂત અવયવો એના કસા-એલા શરીરને આકર્ષક બનાવતા હતા.

બધા કામ કરી રહ્યા એટલે એ ઝવરનો વારો આવ્યો.

પણ ઝવર એનું કામ શરૂ કરે તે પહેલાં પેલો વૃદ્ધ ઊભો થયો અને એનો ધ્રૂજતો અવાજ સહેજ સ્થિર કરીને વાંસડા તરફ આંગળી કરીને બોલ્યો: 'જુઓ સૌ શેઠિયા લોકો, આ મોતનો મિનારો છે. હવેના ખેલમાં જીવ હાથમાં રાખીને કામ કરવાનું છે. એમાં સહેજ ચૂક થાય તો જીવથી જવાય. માટે મે'રબાની કરીને તમે સૌ શાંતિ જાળવજો. અને પછી છેવટે આ ગરીબ નટની કદર કરજો.'

આમ કહી એ ઝવર સામે જોઈને બોલ્યો: 'તૈયાર થઈ જા ઝવર, પરમાત્માનું નામ લઈને. જય બજરંગબલી!' 'જય બજરંગબલી!' ધીરેથી ઝવર મનમાં ગણગણ્યો અને બે ડગલાં આગળ વધી વચ્ચે આવ્યો. ચોમેર શાંતિ છવાઈ રહી. અમે સૌ કુતૂહલપૂર્વક જોઈ રહ્યા.

બીજા નટોમાંથી એક મજબૂત નટ આગળ આવ્યો. એની કેડ ઉપર પછેડી બાંધેલી હતી. એણે પેલો ખૂબ જાડો અને ઊંચો વાંસ બીજા એક જણની પાસેથી પોતાની પાસે લીધો.

ઝવરે પાંચ ગાગરની એક ઉતરડ માથા ઉપર ચઢાવી. છેલ્લી ગાગરના મોં પર બીજા એક નટે લાકડાનો ગોળ દંડો ઊભો મૂક્યો.

પેલા નટે એનાં રાક્ષસી કાંડાંમાં વાંસડાને સ્થિર પકડી રાખ્યો. પેલો દંડો ઝવરની આકરી કસોટી કરતો હોય તેમ આમથી તેમ છટકવા પ્રયત્ન કરતો હતો, પણ ગણતરીબાજ ઝવરના સમતોલનમાંથી એ છટકે એમ નહોતો.

વાંસ ઉપર ચડતા ઝવરને સૌ મંત્રમુગ્ધ નયને નીરખી રહ્યા હતા. કોના કામને વધારે પ્રશંસવું? નીચે ઊભેલા નટના કે ઝવરના?

એ તો નિસરણી ઉપર ચડતો હોય એટલી શાંતિથી અને આસાની-થી ઉપર ચડી રહ્યો હતો!

છેવટે ટોચ હાથમાં આવી. ઉતરડ ટોચથી ઉપર હતી.

સૌના ચહેરા ઉપર એક જ પ્રશ્ન હતો: હવે એ શું કરશે?

આ માણસની આવી ભયંકર રમતથી કેટલીય સ્ત્રીઓના શ્વાસ અધ્ધર થઈ ગયા હતા અને કેટલાંય માયાળુ જીવોને આ લોકોની જિંદગી ઉપર તરસ આવતી હતી. નીચે ડોસો ઝવર તરફ સ્થિર નય-ને ને સખત ચહેરે જોઈ રહ્યો હતો.

ઝવર હજુ પણ ઉપર ચડવા પ્રયત્ન કરતો હતો! અશક્ય! કોઈ પણ આધાર વગર ઉપર ચડાય શી રીતે!

છતાં એણે વાંસડાની ટોચને એના મજબૂત હાથની પકડમાં લીધી. એના ચહેરા ઉપર એ વખતે ભયંકર તિરસ્કાર છવાઈ રહ્યો હતો. મુરઝા-એલી આશાઓ અને દલિત થયેલા મનના અંકુરોનું એ વિકૃત સ્વરૂપ હતું. એ ક્ષણ એવી હતી કે અને ભૂખે મારી રહેલા જગત ઉપર એ વધુમાં વધુ તિરસ્કાર લાવતો હતો. અને એથી એ સારામાં સારું કામ કરી શકતો હતો. રિસાયેલી વહુ બમણું કામ કરે એમ!

વાંસડાની ટોચને મજબૂત રીતે પકડ્યા પછી એણે એક પગ વાંસ-ડાની એક ગાંઠ ઉપર બાંધેલા એક દોરડા ઉપર સજ્જડ કરી દીધો. બીજો પગ ઢીંચણને વાળીને છેક ટોચ ઉપર મૂક્યો. ત્યાર બાદ શરીર આગળ તરફ થોડું નમાવી પેલો દોરડાવાળો પગ ધીરેધીરે ઉપર ખેંચ્યો.

છેવટે એ વાંસડાની ટોચ ઉપર ઊભો રહ્યો!

પ્રેક્ષકો જડ પૂતળાંની માફક જોઈ રહ્યા હતા. નીચે પેલા વૃદ્ધ નટની આંખોમાંથી પાણીની ધારા વહી રહી હતી. પ્રેમનું એ ઉત્તમ સ્વરૂપ હતું!

હવે ઝવર જલદીથી નીચે ઊતરી જાય એમ સૌ ઇચ્છતું હતું.

પણ ઝવરની રમત એટલેથી અટકી નહોતી. ક્ષણ બે ક્ષણ પછી નીચેના નટે વાંસડાને આંદોલને ચડાવ્યો. અને આકાશમાં ઝવર ઝૂલી રહ્યો. શી ભયંકર રમત!

માનવીઓનાં મોં ખુલ્લાં થઈ ગયાં ને પગની પાનીઓ અધ્ધર થઈ ગઈ. કેટલીય સ્ત્રીઓ એકીસાથે બોલી ઊઠી: 'બસ ભાઈ, બસ કર!'

(અનુસંધાન પૃષ્ઠ ૧૨ ઉપર)

એક ઔંસના ચે પંદર હજારમા ભાગ જેટલા વજનના જીવ-રસમાંથી બે કરોડગણા વજનનો હાડમાંસ ને લોહીવાળો માનવદેહ ઘડતી કુદરતની એક અગમ્ય ક્રિયા

પ્રજનન

વિષેની 'કાયાની કરામત'નો ચાળીસમો હપતો


લેખક : ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

વૃક્ષો અને પ્રાણીઓમાં ચાર વિશિષ્ટ ગુણધર્મો છે: ખાવું, શ્વાસ લેવા, વધવું અને વંશવૃદ્ધિ કરવી. શ્રીમદ્ શંકરાચાર્ય પશુ અને માનવીમાં સમાન દેખાતી ચાર ક્રિયાઓ વર્ણવતાં કહે છે કે **आहार निद्रा भय मैथुनं च सामान्य एतद् पशुभिर्नराणाम्॥**

સમસ્ત સજીવ સૃષ્ટિમાં પ્રજાતંતુ સળંગ ચાલુ રહે એ માટે યોજા-એલી વંશવૃદ્ધિની–પ્રજનનની ક્રિયા આ સૃષ્ટિમાં વિધવિધ રૂપમાં નજરે પડે છે. વંશવૃદ્ધિની અત્યંત પ્રાથમિક રીત બૅક્ટેરિયા કીડા ને સમુદ્રના જીવો જેવા એકકોષી ક્ષુદ્ર જીવોમાં છે. એમાં નર કે નારી જાતિ (sex) જેવું છે જ નહિ. એક બૅક્ટેરિયાના શરીરના બે ભાગ થઈ, દરેકમાંથી ફરી બે બૅક્ટેરિયા બને છે અને એમ વૃદ્ધિ થયા જ કરે છે. આ છે દ્વિવિભાજ ક્રિયા (binary fission). આમાં 'બચ્ચું' માતાપિતાના શરીરના 'છૂટા ભાગ' નથી, પણ ખુદ 'જનક' જ 'બાળક' બને છે. આમાં જનકના દેહનું વિસર્જન થાય છે, પણ એને મોતમાંથી તો મુક્તિ મળે છે.

પણ બહુકોષી જીવોમાં જનનવ્યાપાર માટે કુદરતે ખાસ 'જનન-કોષો'ની રચના કરી છે. આ કોષો 'નવા જીવ'ને ઉત્પન્ન કરવાની બધી સામગ્રીથી યુક્ત હોય છે. ફેર એટલો કે એમાં પુરુષકોષ સ્ત્રીકોષ સાથે ભેગા મળે ત્યારે જ પ્રજનન શક્ય બને છે. આ ગર્ભાધાનમાં પું-કોષ ક્રિયાશીલ છે, ત્યારે સ્ત્રી-કોષ દેખીતો નિષ્ક્રિય હોય છે, પણ નવા જીવના પોષણ માટેની સક્રિયતા તેનામાં હોય છે. આથી પોષણની સામગ્રી-વાળો એ સ્ત્રી-કોષ કદમાં મોટો હોય છે, જ્યારે માત્ર ગર્ભાધાન માટે જ સરજાએલો પું-કોષ કદમાં નાનો પણ ક્રિયાશીલ હોય છે. આવા વિશિષ્ટ જાતના કોષો ધારણ કરનારાં નર અને માદા પ્રાણીઓની દેહરચના પણ એને અનુરૂપ રહે છે; એટલું જ નહિ પણ નર ને માદાના મનના ભાવો ને વૃત્તિઓ પણ તે તે જાતિને અનુરૂપ રહે છે.

રંગ, સૌન્દર્ય અને માધુર્યથી ભરેલું 'ફૂલ' એ છોડનું જનન-અંગ છે. એમાં સ્ત્રી-કોષો ને પું-કોષો (કોઈમાં એકઠા તો કોઈમાં એક જ પ્રકારના) આવેલા છે. પું-કોષોની 'પરાગરજ' હવા, પાણી કે જંતુઓ દ્વારા સ્ત્રી-કોષોના બીજ સાથે મિલન પામે એટલે 'બી'ની ઉત્પત્તિ થાય છે. કાલુ માછલીમાં બંને જાતના કોષો સાથે હોઈ એમાં આપમેળે જ ગર્ભાધાન થાય છે, જ્યારે બીજી જાતની માછલીઓ અને દેડકાંમાં સ્ત્રી-કોષો શરીરની બહાર ફલિત થાય છે. આ પ્રાણીઓની માદાના અંડા-શયમાંથી પરિપક્વ ઇંડાં પાણીમાં બહાર પડે છે. એના ઉપર નર-પ્રાણી-ઓ પોતાના શરીરમાંથી એક જાતનો ચીકણો પદાર્થ નાખે છે, જેમાંના શુક્રજંતુઓથી એ ઇંડાં ફળે છે. આ કરતાં ઊંચી કોટિવાળાં જંતુઓમાં નર અને માદાના પ્રત્યક્ષ સંયોગ થયા બાદ માદાના શરીરમાં જ બીજ ફળે છે. એથી પણ ઊંચી કોટિનાં પંખીઓમાં માદાના શરીરમાં બીજ ફળે છે તો ખરું પરંતુ તે જંતુઓની જેમ તરત જ બહાર નીકળી જઈને મોટું થતું નથી, પણ માદાના શરીરમાં જ મોટું થયા બાદ ઇંડાં રૂપે




સ્ત્રીનાં પ્રજનન-અંગો તેના શરીરની અંદર જ રહેલાં છે: ડાબેજમણે બે બીજાશયો તથા બે બીજવાહક નલિકાઓ અને ગર્ભાશય તથા યોનિ. ગર્ભાધાન દરમિયાન પેટના વધવા સાથે સ્તનના કદમાં પણ વધારો થાય છે, તેનું કારણ ભાવિ બાળકના પોષણ માટે દૂધ ઉત્પન્ન કરનાર ગ્રંથિઓ કાર્યરત થાય છે એ છે.

બહાર નીકળે છે. અને એમનાથી યે વિકાસક્રમમાં ઊંચી શ્રેણિમાં આવેલાં આંચળવાળાં પ્રાણીઓમાં 'બચ્ચાં' પંખીઓની જેમ અપરિપક્વ દશામાં ઇંડાંરૂપે નહિ પણ માતાના ઉદરમાં જ પોષણ લઈ, માબાપના જેવો દેહ પામતા સુધીનો વિકાસ ત્યાં જ સાધી યથાસમયે જન્મે છે.

આટલે સુધી થઈ જંતુઓ, માછલાં, પક્ષી તથા પ્રાણીઓની વાત. હવે આપણે માનવ સ્ત્રી અને પુરુષોનાં જનનઅંગો (reproductive organs) વિષે જાણીએ.

સ્ત્રીઓમાં બીજકણો (ovum) પેદા કરનાર અવયવ બે બીજાશયો (ovaries) છે. દેહમાં ડાબા અને જમણા પડખે એક એક એમ આવેલાં એ બે બીજાશયો, શરીરમાં ઊંડે પેઢુના નીચલા ભાગમાં બબ્બે ઇંચોના અંતરે આવેલાં છે. બદામ જેવા ચપટાં અને ઇંડાના આકારનાં એ બીજાશયો કદમાં ૧$\frac{1}{2}$ ઇંચ લાંબાં, $\frac{3}{4}$ ઇંચ પહોળાઇનાં અને $\frac{1}{2}$ ઇંચ જાડાં હોય છે. એનું વજન માત્ર એક ઔંસ(અધોળ)ના ચોથા કે છઠ્ઠા ભાગ જેટલું (છ થી દસ આનીભાર) હોય છે.

લોહીની નળીઓ, લસી-નલિકાઓ અને નાડીઓથી સમૃદ્ધ એ બીજાશયો માંસપેશીઓથી જોડાએલાં રહે છે. એ બીજાશયોમાં 'ગ્રાફીઅન ફૉલિકલ' નામના કોષોના સમૂહ આવેલો હોય છે, અને એ ગ્રાફીઅન ફૉલિકલ (ફૉલિકલ=પોથળી)માં બીજકણો (ova) રહેલા હોય છે. એનું



સ્ત્રીના પ્રજનન-અવયવો પડખેથી દર્શાવતી જડ-આકૃતિ

અનુમાન કરવામાં આવ્યું છે કે જન્મ સમયે બીજાશયોમાં આશરે સિત્તેર હજાર જેટલા ગ્રાફીઅન ફૉલિકલો આવેલા હોય છે, જેમાંનો ઘણો મોટો ભાગ તો કદી પરિપક્વ થતો જ નથી.

બીજાશયના ઊંડાણમાં પરિપક્વ થએલું આવું એક ગ્રાફીઅન ફૉલીકલ સપાટી ઉપર આવીને ફાટે છે અને એમાંથી દર વખતે એક બીજકણ (કદીક બે) બહાર પડે છે. આ ક્રિયા દર માસે એક વાર રજોદર્શન (અડકાવ)માં બેસતી સ્ત્રીઓમાં થાય છે. ઘણું ખરું તો આ સમય મોટા ભાગની સ્ત્રીઓમાં બે અડકાવ વચ્ચેના વખતનો વચલો દિવસ છે. આને ઑવ્યુલેશન (ovulation) કહેવામાં આવે છે.

બીજાશયમાંથી છૂટો પડેલો બીજકણ પછી પેડુના પોલાણમાં આવે છે. અહીંથી તે તરત જ બીજવાહક નલિકા (fallopian tube)માં જાય છે. એ બીજવાહક નલિકા ગર્ભાશયના ઉપલા ભાગમાંથી ડાબા-જમણા પડખે નીકળતી ત્રણથી પાંચ ઈંચ લાંબી બે પોલી નળીઓ છે. એના છૂટા છેડાઓ દરેક બીજાશયની અડોઅડ, ઉપર જ, ગળણી જેવા પહોળા અને તંતુઓના ગુચ્છાયુક્ત (fimbriated) રૂપમાં ખૂલે છે. એ તંતુઓના હલનચલનથી બીજકણ બીજવાહિનીમાં દાખલ થાય છે, જ્યાંથી ધીમેધીમે તે આગળ માર્ગ કરતો ગર્ભાશયમાં આવે છે. આ ક્રિયા થવામાં ત્રણથી પાંચ દિવસ વીતે છે. જો એ અરસામાં એ બીજકણ પુરુષના શુક્રજંતુ સાથે મિલન પામીને ફલિત ન થાય તો તે ગર્ભાશયમાંથી યોનિ દ્વારા શરીરની બહાર નીકળી જાય છે.

એ ગર્ભાશય (uterus=કમળ) શરીરની બરાબર મધ્યે, પેડુના ભાગમાં આવેલું છે. માંસપેશીઓથી અને સંધિબંધનોથી જોડાએલું રહી તે પેડુમાં લટકતું રહેલું છે. એ છે તો પોલું, પણ અંદરની દીવાલો એકબીજી સાથે ચપસીને રહે છે. ત્રણ ઇંચ લાંબું, દોઢ ઈંચ જાડું અને પહોળામાં પહોળા ભાગે બે ઈંચ પહોળું એ ગર્ભાશય પુષ્ટ માંસપેશીઓનું બનેલું છે. એની અંદરની દીવાલો ગ્રંથિઓથી સમૃદ્ધ એવી 'એન્ડોમેટ્રીઅમ' (endometrium) નામની આંતરત્વચાથી છવાએલી છે. એના ઉપલા બે છેડાઓ બીજવાહિનીઓ સાથે જોડાએલા છે જ્યારે નીચલો ભાગ સાંકડો બની યોનિમાર્ગમાં લટકતો રહે છે. એ સાંકડા ભાગનું નામ સર્વિક્સ (cervix).


ગર્ભાશય જમરૂખ જેવા આકારનું છે. એ જમરૂખનો દીંટા તરફનો ભાગ એ સર્વિક્સ છે. એના મધ્ય ભાગે ગર્ભાશયના પોલાણનું મુખ ખૂલે છે. ગર્ભાશયના એ પ્રવેશદ્વારનું નામ 'ઑસ યુટેરાઇ'(os uteri). આ સર્વિક્સ માંસપેશીઓ અને ગ્રંથિઓથી એવું તો સમૃદ્ધ છે કે જરૂર પડયે તે ઘણું વિસ્તૃત બની શકે એમ છે. આથી જ બાળકના પ્રસવ વખતે એ જોઇએ એટલું પહોળું થઇ શકે છે.


સ્ત્રી-શરીરની સપાટી ઉપરથી એ સર્વિક્સ સુધીના, ચાર ઈંચ લંબાઈના માંસપેશીઓના મૃદુ અને પહોળા ભાગનું નામ યોનિ (vagina) છે. આપણા આંતરડાના અંદરના ભાગની રચનાની જેમ આ ભાગ પણ અનેક ગડીઓવાળો છે. આ યોનિ શરીરની સપાટી ઉપર બે પડદાઓથી બંધ રહે છે, જેને ઓષ્ઠ (labia) કહેવામાં આવે છે. આ ભાગમાં બીજી ગ્રંથિઓમાંથી એક પ્રકારનો આમ્લિક સ્રાવ આવીને ત્યાં જલદ જંતુઘ્નનું કામ કરે છે, અને આ રીતે બહારથી ગર્ભાશય તરફ જતા કોઈ પણ જાતના ચેપને અટકાવવાનું કામ થાય છે. વળી યુવાન અને અપરિણીત કન્યાઓમાં બહારથી અંદર પ્રવેશતી વસ્તુઓના રક્ષણ કાજે યોનિમાર્ગના પ્રવેશદ્વાર આગળ જ આંતરત્વચાનો ગોળાકાર યોનિબંધ (hymen) નામનો પડદો હોય છે. આમ હોવા છતાં એ યોનિબંધ મધ્યમાં છિદ્રયુક્ત હોવાથી જીવાણુઓના ચેપથી તો રક્ષણ નથી આપી શકતો.

બીજાશયો આંતરસ્રાવી ગ્રંથિઓ છે. એ બીજકણો ઉપરાંત સ્ત્રી-જાતીય આંતરસ્રાવો (female sex hormones) પણ પેદા કરે છે. આ સ્રાવો બે પ્રકારના છે: (૧) ઇસ્ટ્રીન અને (૨) પ્રોજેસ્ટેરોન. ઇસ્ટ્રીન સ્રાવ લાક્ષણિક સ્ત્રીત્વ, જાતિગત ઉપાંગોનો વિકાસ, Accessory secondary sex orgons અને રજોદર્શનના ક્રમનું નિયંત્રણ કરે છે, જ્યારે પ્રોજેસ્ટેરોન સ્રાવ ગર્ભના રક્ષણનું કામ ઉપાડે છે. બીજકણ ફલિત થાય ત્યારે તે સગર્ભાવસ્થાના સમય દરમિયાન ચાલુ રહી રજોદર્શનને અટકાવે છે. વળી સગર્ભાવસ્થા દરમિયાન આ જ ઇસ્ટ્રીન અને પ્રોજેસ્ટેરોનની અસરથી સ્ત્રીના સ્તનની ગ્રંથિઓની પણ વૃદ્ધિ થાય છે. સગર્ભાવસ્થાનો સમય પૂરો થતાં આ પ્રોજેસ્ટેરોન અને ઇસ્ટ્રીનનું પ્રમાણ ઘટી જાય છે અને પ્રસવ શરૂ થાય છે.

બીજાશયો અને એના આ સ્રાવો ઉપર 'એન્ટીરીઅર પિચ્યુટરી ગ્રંથિ'ના સ્રાવોની પણ પ્રબળ અસર છે. આ પિચ્યુટરી ગ્રંથિમાં કોઇ રોગ હોય કે એનો નાશ થાય તો બીજાશયો અને જાતિગત ઉપાંગો ક્ષીણ (degenerate) થાય છે. આ દશામાં એ સ્રાવનાં ઈન્જેક્શન આપવાથી સુધારો પણ થાય છે. સ્ત્રીના યૌવનારંભ પહેલાં જો આ બીજાશયોનો નાશ થાય કે ઑપરેશનથી તે કાઢી લેવામાં આવે તો સ્ત્રીત્વના ઉપાંગોનો વિકાસ થતો નથી. વાળનો ભરાવો થાય છે ને તેનો અવાજ પુરુષ જેવો થાય છે. યૌવનાવસ્થા બાદ જો ઉપરની દશા આવી પડે તો રજોદર્શન બંધ થાય છે, જાતિગત ઉપાંગો ક્ષીણ થાય છે, શરીરમાં મેદ જામે છે અને ઉપરાંત વંધ્યત્વ આવે છે.

આપણે આગળ જોઈ ગયા કે કન્યાના બીજાશયોમાં જન્મથી જ સાઠ-સિત્તેર હજાર જેટલા બીજકણો હોય છે. જન્મ પછી આમાં વધારો થતો નથી. જન્મથી અપરિપક્વ રહેલા આ બીજકણો કન્યાની તેરથી પંદર વર્ષની વયે પરિપક્વ બનવા માંડે છે. આ છે યૌવનકાળનો આરંભ. દર મહિને એક બીજાશયમાંનો એક બીજકણ પરિપક્વ બને છે. આ ક્રિયામાં પ્રથમ તો ફૉલિકલમાં પ્રવાહી ભરાવાથી તેના કદમાં ઝડપી વધારો થાય છે. આમ પરિપક્વ બનેલો ફૉલિકલ બીજાશયની સપાટી ઉપર ઉપસેલો દેખાય છે. આ સમયે ગર્ભાશયનું આવરણ ખૂબ જાડું બને છે. ગ્રંથિઓ અને લોહીની નળીઓમાં ભરાવો અને વધારો થાય છે. આ વિકાસના દસ દિવસ બાદ (કે અડકાવ બંધ થયાના દસ દિવસ પછી) એ ફૉલિકલ (=કોથળી) ફાટે છે અને તેમાંથી





ફલિત થતો બીજકણ

એ અડકાવની વચ્ચેના ઑવ્યુલેશન-કાળ દરમિયાન બીજાશયમાંથી છૂટું પડેલું સ્ત્રીબીજ જ્યારે બીજવાહક નલિકાને માર્ગે ગર્ભાશય તરફ આગળ વધતું હોય છે ત્યારે ભાવિ ગર્ભાધાન માટે ગર્ભાશયના આવરણમાં ભરાવો થાય છે. એ વેળા યોનિમાર્ગે પ્રવેશેલા પુરુષના અસંખ્યાત શુક્રજંતુઓમાંથી એક જ જો આ બીજકણને ભેદી તેમાં પ્રવેશ મેળવી બીજને ફલિત કરે છે તો ગર્ભાધાન થઇ જાય છે. પછી એ ફલિત થએલું બીજ આગળ ગર્ભાશયમાં આવી સ્થિર થાય છે જે, ઉપર જમણી આકૃતિમાં દર્શાવ્યું છે. પછી ત્યાં (નીચેની આકૃતિમાં બતાવ્યા પ્રમાણે) તેનું દ્વિભાજન થતું જઈ ગર્ભનું ઘડતર શરૂ થાય છે. તેમાં ફલિત થતા બીજકણથી ગર્ભ બંધાતાં સુધીની પ્રક્રિયા સાદી રીતે બતાવી છે.


બીજકણ બહાર પડે છે. આ છે ઑવ્યુલેશનનો સમય. એ બહાર પડેલો બીજકણ ત્યાંથી બીજવાહિનીમાં જાય છે. આ બીજકણ અત્યંત સૂક્ષ્મ દેહી હોય છે. એનું કદ $\frac{૧}{૧૨૦}$ ઇંચ જેટલું હોય છે.

આ રીતે ઑવ્યુલેશન થયા બાદ ફૉલિકલના કોષોમાં ફેરફાર થવા માંડે છે. તેમાં કૉર્પસ-લ્યુટીઅમ (corpus lutium) નામના પીતરંગી કોષોના સમૂહ જામે છે. જો બરાબર આ જ સમય દરમિયાન સ્ત્રી-પુરુષના સંભોગ દ્વારા સ્ત્રી-યોનિમાં આવેલો પુરુષનો શુક્રજંતુ ગર્ભાશયમાં પ્રવેશીને બીજવાહિનીમાં જઇ એ બીજકણમાં પ્રવેશી જાય તો બીજકણ ફલિત થઈ જાય છે. બીજકણને ફલિત થવાનું આ જ સ્થળ છે. આ રીતે જો બીજકણ ફલિત થઈ જાય તો પછી તે ગર્ભાશયમાં આવીને સ્થિર થાય છે, અને ગર્ભાશયનું ભરાવો પામેલું આવરણ કાયમ રહે છે. તેમજ પેલું કૉર્પસ લ્યુટીઅમ પણ ત્યાં કાયમ રહી ગર્ભાવસ્થાના સમય સુધી વધતું રહે છે.

જો બીજકણ ફલિત ન થવા પામે તો પણ કૉર્પસ લ્યુટીઅમ બાર-ચૌદ દિવસ સુધી ત્યાં રહીને વધે છે, પણ ત્યાર બાદ તે નાશ પામે છે. પરિણામે ગર્ભાશયના આવરણનું વધેલું ઉપલું પડ પણ લોહીની નળીઓ સહિત નાશ પામી (degenerate થઇ) ખરી પડે છે. આ ક્રિયામાં વહેતું લોહી ગર્ભાશયમાંથી યોનિ દ્વારા શરીરની બહાર આવે છે. આ ક્રિયા ત્રણથી છ દિવસ સુધી ચાલે છે, જેને આપણે રજોદર્શન (menstruation) તરીકે પાળીએ છીએ. આ પછી ગર્ભાશય પાછું મૂળ સ્થિતિમાં આવી જઈ બીજા મહિનાના આ ક્રમ માટે તૈયાર થઈ જાય છે. રજોદર્શનનો આ ક્રમ બીજાશયો અને પીચ્યુટરી ગ્રંથિના સ્રાવોના નિયંત્રણ તળે છે. માનવ અને વાનરમાં આવાં રજોદર્શન દેખા દે છે. બીજાં પ્રાણીઓમાં આ સ્થિતિ 'પ્રાણી ગરમી(rutting)માં આવ્યું' હોવાના નામે ઓળખાય છે.

આ 'ઑવ્યુલેશન' અને 'ગર્ભાશયના આવરણનો ભરાવો' એ ભાવિ ગર્ભાધાનની તૈયારી રૂપે દેહ વિષે યોજાતી કરામતો છે. તેમાં પણ આવરણનો ભરાવો તો જાણે કે સ્ત્રીના બીજકણ અને પુરુષના શુક્રજંતુના મિલન માટે મંડપ ના બંધાયો હોય, એવું આલંકારિક ભાષામાં કહી શકાય. મિલન ન થતાં જેમ મંડપ વિખેરી નાખવામાં આવે, એમ ગર્ભાધાન ન થાય તો એ આવરણ ખરી પડે છે. એનું નામ રજોદર્શન કે ઋતુદર્શન. સ્ત્રીઓમાં સામાન્યત: આ રજોદર્શન દર અઠ્ઠાવીસ દિવસે નિયમિતરીતે આવે છે. જોકે આ ક્રમ કુદરતી હોવાથી આમાં વ્યક્તિગત ફેરફારો હોવા સંભવ છે. એ દરમિયાન શરીરમાંથી ત્રણથી ચાર ઔંસ જેટલું લોહી વહેતું હોવા છતાં યે એમાં નથી હોતી કશી વેદના કે નથી હોતી કશી બેચેની. પણ આ દિવસો આરામભર્યા ગાળવાનો આયુર્વેદનો આદેશ છે. આ વિધાનના સમર્થનમાં આ વિષયનાં પશ્ચિમનાં નિષ્ણાત ડૉ. મેરી સ્ટોપ્સનું કથન જાણવા જેવું છે: 'રજોદર્શનના દિવસોમાં નૃત્ય કે ટેનિસ રમવામાં થાકી ન જવાય એ જોવા જેવું છે. આ સમયે લોહીના વધારે ભરાવાથી વજનદાર બનેલા ગર્ભાશય ઉપર અકારણ વધારે ભાર પડવાથી એ સ્થાનભ્રષ્ટ થઇ જવાનો સંભવ છે. આમ થવાથી વેદના, બેચેની ને ગર્ભધારણશક્તિમાં ખટકો આવી પડે છે. વળી આ દિવસોમાં શરદી લાગુ પડવાની પણ શક્યતા વધારે રહે છે.' (અનુસંધાન પૃ. ૨૩ ઉપર પહેલા કૉલમને છેડે)

પુરુષના શુક્રજંતુએ ભેદ્યા પછી સ્ત્રીના બીજકણ ગર્ભાશયમાં સ્થિર થાય છે તે: આકૃતિ ૨



ને પછી એકમાંથી બે. ચાર. આઠ. એમ વિભાજન થઈ અને તેનો ગર્ભ [illegible] બંધાય છે



ચન્દ્રવદન ચીમનલાલ મહેતાની આપકથા

સ્વિસ આલ્પ્સનાં જોવા જેવાં શિખરોમાં એક તો યુંગ ફ્રાઉ: ખૂબ જ જાણીતું, અને એ બાજુ જનારા સૌ ત્યાં તો જાય જ. ઝરમટ પાસે યુંગ ફ્રાઉથી સહેજ ઊંચું મૅટરહૉર્ન. એ મૅટરહૉર્ન તો બહુ તેડું ને કોઈ વિચિત્ર ઘાટનું શિખર છે. જોતાં જ લાગે કે ચડવું કપરું છે. ઊંચાઈમાં બધાં જ ચૌદ હજાર ફીટની આસપાસ. પણ મૅટરહૉર્ને શિખરશિંગીઆના ઠીક ભોગ લીધા છે. ઈ. ૧૮૬૫ ના જુલાઈમાં એડવર્ડ વ્હિમ્પર ત્યાં પહેલો ગયો, પણ એના સાથીદારો બધા બરફમાં દટાયા.

યુંગ ફ્રાઉ જવામાં કશી તકલીફ નડતી નથી. ગરમ થતી ગાડી જ તમને છેક મથાળે લઈ જાય! એન્જિનીઅરોનું કૌશલ તો એ છે કે ઠલ્લા પહાડ પર વાંસથી બુગદો કોતર્યો, તે એવો સીધો ને ચઢાણવાળો કે યુંગ ફ્રાઉની નાસિકા આગળ જ બીજે છેડે નીકળાય! આડાઅવળી વાંકવળાંક જ ઓછા. અને છેડે જાડા કાચની દીવાલો બાંધી લીધેલી એટલે સૃષ્ટિસૌન્દર્ય સલામતીથી જોયા જ કરો. વળી જેમને બહાર બરફમાં રખડવા જવું હોય તે પણ જઈ શકે એવી સગવડ.

હિમાલયનાં નંદાદેવી અને કંચનજંઘા જોયા પછી તો આ શિખરો વેંતિયાં જ લાગે. પણ યુરોપમાં એનું ઘણું મહત્ત્વ છે. અને હિમગિરિઓનું જે રસાળ સૃષ્ટિસૌન્દર્ય છે તે અહીં સહેલાઈથી માણી શકાતું હોઈ સ્વિસ આલ્પ્સ પ્રત્યે મુસાફરોને આકર્ષણ હોય એ સ્વાભાવિક છે.

એક દિવસ યુંગ ફ્રાઉ ને બીજે દિવસ મૅટરહૉર્ન ફરી આવ્યા, એટલે અમે જરા થાકી ગયા હતા; પણ સાંજે અમે પહોંચ્યા ત્યારે ખબર પડી કે શ્રી રૂમાઈની સૂચનાથી મારે રહેવાની સગવડ બેલવ્યૂ હોટેલમાં કરવામાં આવી હતી: બે દિવસ મારે એમના એક મહેમાનનો સંગ રાખવાનો હતો. મહેમાન મોટે ભાગે તો લીગેશનમાં જ રહેતા અને એક વિશાળ ટેબલ પર મોટા કાગળો પર નકશાઓ પાડ્યા કરતા. સાંજને છેડે એમને ફરવા જવાનું હોય તો એની જવાબદારી મારે માથે હતી.

એ મહેમાન તે મેસર્સસ્મિટ. દાયકાની શરૂઆતમાં તો એનું નામ સાંભળી દુશ્મનની છાતીમાં ધબાકા બોલતા! હિટલરનો એ દોસ્ત, અને હિટલર કરતાં અનેકગણો બુદ્ધિશાળી. અવનવીન જાતનાં હવાઈ વિમાનોનો સંશોધક. બારસું ઊંચું કદ. કોઈ કાળે પણ કશા ભાવ ઉપસાવી ન શકે એવું એક જ પ્રકારનું અતિ તેજસ્વી અને તેટલું જ સખત દેખાતું મોં. કોઈની આંખ હૃદયની સરળતા દાખવે, તો કોઈની આંખ બુદ્ધિની ચતુરાઈ બતાવે; પણ અહીં તો આંખમાં મેધાના જ ચમકારા દેખાય. ઍરક્રાફ્ટનો (વાયુયાન બનાવવાનો) એ અદ્ભુત કારીગર. ભારતમાં ઍરક્રાફ્ટનાં કારખાનાં ઊભાં કરવા માટે કંઈ મસલેહતો હતો.

સવારના નાસ્તા પછી મારા ટેબલ પર બે પુસ્તકો આવીને પડ્યાં હતાં: એક અંગ્રેજીમાં ને બીજું જર્મનમાં. મેસર્સસ્મિટ વિષે સોલી સાહેબે મને બધી વિગતો તો કહી હતી, પણ આ તો હતું કવિતાનું પુસ્તક! એન્જિનીઅરિંગનો એ અઠંગ ઉસ્તાદ નવરાશના સમયમાં કવિતા લખે! વેઇટરને બોલાવી એની પાસે થોડું વંચાવ્યું. એ જર્મન તો જાણે જ, પણ હવે એનું અંગ્રેજી કેમ કરવું? મારે સાંજે સાડા છએ મેસર્સસ્મિટ સાથે ફરવા જવાનું હતું ને નવ પહેલાં જમીને કુરસાલ હૉલમાં એક જલસામાં. એ દિવસનું આટલું મારું કામ હતું. ટૂંકમાં હું હવે મહેમાન નહોતો, મારે એની મહેમાની કરવાની હતી.

ચાર વાગ્યે હું એકલો હતો. એ આલીશાન હોટેલના કમરામાંથી પાછળ મંદ વહેતી આરે નદી તથા દૂરની હારમાળાઓ દેખાતી હતી. ચા આવી તેની સાથે પેલો વેઇટર એક બાઈને લેતો આવ્યો. એ અરધો કલાક બેસી શકે એમ હતું એમ સૂચવી એ ગયો. એ બાઇ એલ્સી





જમણી બાજુ: સ્વિસ આલ્પ્સનું રૂપસુંદર પણ બહુ ટેડું ને ચડવામાં ઘણું કપરું શિખર મૅટરહૉર્ન, જેને જોયા વિના સ્વિટ્ઝર્લૅન્ડનો સફર અધૂરી ગણાય છે. ડાબી બાજુ: બીજું જાણીતું શિખર યુંગ ફ્રાઉ. જેના છેક નાક સુધી પહોંચાય એવી ઈજનેરી તરકીબ વડે બુગદાઓ દ્વારા રેલવે ટ્રેન પહોંચાડી છે. તેનું વર્ણન ઉપર વાંચો.

બંને ભાષાની જાણકાર હતી, સામે રહેતા ઘડિયાળીની દીકરી હતી. બૉન યુનિવર્સિટીમાં લગભગ ભણી રહેવા આવી હતી અને નવરાશે ઘડિયાળો વેચવામાં બાપને મદદ કરતી. ચતુર વેઈટર ટે(=ટી=ચા)ના બે કપ તથા નાસ્તો લેતો જ આવ્યો હતો.

પહેલાં તો બાઈએ મેસસૅર્શ્મિટનાં ખૂબ વખાણ કર્યાં: જીનિયસ, જાયન્ટ સંશોધક. પછી એણે એક સૉનેટ કાઢ્યું ને બહુ મીઠા અવાજે ને ઘણા જ સ્વચ્છ અંગ્રેજીમાં ડોલનશૈલીમાં વાક્યો બોલવા લાગી:

'સરા (સારાહ)! બહુ દુષ્ટ—અતિ દુષ્ટ છે તું. તેં શું કહ્યું હતું મને, કે જેવો હું મનમાં તારો વિચાર કરું તેવી તરત જ તું આવી મળશે? મેં વિચાર તો કર્યો; પછી ગણગણ્યો. આખરે સરા! સરા! કરી દુર્ભેદ્ય નિસ્તબ્ધતામાં બૂમો પાડી, ચારે દિશામાં,—ના દશે દિશામાં,—ના સચરાચરમાં; પણ તું ન જ આવી, દુષ્ટ!

અને આખરે હું કંટાળ્યો. ન કંટાળું? સાંભળનારા મારી મજાક કરવા લાગ્યા. મજાક જ કરવાને એ શાંતિમાં પતંગિયાં ઊભરાયાં, પંખીઓ ઊડી આવ્યાં. બધાં જ મારી બૂમો સાંભળીસાંભળી મને હસવા લાગ્યાં. સાચું કહે, દુષ્ટ! તેં તો એ લોકોને ખાસ પાઠ ભણાવી (રીહર્સ કરાવી) નહોતાં મોકલ્યાંને? એટલે જ હું કંટાળ્યો, ચિડાયો. થયું, જા જીવ, મનમાંથી તારા વિચારની રજેરજ ખંખેરી નાખું; સ્ક્વીઝ યૂ આઉટ—નિચોવી નાખું. અને એમ કર્યું, હા! સફળ થયો કે કેમ તે જાણે મારો દઈ; પણ એમ કર્યું અવશ્ય! હાશ, નિરાંત. પણ લુચ્ચી! કેવું તું મારી સાથે તાદાત્મ્ય સાધતી મારા સાન્નિધ્યમાં જ ઊભી હતી!'

એલ્સી મને હસીને કહે કે તમે તો તમારા દિલમાંથી કોઈને નિચોવી નથી નાખીને? મેં કહ્યું, 'શા માટે નહિ? એમ કરું તો જ એ મારી પડખે મને મળેને?' એલ્સી ઉતાવળ છોકરી હતી. બરાબર સાડા ચારે બે સૉનેટ વાંચી ઊભી થઈ ગઈ, પણ એ તરત થોભી: 'હું હમણાં મારા બાપુને કહી કલાક માટે પાછી આવું છું.'

મેસસેર્શ્મિટનાં કાવ્યોના બીજો નમૂનો આ રહ્યો:

'થી દાનવ! હે મયદાનવ! માનવ સાથે બાથ ભીડવી છે? આવ, આવ, તારી અસંખ્ય તાંતણે વણીગૂંથી વિકરાળ જાળ બિછાવ. તારું અથાક આસુરી દળ લાવ અને મોરચા જમાવ. એમ એક નાનકડી વીજળી ખખડાવી હસે છે શું? કે મામૂલી વાદળી થકી બે છાંટા વરસે છે શું? ના; પણ તું તો કહેશે કે મારી પાસે જ્વાળામુખીના કોઠારભર્યા છે. ભલે તો તે અજમાવ! હે દાનવ, આવ, આવ... અજબ જેવી વાત છે, પણ ખૂણામાં એક, મને લાગે છે કે તાજું જ જન્મેલું દેડકાનું બચ્ચું હતું, એનું પહેલું જ ડ્રાઉં સંભળાયું અને દાનવ ડરીને નાઠો! હી, હી, હી... એના જ્વાળામુખીના કોઠારો પણ હરી ગયા ને વીજળીના ભંડારો પણ બળી ગયા!'



મુલાયમ હૃદયનાં તીણાં ઊર્મિસંવેદનો માટે વિખ્યાત આધુનિક જર્મન કવિ રિલ્કે

આ ખરેખર મેસર્શ્મિટને જ છાજે એવી કવિતા હતી. એના ઉપર અમે ઠીક ચર્ચા કરી. છેક સવા છ સુધી અમે ઘણી વાતો કરી. એમાં એલ્સીએ એક વાર સરા વિશે ઈશારો કર્યો. એ એની પ્રિયતમા હશે? 'હાસ્તો;' એણે કહ્યું. 'કદાચ નામ બદલ્યું પણ હોય. હશે. એમ તો પેલા રિલ્કેના જીવનમાં પણ બેત્રણ વ્યક્તિઓ નહોતી પાંગરી?'

'રિલ્કે!' એણે બીજું પુસ્તક ઉપાડીને મને આપ્યું. એ રિલ્કેનો કાવ્યસંગ્રહ હતો. રિલ્કે—પેલો જર્મન કવિ. ત્રીસના અરસામાં એ ગુજર્યો. ઉમાશંકર પાસે એનો સંગ્રહ જોયો હતો. એ એવું ક્યાંક અલકમલકમાંથી લઈ આવે. રિલ્કેના જીવન સંબંધે ત્રણચાર પુસ્તકો સંરાજિની હઠીસિંગ પાસે ઉપરઉપરથી જોયાં હતાં અને એક વાર અમે ઠીક ચર્ચા પણ કરી હતી. એ કવિ બોનમાં ઠીક વખત રહ્યો હતો.

'અહીં જ, આ જ બેલ વ્યૂ હોટેલમાં, અરે આ જ રૂમમાં એ રહ્યો હતો. એની એક મિત્ર સાથેનાં એનાં એ ઊર્મિસંવેદનો એક પુસ્તકમાં છપાયાં પણ છે. ખરેખર, કવિઓની પ્રિયતમા બનનારીઓએ કેટકેટલાં પુણ્ય કર્યાં હશે?' બોલીને એલ્સીએ એક નિસાસો નાખ્યો.

એલ્સીએ રિલ્કેનો સારો અભ્યાસ કર્યો હતો. બોનથી ઈટાલીના એક જૂના કૅસલના એના પ્રવાસો... પ્રવાસો તો સમજ્યા, પણ મૂળ વાત તો સંવેદનાની છે. અહીં બોનમાં એની કીર્તિદા તે મેરીઆના, અને બંનેની એકબીજા પ્રત્યેની કાળજી.

'કાળજી નહિ–' એલ્સી એકાએક ઉશ્કેરાઈ જતી અને સમજાવતી: 'કાળજી નહિ... બે ય અહીં બેસતાં, આ નદીને કિનારે કલાકો સુધી સાથે ચાલતાં: ઘણી વાર મૂગાં. પેલી બાજુ જવાનો ફેરો પૂરો થયો કે તરત ત્યાંથી પાછા ફરવું તે બંને અનાયાસ એક જ પળે એક જ શ્વાસે એ જ પગલે ફરે! વાતો નહિ, ચર્ચા નહિ. બેસવાનું થાય તો તે પણ એમ જ, અનાયાસ, એક જ ઘબકારે. શાંત વહેતાં આ નદીનાં પાણી જોયા કરે, પાણીમાં ઊર્મિના હેલારા આવ્યા કરે. બંનેનાં હૃદય કેટલી અદ્‌ભુત એકતાનતા અનુભવતાં હશે! કેટલી ઊંડી!—ઊંડી કહું કે ગાઢ કહું?—કેટલી ઊંડી લાગણી! માનવી બીજા માનવીની કાળજી કરે એ તો એના સ્વાભાવિક ધર્મ છે, પણ આ તો સાન્નિધ્યમાં, વળી મૌનમાં બંનેના આત્મા કેટલો શાંત તથા સજીવન આનંદ અનુભવતો હશે! હું શું કહું? સ્પિરિચ્યુઅલ કે એવું તમે ભારતવાસીઓ વધારે જાણો. ખરા છો; કવિ છો છતાં તમે તો કંઈ બોલતા જ નથી.'

'કોણે કહ્યું તમને કે હું કવિ છું?—પેલા વેઈટરે?'

'મજાક શું કરો છો? હા, વેઈટરે જ કહ્યું. એટલે તો તમને ખાસ અહીં રિલ્કેના જ રૂમમાં રાખ્યા છે!'

મને થયું કે સોલી કે ધીરુભાઈની જ આ વેતરણ હોવી જોઈએ. અને બેલ વ્યૂમાં તો બધા એમને ઓળખે અને સારું માન રાખે, કારણ શરૂઆતમાં ભારતના લીગેશનની ઑફિસ આ જ હોટેલમાં હતી.

'કહોને, તમે આવાં સંવેદનો અનુભવ્યાં છે?' એલ્સીએ ચલાવ્યું.

મેં એક મોટો નિસાસો નાખ્યો અને તરત બોલ્યો, 'એલ્સી! કોઈ કવિએ તારું મનોસ્વાગત... કે કાવ્યાંજલિએ...'

એણે પણ એક હૃદયભેદક નિસાસો નાખ્યો અને બોલી: 'ક્યાં છે એ ઘડી? એવી એકાદી પળ પણ જીવવા મળેને... એટલા માટે તો તરફડું છું. આઈ ઍમ ડાઈંગ. પણ... મેં શાં યે પાપ કર્યાં હશે!'

'એલ્સી તેં પાપ નથી કર્યાં...'

'સવા છ થયા; હું જઈશ.' અને એ ઊઠી, પછી જરા ખમચી ઊભી. 'મારા પર એક મહેરબાની ન કરો? મારે મેસસેર્શ્મિટના હસ્તાક્ષર જોઈએ છે... અને એની સાથે શેઈક હૅન્ડ કરવી છે.'

'જરૂર; તો થોભ, હમણાં એ આવશે. પછી અમે જલસામાં...'



ભવ્ય-મનોહર ગિરિશિખરોની પશ્ચાદ્ભૂમિકા સાથે થૂન સરોવરને કાંઠે શોભતો ૭૦૦ વર્ષ જૂનો થૂનનો પુરાતન કિલ્લો

'કુરસાલ હૉલ? બસ, હું ત્યાં તમને ખોળી કાઢીશ, જરૂર મળીશ.'

આ વાતચિતનાં વચનોમાંથી આભારનાં ને એવાં ઔપચારિક વાક્યો તો હું દંટાળો ન વધારવા માટે જતાં કરું છું એ તો આપે જોયું જ હશે; પણ એલ્સીએ જતાં જતાં ભરીભરીને આભાર માન્યા. જાણે વાતો અધૂરી મૂકીને એ ચાલી ગઈ.

ધીરુભાઈની 'આલ્ફા રોમીઓ' હાથમાં લેતાં જ મેસર્સરિમટે કહ્યું કે આપણે શૉફરને તસ્દી ન આપીએ તો! તરત મેં ગુજરાતીમાં શૉફર આત્મારામને બંગલે જવા કહ્યું. રિમટે કહ્યું, 'જમવાની પણ ના કહેવડાવી હોત તો સારું: આપણે ગમે ત્યાં ખાઈ લઈએ તો તમને તો વાંધો નથીને?'

પોતાની ગાડી માટે ધીરુભાઈ આત્મારામને મુંબાઈથી જ અહીં સાથે લઈ આવ્યા હતા. એને પહોંચતાં એણે મને 'કેમ છો' કહ્યું હતું, પણ ત્યાં તરત તો હું એને ઓળખી જ શક્યો નહોતો. છ આઠ મહિનામાં તો સ્વિટ્ઝરલૅન્ડના રસ્તાઓ તથા તેના બધા કાયદા-કાનૂનોથી એ વાકેફ થઈ ગયા હતા. એને ચાલતો શાનો જવા દે! મેસર્સરિમટે બાળને નાકે, આરે નદી ઓળંગી બુનાડન સ્ટ્રાસે આગળ એને ઉતારી મોટરને ખીલવવી શરૂ કરી. હજી તો એનનું પાદર છોડ્યું નથી ત પાડેલાં તો એના પગ ચળવળ્યા, હાથ સળવળ્યા, અને આલ્ફાએ સો કિલોમીટર બનાવ્યા! મને કંઈ મોટરની જુદીજુદી બનાવટોની ગતાગમ નહિ, તો યે આ ઉસ્તાદ એ ઈટાલિયન ગાડીને, કોઈ સિનોરિટાને દોરવે એવી અદાથી દોરવતો હતો. બર્ન તરફ લગભગ સાત આઠ દિશામાંથી રેલગાડી આવે છે, એટલે એણે રેલવે ન આંતરે એવો રસ્તો લીધો અને ત્યાંની પકડપકડનો તાગ લેવાનું શરૂ કર્યું. ઝડપનો તો સવાલ જ નહોતો. સાઠસો કિલોથી ઉપર તો ખરી જ! કહે છે કે કિલોને પાચ અષ્ટમાંશે ગુણો તો માઈલ નીકળે, એટલે સોમાં સહેજ ઓછા માઈલ થાય. ન રે તો બાજુમાં બેસી. જેમ આલ્ફાને એના સારથિમાં પૂરો વિશ્વાસ હતો, એટલો જ મારે એનામાં રાખી રહેવાનો હતો.

એમ અમે જોતજોતાંમાં થૂન પહોંચ્યા. થૂનના સરોવરનો બીજો છેડો ઈન્ટરલાકન આગળ આવેલા બીજા સરોવરને હાથ મિલાવે. બહુ જૂનું ગામ. એનો કિલ્લો જ, કહે છે કે, સાત સો વર્ષ જૂનો. અને ત્યાં જૂના જમાનાનાં લોખંડી બખ્તરો પહેરી નાઈટો મસ્લેહત ચલાવવા મળતા તે ઓરડો પણ થોડી જૂની વસ્તુઓ એકઠી કરી રાખી મૂક્યો છે. અહીં એક વિચિત્ર જણાતા રેસ્ટોરાં પાસે ગાડી થોભાવી એણે પૂછ્યું: 'તમે રસ્તે કંઇ વાત કેમ ન કરી?' મેં કહ્યું, 'શું બોલું? જીભને ઊપડવા માટે પણ હવામાં અવકાશ તો હોવો જોઇએ!' જવાબમાં એ કહે કે 'મઝા તો ત્યારે આવે કે આ ઝડપમાં જ આપણે કંઈ વાતો કરીએ. ચાલો, પાછા ફરતાં બોલજો. તમે તમારી જિંદગીની જરા યે ચિંતા ન કરતા. આ તો આલ્ફા રોમીઓ છે!' મેં તરત ઉમેર્યું 'અને હાંકનાર મેસર્સરિમટ છે.' અને હિંમત કરી કહ્યું, 'આવી ઝડપમાં પણ તમે ઘણું જોતા લાગો છો; નહિ તો કવિતા કેમ લખી શકો? વળી તમારી ટીખળવૃત્તિ પણ આદર ઉપજાવે છે: આટલો અમથો દેડકો તે હાંઉ કરે અને–'

'કોણે તમને આ બધું કહ્યું? આ હાં, મિનિસ્ટર દેસાઇએ તમને ચોપડી આપી હશે. બાકી મેં તો મિત્રમંડળ માટે જ થોડી નકલો છપાવી છે. ઠીક, તમે પણ ભારે છો! ચાલો આવો, શું ખાશોપીશો?'

'એક શરતે, કે બિલ હું આપું.'

'તે તો બેલ વ્યૂમાં, અહીં નહિ; અને તે પછી જોઈશું; બોલો...'

'તમે જે ખાશો તે હું ખાઇશ, મને અહીંનાં પુડિંગ બહુ ભાવે છે.'

જમ્યા. મારી સાત પેઢી ખાય એવડું મોટું ક્રીમ પુડિંગ જોઇને જ હું તો ડરી ગયો! મૅનેજર બિલ તો લે જ નહિ: 'તમે એ મારે ત્યાં ક્યાંથી?' એનો જૂનો ગોઠિયો નીકળ્યો! અને પછી તો બંને જણાએ 'ડાઈ દ્રંગ શાસ્ત'ની જડબાભાંગ જર્મન જબાનમાં જે ચલાવી છે તે એ ટૉસ્કફરસીઆ સંવાદમાં જ હું તો રસળી રહ્યો.

પાછા ફરતાં એ જ રસ્તો એણે લીધો; પણ ઊજમાળી રાતમાં વેગની માત્રા વધારે હતી. ગાડી નશામાં હતી, રાત મદીલી હતી, રસ્તો વધાવતો હતો,–કદાચ આલ્ફા અમસ્થી લાડમાં પણ ફંટાવા જતી તો રસ્તો જ આપોઆપ અમળાઇને અનુરૂપ થતો હોય એમ લાગતું!

'હેર મેતા! કવિતાઓ લખવા માટે હવે વિષયો રહ્યા નથી. ફૂલ, પાંદડાં, તરુ, ગિરિ, સરોવરો, નદી, બાગબગીચા, વાદળ, ધનુષ, ક્ષિતિજ ...ગણવા માંડો તમે, બધા જ વિષય પર આજ બે હજાર વર્ષ ઉપરાંતથી લવારા લખાયા છે, એમાં મોટે ભાગે એ જ આશક અને માશૂક, ગુલાબનું ફૂલ કે ક્રીસેન્થેમમનું ફૂલ! નવા કવિને નવા વિષય પર લખવા માટે હવે કંઈ બાકી રહ્યું છે ખરું?'

'છતાં કવિતાઓ તો લખાય છે ને?'

'તે તો થોકડાબંધ લખાશે, પ્રેમના સંનેપાત એવા તો કંઈ લબરકાઓ ચિતરાવશે. બે હૃદયનાં સંવેદનાઃ પડખાં જુદાં, પણ સરવાળો તો એક જ. જુઓની, મારું કહેવું એમ છે કે એ સંવેદનામાં પણ વિવિધતા યા નવીનતા લાવવા માટે હવે આ આટલી અમથી પૃથ્વીનું ફલક બહુ સાંકડું પડે છે. તમે કહેશો કે અખિલ વિશ્વ. પણ આપણી કલ્પના પહોંચી પહોંચીને પણ થાકી ગઈ છે. હવે પૃથ્વીની પાર વિસ્તરવાની જરૂર છે. કલ્પનાના પ્રદેશો સર કરી વાસ્તવિક શું છે તે જાણવાની જરૂર છે. જ્ઞાન પાંગળું થઈ ગયું છે એટલે નક્કર વિજ્ઞાનની જરૂર છે. અને વિજ્ઞાનની સિદ્ધિઓથી જ્ઞાન તો વધશે જ, પણ સાથે કલ્પના યે ઓર ખીલશે. પછી જોજો કવિતા લખવાની મઝા!' એના ભાંગ્યા અંગ્રેજીમાં પણ એવા રસથી એ સમજાવતો હતો કે ઊડતા વેગે જતી આલ્ફા પણ મૂંગીમૂંગી સાંભળ્યા કરતી હતી. ગાડી બંધ કરતાં એણે આલ્ફાને થાબડી, બે મીઠા સુખનની નવાજેશ કરી, ફરી થાબડી ને પછી છોડી.

કૉન્સર્ટ એટલે કૉન્સર્ટ. જલસો તો નહિ જ. કૉન્સર્ટ હૉલ મ્યૂઝિક એ નોખી જ વસ્તુ છે. એ હૉલ જ કૉન્સર્ટ માટે. છાશવારે આપણે ત્યાં હૉલોમાં નાટક થાય છે એમ નહિ. નાટક ત્યાં થાય પણ નહિ. શરૂ થવાની ઘડીએ જ અમે દાખલ થયા. જગ્યાએ બેઠા કે તરત સૌ ઊભા થયા: તાળીઓના ગડગડાટે જેફ ફુર્ટવાંગ્લરને શ્રોતાઓએ વધાવ્યા.

ફુર્ટવાંગ્લર નામ મને ઠીક ગમતું. એ નામના લેખકની એક સુંદર નવલકથા વાંચી હતી: 'લેડી હેસ્ટિંગ્સ'. અને પછી તો એના પરથી એણે નાટક પણ લખેલું. આપણે ત્યાં 'હેસ્ટિંગ્સની સોટી' નામની એક જૂની નવલકથા છે; પણ આ તો બેનમૂન છે. હેસ્ટિંગ્સની બૈરી તો મૂળ જર્મન. એ સાહેબ કેપ ઑવ ગુડ હોપથી ફરી વહાણમાં હિંદ પધારતા હતા ત્યારે વહાણમાં એક જર્મન ચિતારો અને એની વહુ વખાનાં માર્યા હિંદ આવે. પણ હેસ્ટિંગ્સે મદ્રાસ ઊતરતાં જ પેલા ગરીબ ચિતારાને અષ્ટમપષ્ટમ સમજાવી પાછી ગચ્છતિ કરાવી દીધી અને એની વહુને રાખી પાડી; લગ્ન પણ કરી નાખ્યાં! પણ આ તો હું 'પેલા' ફુર્ટવાંગ્લરની નવલકથા આલેખવા બેઠો! આ ફુર્ટવાંગ્લર તો બીજો; સંગીત-સંચાલક, જર્મન. બેર્નમાં દર સાલ એક કૉન્સર્ટ કંડક્ટ કરે ને સ્વિસ સંગીતરસિયાઓને હથેલીમાં ચાંદ બતાવે!

બે હાથ ઊંચા કરી એ ઊભો રહ્યો અને ટાંકણી ટપકે તો યે ખબર પડે એવી શાંતિ પથરાઈ ગઈ. અને પછી એના હાથમાંની જાદુઈ લાકડી સહેજ હાલી, એટલે તો વાયોલીન ચેલો, સેક્સોફોન, ડ્રમ, પડઘમો બધાંજ ઝબકીઊઠ્યાં. લગભગ બસો વાજિંત્રો! ન એમાંના એકેનો તાર અર્ધો યે સૂર આગો કે પાછો! કુરસાલ હૉલની દીવાલને સજીવન કરતા રણકારે અહાલેક જગાવી દીધો! મિલિટરી જીનિયસ મેસર્સશ્મિટ હો કે ઘરમાં બૈયરને ધબાક ધબાક મારનારો કઠોર હૃદયનો ધણી હો, ગમેતે પ્રકારના હૃદયોવાળા માનવો હો, પહેલા જ મંગલાચરણે એણે છાતીમાં જે શરૂઆતમાં જ સોંસરવી દીધી તે હૃદયના આગળા તોડી નાખ્યા! પછી તો શું જોઈએ? રસ્તો મોકળો થતાં, કદીક વાયોલીનો એકલી જ એવી સળવળી રહી કે હૃદયમાંની ઝીણી તંતુનિકાને પણ વ્યગ્ર કરતી ચાલી, ગલીપચી કરતી વળગી, કલાકોના શ્રમને હરતી આશ્વાસન આપતી, મુલાયમ રીતે મંદમંદ મસળતી શાંત કરતી ગઈ. પછી બધાં વાજિંત્રોએ માંહેમાંહે ચર્ચા કરતાં, સંવાદ યોજતાં, ડ્રમ-પડઘમ સાથે ધીમે ધીમે વધતાં આવેશે, વેગે, સુરાવલિઓના એવા તો ઘોર ઉત્પન્ન કર્યા કે હૉલની ઉપરનું છજું જ જાણે ઊડી જશે! એવું સ્ફૂર્તિવાળું, રોમાંચક, તેજીલું, રસપ્રચૂર, હૃદયદ્રાવક—નહિ હૃદયભેદક, મર્દાનગીવાળું છટાદાર સંગીત—ના સંગીતની હેલી ચાલી, ને લાગે કે હમણાં જાણે હૃદય બંધ જ પડી જશે; આ નહિ ખમાય. અને છતાં એ આહ્લાદક વેધકતા.'

"સંગીત લુબ્ધક, સુખદ તારું આમ નવ અટકાવ તું."

એમ આપણને થયા કરે. અંતે બીથોવનના એક ભાવભર્યા સર્જનને પુનર્જીવન આપી ફુર્ટવાંગ્લર અટક્યો ત્યારે લોકો ઊભા થઈ એને તાળીઓથી વધાવતાં થાકતા નહોતા. એ નમ્યો, એના શાગિર્દોને એ નમ્યો, આખરે ફરી-ફરી વાર આખી મેદનીને એ નમ્યો. અઢી કલાક સુધી એણે એમ હૃદયોને થનગનાવ્યાં, વિહ્વળાવ્યાં, ભારેનાં ચળકાવ્યાં, એને ખુલ્લાં કરી એને ખૂણેખૂણે સંજીવનીના સૂરોત્રો મઢી મઢીલાં બનાવી ફરી બંધ કર્યાં!

સિમ્ફોનિક સંગીતના શાસ્ત્ર વિષે હું કશું જ જાણતો નથી; એની ચાર મૂવમેન્ટ, ફિરકાઓ કે એ બધા વિષે હું કશી જ ચર્ચામાં ઊતરવા માગતો નથી. તેમ ભારતીય સંગીતશાસ્ત્રનો પણ મને અભ્યાસ નથી. અલ્લાદીઆખાં, રામકિસન બાવો, અબ્દુલકરીમખાં, વહીદઅલીખાં બાકેરે, વઝેબુવા, ફૈયાઝખાન, ઓમકારનાથ, બડે ગુલામઅલી, કેસરબાઈ ને હીરાબાઈ. એ દસ નિષ્ણાતોને કલાકો સુધી સાંભળ્યા છે. એમણે પણ અનેકવાર વાહવાહ પોકરાવી છે, હૃદય વલોવ્યાં છે. પણ એ બે અનુભવોને સરખાવવા, એ હિમાલયનાં શિખરો ને ધ્રુવપ્રદેશની સાતઆઠ દિવસની ઉષાને સરખાવવા જેવું છે. જવા દો એ વાત: પણ એ બંને અનુભવો હૃદયને સમૃદ્ધ કરવા જરૂરના છે.

પછી તો બાખ સાંભળ્યો. મેન્ડલસન સાંભળ્યો. હેન્ડેલ સાંભળ્યો, મારું દિલ જીતી ગયો તે તો ચાઇકોસ્કી જ.

પણ આપણે તો હજી કુરસાલ હૉલમાં જ છીએ. તાળીઓના વારંવારના ગડગડાટો શમ્યા પછી માતા બાળકને દોરવી લઈ જાય એમ મેસર્સશ્મિટ મને અંદર લઈ ગયા, ત્યાં લગભગ એંશીની આસપાસના ફુર્ટવાંગ્લર અને શ્મિટ બે જર્મનો જે રીતે લળ્યાઢળ્યા છે તે દૃશ્ય તો ખરેખર હૃદયંગમ જ હતું. અમે ત્યાંથી પાછાં ડગ ભરીએ ત્યાં તો એલ્સી ટોકાઈ જ છે! ઘટતું બધું થઈ રહ્યા પછી અમે બહાર આવ્યા અને મેસર્સશ્મિટ બોલ્યા. તમે મ્યૂનિક આવો અને વાગ્નર સાંભળો. ઝંઝાવાતો, પ્રલય, તાંડવ. કુદરતનું પ્રચંડ ગૌરવ, એનું રૌદ્ર સ્વરૂપ સંગીતમાં સમજવું હોય તો વાગ્નર સાંભળો.

મારા મનમાં કે એ પાછા સો-દોઢસો માઇલ ઝપેટી નાખશે. બેલવ્યૂ પહોંચી ત્યાં નીચે જરા ઠંડાં પીણાં પીવા બેઠાં ત્યાં મેં મારો એ ભય એને દર્શાવ્યો. 'નાનસેન્સ, આવા સંગીત પછી દોઢસો જ માઈલ? એરોપ્લેન હોત તો બ્રહ્માંડમાં બેચાર ચક્કર લગાવી આવત, અને ક્યાંક શનિ કે મંગળ સામે ટક્કર ઝીલી પાછા આવત! ના, તમને ઊંઘ ન આવતી હોય તો મારે થોડી વાતચીત કરવી છે. મને કહો, ભારતમાં યોગ અને એની ફિલસૂફી એટલે શું?'

એલ્સી ઘેર ગઈ અને અમે વાતે વળગ્યા. (ચાલુ)

સુભાષિત

संताश्च लुब्धाश्च महर्षिसंघा विप्राः कृषिष्टाः खलु माननीयाः
किं किं समिच्छंति तथैव सर्वे नेच्छंति किं माधवदाघयानम्॥

(અનુવાદ)

સંતો અને લુબ્ધ, મહર્ષિ લોકો, ને વિપ્ર, ખેડૂજન, માનનીયો,
શું શું ખપે એ સહુને? તથા શું ખપે નહિ? **माधवदाघयानम्.**

[વિવરણ: આ સુભાષિત શબ્દોની રમતનું છે છતાં રસિક છે. સંત, લોભિયા, ઋષિઓ, બ્રાહ્મણો, ખેડૂત, ને માનને યોગ્ય પુરુષો શું ઈચ્છે છે ને શું નથી ઈચ્છતા એનો જવાબ છેડે એક જ વાક્યમાં આપ્યો છે. એમાં રમત કરી છે. 'માધવદાઘયાનમ્'માંથી એકેક અક્ષર અનુક્રમે લઈને છેલ્લું **नम्** તેને લગાડવાનું. એટલે સંતોને માનમ્, લોભીને ધનમ્, ઋષિઓને વનમ્, વિપ્રોને દાનમ્, ખેડૂતને ઘનમ્ એટલે વરસાદ, ને માનીને યાનમ્ એટલે વાહન જોઈએ. જ્યારે એ બધાને શું ન જોઈએ? માધવ એટલે વૈશાખ માસ, એનો દાઘ એટલે ગરમી, એનું યાન એટલે એમાં ચાલવાનું. એ કોઈને પણ ન ગમે! આજે માનનીયનો અર્થ ઑનરેબલ પણ થાય છે; ઑનરરી એટલેકે મફત કામ કરનાર પણ થાય છે. એવા સજ્જનોને આમંત્રણ આપનાર પુરસ્કાર નહિ તો વાહનખર્ચ તો આપે છે. સંતો બહાર નહિ દેખાડે તોપણ અપમાનથી જરૂર દુભાશે. માનાપમાન સરખું ગણનાર સ્થિતપ્રજ્ઞ તો વિરલ હશે. કદાચ ગીતાજીનાં પાનાંમાં જ.

ર. ભી]

પચ્ચીસ વર્ષ પહેલાં કુમાર

પોષ '૮૫ · અંક ૧૧

"દસ વર્ષની ઉમરે અનાથ બનેલા એક વીર બાળકે ઉગ્ર કર્તવ્યનિષ્ઠાથી સંસારનો ભાર પોતાની કોમળ ખાંધ પર ઝીલવો શરૂ કર્યો. નાના ઘરમાં મોટું મન રાખીને એણે જીવનનો આરંભ કર્યો. તલ તલ કરીને એણે પોતાના જીવનનું નિર્માણ કર્યું. એણે ગરીબીના ઘા ખમ્યા, સંસારની સામે યુદ્ધ ખેડ્યું, ખડતલ શરીર અને ઉજ્જ્વલ ચારિત્ર્ય ઘડ્યાં, ગગનગામી સ્વપ્નો રચ્યાં ને એને સંપૂર્ણપણે પાર પાડ્યાં. શરીરની શક્તિથી, બુદ્ધિની પ્રતિભાથી, ચારિત્ર્યની ઓજસ્વિતાથી એણે સંસારમાં પોતાનો માર્ગ કર્યો અને બીજાને ઉદાહરણરૂપ થાય એવો એને ઉજ્જ્વલ બનાવ્યો. આપબળે સ્વચરિત્ર ઘડી હિંદી મુદ્રણકલામાં નવયુગ સ્થાપનાર અગ્રણી મુદ્રણકાર ચિંતામણિ ઘોષની એ આખી જીવનકથા પ્રેરક તેટલી જ અનુકરણીય છે." આવા ઉપાડ સાથે આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના અંક(૯૦)માં અમે અલ્લાહાબાદના ખ્યાતનામ મુદ્રણાલય 'ઇન્ડિયન પ્રેસ'ના સ્થાપક ને સંચાલકનું જે ચરિત્ર છાપેલું તે અમારે મન 'કુમાર'માંનાં શ્રેષ્ઠ ચરિત્રો પૈકીનું એક (હજી આજે વાંચતાં પણ) લાગે છે. એ આખું ઉતારવું અશક્ય હોઇ ઉપર તેના ઉપાડનો આસ્વાદ આપી દીધો. હવે અંત જુઓ :

"એક કોડી વિના એમણે જીવન શરૂ કર્યું ને આપબળે લાખો રૂપિયા કમાયા; સાહિત્યનું કશું જ્ઞાન ન હોવા છતાં એમણે અનન્ય સાહિત્યસેવા કરી; હિંદી મુદ્રણકળામાં એમણે નવો યુગ ઘડ્યો; હિંદી ભાષાની વેલી એમણે નવપલ્લવિત કરી. એમણે યશ મેળવ્યો, ધન કમાયા ને દુઃખ પણ વેઠ્યાં. લક્ષ્મીના એ ચરણચુંબક ન હતા; એમની તપસ્યા ને સાધનાથી મુગ્ધ થઈ લક્ષ્મી એમને વરી હતી. એ નીરવકર્મીને યશની લેશમાત્ર લાલસા ન હતી. નીરવતાથી કામ કરી તેને સફળ કરવું એ જ એમનું ધ્યેય હતું. ઇન્ડિયન પ્રેસનું નામ આજે દેશભરમાં જાણીતું છે; એમનું પોતાનું નામ એમના અવસાન પહેલાં ભાગ્યે જ દેશ જાણતો હતો."

પ્રાણીકથાઓ—વન્ય તેમજ પાલિત પંખી-પ્રાણીઓના સ્વભાવ ને ખાસિયતો નિરૂપતી વાર્તાઓની પહેલ પણ ગુજરાતી સામયિકોમાં 'કુમારે' કરી. એવી એક વાર્તા 'કાળો દીપડો'માંથી આર્નિયાના વતનીઓની અને પ્રાણીઓની માહિતી આપતી થોડી વાનગીઓ :

"ગીચ જંગલને ચીરીને વહેતી એક નાની પણ ઊંડી નદીને કિનારે, ચોમેર ટેકરીઓથી વીંટળાએલો ખુલ્લો પ્રદેશ હતો. એ નાની સરખી ખીણમાં ડયાક લોકોનું એક નાનકડું ગામડું હતું. વૃક્ષોનાં ઝુંડથી છવાએલી પર્વતની ધારોની હારની હાર ત્યાંથી શરૂ થઇને નદીને બંને કિનારે આવી રહી હતી. આવા રમણીય-ભયંકર સ્થાનમાં નીકોનો જન્મ થયો હતો. નાનપણથી જ તે એવો ચપળ, સાહસિક અને ફાંટાબાજ હતો કે મોટો થયે તે કોમનું નામ રાખે એવો અચ્છો શિકારી નીવડશે તેમ સૌને આશા પડતી. તેમાં યે એક દહાડો તેણે નદીની ઉપરવાસ આવેલી દીપડાની બોડના સમાચાર આપ્યા ત્યારે તો ગામલોક અજાયબીથી સ્તબ્ધ થઈ ગયા; કેમકે દુનિયામાં સૌથી વધુ ઝેરી ને ખૂનકારક ગણાતું એ લોકોનું શિકાર કરવાનું હથિયાર 'ભૂંગળી ને શૂળ' ધારણ કરવાને માટે તો નીકો હજુ લાયકે થયો ન હતો.

ભૂંગળી અને શૂળનું આ લોકોનું હથિયાર જેટલું સાદું તેટલું જ ભયંકર હોય છે. અતિ કાતિલ ઝેર પાએલી થોડી શૂળો શિકારી રાખે છે. બીજી હોય છે એક સાદી ભૂંગળી. શિકારની તક મળે કે એક શૂળ ભૂંગળીમાં નાખે છે, અને ભૂંગળીનો પાછળનો છેડો મોંમાં લઈ, બરાબર તાકીને જોરથી ફૂંક મારે છે. શૂળ ઊડીને શિકારને વાગ્યાની જ વાર: માત્ર લોહી નીકળવું જોઈએ. એક પળમાં તો ઝેર હાડોહાડ વ્યાપી જાય અને શિકાર ઢગલો થઇને નીચે પડે!

નીકોની ઉગ્ર ઇચ્છા દીપડાનો શિકાર કરવાની હતી. તેને એનું કાળાં ટપકાંવાળું ચામડું બહુ ગમતું. દીપડા અને ચિત્તામાં ફેર એ છે કે દીપડાને શરીરે કાળાં ચકરડાં ત્રણત્રણ સાથે હોઈ ફુલેવર જેવો આકાર હોય છે; જ્યારે ચિત્તાને માત્ર કાળાં મીંડાં જ હોય છે. વળી ચિત્તાને, આંખથી ગાલ સુધી, આંસુ વહેતાં હોય તેવા બે લીટા હોય છે. દીપડો ઘૂરકે છે, જ્યારે ચિત્તો બિલાડી જેવો અવાજ કરે છે. દીપડો એટલે પૅન્થર, ચિત્તો તે હંટિંગ લેપર્ડ."



ગુજરાતની કલાના એક ઐતિહાસિક સીમાચિહ્નરૂપ, ઉત્તર ગુજરાતમાં આવેલા કોટ્યર્કનાં પ્રાચીન શિલ્પો ઉપર વડોદરાના ડૉ. રમણલાલ મજમુદારે લખેલા એક લેખે હિંદભરના વિદ્વાન કલાવિવેચકોનું ધ્યાન ખેંચ્યું છે. પણ વસ્તુતઃ એ શિલ્પને તે અગાઉ સૌપ્રથમ પ્રકાશમાં આણીને તેની પાડેલી છબિઓ તથા કલાનિર્દેશ શ્રી રવિશંકર રાવળે 'કુમાર'ના આ અંકમાં જ પ્રકટ કરેલાં. એ વિસ્તૃત લેખમાંથી માત્ર એક જ શિલ્પનો જે ટૂંક પરિચય આ નીચે તારવીએ છીએ, તેમાં, નિર્મિત કાનૂનોનું બંધન સ્વીકાર્યા વિના મુક્ત મન અને હાથથી નિરૂપવામાં આવતી કલાને



(આજની 'મૉડર્ન' કલાને) પણ સમજવાની વિચારણા મળશે.

'હિંદના પ્રાચીનશિલ્પમાં નજરે નહિ પડેલું એવું આ કલાવિધાન કોઈ પણ ઇતિહાસવેત્તા કે કલાકારને અસર કર્યા વિના ન રહે એવું છે. એમાં નથી મૂર્તિરચનાનો રૂઢ પ્રકાર કે નથી પૂતળીઓના ચાલુ ને સર્વવ્યાપી અલંકારો યા કોઈ સાંકેતિક મુખમુદ્રા. કોઈ પણ સામાન્ય દૃષ્ટિ તરત સમજી શકે એવી આ ત્રિપુટીની લીલા બહુ જ આનંદ અને કુતૂહલભરી લાગે છે.

શિલ્પનું વસ્તુ સાવ સ્પષ્ટ છે. એમાં નાની બહેનના ખભા ઉપર લાડકો ભાઈ હાથીની સવારી માણી રહ્યો છે. માતા તેને કંઈક ખાવાનું આપી રહી છે. આંગણાનો મોર માતાને પગે અટવાઇને એ પદાર્થ તરફ ખેંચાઈ રહ્યો છે. શિલ્પના બાહ્ય કૌશલમાં આજની આંખે કેટલીક ન્યૂનતા ભાસે છે, પણ શિલ્પકારે દૃષ્ટિની મર્યાદા સ્વીકારી હોત તો તેથી કલાનાં જે તત્ત્વો આ શિલ્પમાં ભાળીએ છીએ તે ન કોતરાત.


કલાકારની ક્રિયામાં વૈજ્ઞાનિક માપો કામમાં આવતાં નથી. ઇંચ, ફૂટ, કંપાસ કે દોરી વગેરે વસ્તુઓ જ્યારે બીજા ઉપયોગને અનુકૂળ સામાન બનાવવો હોય ત્યાં જ જરૂરની છે; પણ જ્યાં એક ઊર્મિ વ્યક્ત કરવાની હોય, જ્યાં એક તાન માત્ર મારવાની હોય અથવા કોઈ ભાવોદ્‌ગાર કાઢવાનો હોય ત્યાં તો કલાકાર તદ્દન સ્વતંત્ર અને છૂટે હાથે, કોઈ પણ કાનૂનની મર્યાદાનું બંધન સ્વીકાર્યા વિના, પોતાના ધ્યેયને પ્રગટ કરવા મથે છે. સ્થપતિનો પ્રાથમિક ખસરો જુઓ, ચિત્રકારનું પહેલું ડાળિયું જુઓ, શિલ્પીએ શરૂઆતમાં છોલેલો પથ્થર જુઓ અથવા લેખકની વસ્તુનિર્દેશની નોંધ જુઓ: એ પ્રથમ વિધાનમાં જ સર્જનની ઊર્મિની લહરી હોય છે; કલાનું બીજ હોય છે. એ પ્રથમ વિધાન પર કલાની બધી ઔપચારિક ક્રિયાઓ અવલંબે છે. પછીના સંસ્કારોમાં અભ્યાસનું, અનુભવનું અને સાધન તથા અલંકારોનું બળ કામ લાગે છે. કલાતત્ત્વવેત્તાઓ તો ગમે તે કૃતિમાં પેલું પ્રથમ તત્ત્વ ન હોય તો બાકીની બધી વસ્તુઓની કિંમત નજીવી ગણે છે. ઘણા ય કલાકારોની પહેલી રૂપરેખા તેના સંપૂર્ણ ચિત્ર કરતાં વધારે તત્ત્વવાળી લાગે છે.

કોટયર્કના આ શિલ્પમાં પણ કલાનાં આવાં મૂળ બીજક-તત્ત્વો સ્પષ્ટ ભાસે છે. માનવજીવનના સરળમાં સરળ આવિર્ભાવ એ શિલ્પમાં પ્રત્યક્ષ થાય છે. બાળકને સ્નેહથી ખવડાવવા આવેલી માતાનો ભાવ છાનો નથી. બાળકે માતાના સ્પર્શથી ઊંચું કરેલું મુખ અને માતાની વચલી આંગળી પકડેલા હાથની ચેષ્ટા સાવ સ્વાભાવિક અને આહ્લાદક લાગે છે. ભાઇને ખાવાની તક આપવા માટે બહેન થંભે છે. તેનું શૈશવ અને અંગલાલિત્ય કલાકારના કૌશલની પ્રતીતિ કરાવે છે.'

'ચીતરવાનું સહેલ છે' એ મથાળા નીચે અમે અવારનવાર આપ્યા કરેલી ચિત્રશિક્ષણની માળા પણ એક ઉપયોગી અંગ હતું. દર વખતે એ તો અમે અચૂક ઉતારતા આવ્યા છીએ, એટલે આ સાથે એ હપતો ઉતારીએ. આજે યે એટલો જ તાજો ને ઉપયોગી લાગશે:

"દરેક ઉમંગી વિદ્યાર્થીને ઝટ માણસ દોરવાની બહુ હોંશ થાય છે; પણ તે દોરે છે ત્યારે જ તેને સમજાય છે કે રોજ નજરે પડતા માનવદેહનાં પ્રમાણો કે મુખ્ય ભાગો પણ તેના મનમાં યાદ રહ્યા નથી હોતા. અહીં આપેલી સૂચનાઓ ને ચિત્રો મનમાં ઉતારી એ પ્રમાણે દોરશો તો સારું પરિણામ આવશે.

માણસના આખા શરીરનું સમતોલન અને છટા માથા વડે જ છે; તેથી શરીર ચીતરનારને માથાનું પ્રમાણ ધ્યાનમાં રાખી બીજા ભાગોનાં માપ મનમાં ઉતારવું સહેલું પડે છે. સાધારણ ઉંચાઈવાળા પુખ્ત માણસમાં સામાન્યરીતે માથા કરતાં શરીરની લંબાઈ સાતગણી હોય છે. તાળવાથી શરૂ કરીને બે સાથળના સાંધા સુધી શરીરની અરધી લંબાઈ થાય છે. ખભા આગળથી લટકતો હાથ સાથળના સાંધાથી એક માથા જેટલે નીચે પહોંચે છે; એટલે



એક હાથની લંબાઈ સરેરાશ અરધા શરીર જેટલી થાય. ગોઠણ ને પગનાં તળિયાં વચ્ચે બે માથાની (પા શરીરની) જગ્યા છે. બે ખભાની પહોળાઈમાં બે માથાં જેટલી જગ્યા છે. સ્ત્રીની ઊંચાઈ માણસ કરતાં અરધું માથું ઓછી ગણાય છે. તેના શરીરના ભાગો પુરુષ કરતાં સહેજ ટૂંકા હોય છે, ને તેનાં હાડકાં કોમળ હોવાથી તેની બધી રેખાઓ ગોળ ને નરમ હોય છે.

શરીરનું માળખું યાદ રાખવા માટે સાથેના ચિત્રમાં બેત્રણ પ્રકારો બતાવ્યા છે. ખભાનાં બે હાડકાં, કોણીની અણી, પહોંચાનો વાંક, કેડનાં ઠાઠાંનાં બે બિંદુ, ગોઠણની બે ઢાંકણી અને પગની ઘૂંટીના ઢોચા—શરીરના આટલા સાંધાઓ તથા હાથપગના પંજાની લંબાઈ ને હિલચાલ ધ્યાનમાં ન ઊતરે તો મનુષ્ય ચીતરવામાં ભૂલ થવાની જ. એ બધી નિશાનીઓ ખરી છે તે નક્કી કરવાને અંદરનું હાડપિંજર પણ કલ્પનાથી ખયાલમાં ઉતારવું જોઇએ. સાથેના ચિત્રમાં એક આકૃતિમાં ચામડા નીચે છુપાએલું હાડપિંજર પણ જરા બતાવ્યું છે. તેમાં શરીરના સાંધાની રચના સ્પષ્ટ દેખાશે.

બધું યાદ ન રહે અને ફક્ત દરેક ભાગની લંબાઈ બરોબર યાદ રાખીને પણ કોઇ મનુષ્યનું ખોખું કરે, તો પણ તેમાં માણસનો ઠાઠ લાગશે. એવું ખોખું પણ ચિત્રમાં એક ઠેકાણે આપ્યું છે. ઓછી ઉંમરના છોકરાની અને બાળકની ઊંચાઈમાં સાધારણ માપથી કેટલો ફેર પડે છે તે પણ છેલ્લે બતાવ્યું છે. બાળકમાં માથા સિવાયના ભાગ પૂરા ખીલ્યા હોતા નથી, એટલે પ્રમાણમાં તેનું માથું મોટું દેખાય છે.”

પ્રજનન (કાયાની કરામત) ચાલુ

અનુસંધાન પૃ. ૧૯થી

આથી જ આપણામાં આ દિવસો દરમ્યાન ‘દૂર બેસીને’ સ્ત્રીઓને આરામ આપવાની જોગવાઇ કરવામાં આવી છે.

યૌવનારંભે શરૂ થતું રજોદર્શન પ્રૌઢાવસ્થામાં કુદરતીરીતે બંધ થાય છે. પિસ્તાલીસ વરસની વયની આસપાસ આ ઋતુસમાપ્તિ (menopause)નો સમય આવે છે. આ વખતે બીજાશયો સુકાઇ (atrophy) જાય છે. ઇસ્ટ્રીન ને પ્રોજેસ્ટેરોનના સ્રાવો પણ એકદમ ઘટવા માંડે છે. પરિણામે ગર્ભાશય, યોનિ ને સ્તનમાં પણ ક્ષીણ અવસ્થા આવી પડે છે. જનન અવયવોના ફેરફારો એ સમગ્ર જીવનના ફેરફારો (change of life) સમાન હોઇ એની અસર સ્ત્રીના આખા શરીર ઉપર પડે છે. આથી તેમનામાં સ્વભાવફેર થવો, પસીનો થવો, ઊનવા લાગવો (hot flushes) વગેરે ત્રાસદાયક ચિહ્નો દેખા દે છે. (ચાલુ)

રંગનો વહેમ

૧૩

પ્રબોધ જોષી

માણસજાત આખી યે વહેમી છે. આમ તો, જે લોકો શુકન–અપશુકન, વ્યતિપાત, સામો કાળ વગેરેમાં માને છે તેમને જ આપણે વહેમી ગણીએ છીએ; પણ બીજી એક રીતે જોઇએ તો હકીકતમાં બધાં વહેમી છે. બે વર્ષ ઉપર એક પત્રમાં અમે લખતા હતા ત્યારે ‘વહેમની વિરુદ્ધમાં’ નામનો એક લેખ લઇને એક ભાઈ તંત્રીને મળવા આવ્યા હતા. તંત્રી જરા મિજાજમાં નહોતા એટલે એ લેખકે કહ્યું, ‘તંત્રી આજે મૂડમાં લાગતા નથી એટલે કાલે જ મળું; આજે મળીશ તો મને વહેમ છે કે એ લેખ નહિ લે.’ એટલે, વહેમની વિરુદ્ધ કહેનારા, લખનારા અને માનનારા પણ વહેમમાં તો માને જ છે.

‘વહેમ’ શબ્દ પોતે પણ જરા વહેમી છે! જ્યારે જ્યારે ‘વહેમ’ શબ્દ વપરાય છે ત્યારે તમારે તેની સામે જોતાં તેની આજુબાજુ પણ વહેમની નજરે જોવું પડે છે. કારણકે કેટલીક વાર વહેમ માત્ર ‘સુપરસ્ટીશન’ તરીકે વપરાય છે, ત્યારે કેટલીક વાર તેનો અર્થ શંકા, અવિશ્વાસ, આગાહી, વિવેચન, સૂગ અને શુંનું શું થાય છે. બીજા અર્થમાં જોઇએ તો દુનિયા વહેમથી ભરપૂર છે. વિવેચકને વહેમ હોય છે કે આ પુસ્તક નહિ ચાલે; જનતાને વહેમ છે કે સરકાર ચોર છે; સરકારને વહેમ છે કે જનતા તેની ખોટી ટીકા કરે છે; વિરોધ પક્ષને વહેમ છે કે સરકાર પક્ષ ઊડી જશે; દર્દીને વહેમ છે કે ડૉક્ટર બેદરકાર છે; ડૉક્ટરને વહેમ છે કે દર્દી બિલ નહિ આપે. ટૂંકમાં વહેમ પર જ દુનિયા ચાલે છે અને નહિ કે વિશ્વાસ ઉપર. આપણે રોજ જેની જોડે પ્રસંગ પાડીએ છીએ તે શાકવાળા પણ સિક્કા જોઇને લે છે અને આપણે પણ બટાટા વીણીવીણીને લઇએ છીએ. આ છતાં પાછા વાત તો આપણે વિશ્વાસની જ કરીએ છીએ!

પરંતુ અમારી આજની વાત બીજા વહેમ ઉપર નહિ પણ પહેલા વહેમ ઉપર નિર્ભર છે. અમારા એક મિત્ર છે. નામ છે પ્રકાશ. વહેમનો જીવતોજાગતો અને મોટામાં મોટું બિઝનેસ મૂકતો એ સેલ્સમૅન છે. એને તમે પૂછો કે ગુરુવારે મુંબાઈ આવવું છે? તો કહેશે ‘ના, સામો કાળ છે’. ‘શુક્રવારે?’ ‘ના, કંઈ શુક્રરવાર ન વળે.’ ‘શનિવારે?’ ‘ના, ચીકણો વાર છે.’ ‘રવિવારે?’ ‘ના, પંચક છે.’ ‘સોમવારે?’ ‘ના, વીંછુડો છે.’ ‘મંગળવારે?’ ‘ના, માતાજીનો વાર છે.’ ‘બુધવારે?’ ‘ના, બેવડાય.’ તમે એને કોઈ વારે બહાર ન લઈ જઈ શકો. આ વહેમી મિત્ર ત્રણ વર્ષથી મુંબાઇમાં છે. એ મુંબાઈ કયા વારે અને કઇ રીતે આવ્યો તે ન લખવામાં જ મઝા છે. પણ ભાઇસાહેબ ત્રણ વર્ષથી અહીં આવ્યા છે છતાં નોકરી વગરના છે. એનું કારણ પણ તેમનો વહેમ છે. તેમને નોકરી માટે ઈન્ટરવ્યૂ આપવા બોલાવાય છે ત્યારે ગાયના શુકન શોધે છે; અને મુંબાઈમાં ગાય મળે નહિ એટલે હજુ ભાઇ બેકાર છે! બે વખત સીધી નિમણૂક આવી ત્યારે ભાઈસાહેબ ચોપડીમાં જોવા બેઠા અને કાળ હોવાથી નોકરીએ ન ચડ્યા! સવાલ એ ખરો કે તેઓ ખાય છે શું? એનો જવાબ એટલો જ કે એમના પરમ પૂજ્ય સ્વર્ગસ્થ પિતાશ્રી લોકોમાં વહેમ નાખી નાખી મિલ્કત બનાવીને મૂકીને ચાલ્યા ગયા છે. હા જી, તેમના પિતાજી વીમાનું કામ કરતા હતા.

આ છે મારો મિત્ર. જે માણસ નોકરી ન કરે તે લગ્ન તો કરે જ નહિ. પણ, હું વહેમમાં નથી માનતો; અને પરિણામ—કે સાર, જે ગણો તે, એનો એ છે કે અમે પરણેલાં છીએ. પત્ની વહેમી નહોતી. અમે બંને ઇચ્છાશક્તિમાં માનનારાં અર્વાચીન હતાં. એમાં એક વખત પ્રકાશે મારે ત્યાં મુલાકાત આપી અને આત્મશ્રદ્ધામાં માનનારી સુલતાને તેણે ધીમે ધીમે વહેમી બનાવી દીધી.

એક દિવસની વાત છે. હું રાતના શોની ટિકિટ બુક કરાવીને ઘેર આવ્યો. સુલતાને તૈયાર થતી જોઇ પ્રકાશે મને પૂછ્યું, ‘નવનીત, ભાભી કંઇ બહાર જાય છે?’ મેં કહ્યું, ‘હા, અમે ફિલ્મ જોવા જઇએ છીએ.’ તેણે કંઈ ગણતરી કરીને કહ્યું, ‘રાતના શોમાં? ઊંહું, ના જતો. કાળ ચોઘડિયું છે.’

મેં કહ્યું, ‘જો રહ્યું; અમને એ નથી નડતું.’

પણ તે ક્યાં ગાંઠે એમ હતો? તેણે કહ્યું, ‘અને કયા થીએટરમાં જાઓ છો?’

મેં કહ્યું, ‘ઑપેરા હાઉસમાં.’

‘તો તો ખલાસ; દક્ષિણ દિશામાં ગમન તારા માટે ભયંકર છે. સારું, તારી ટિકિટ તો બતાવ.’ મેં ટિકિટ કાઢી તો તેણે ચીસ પાડી. ‘અને આ શું? લીલા રંગની ટિકિટ?! તો તો બસ ખલાસ. અને હા, બુકિંગ કઈ રોમાં છે.’

'એમ.માં.'

'એમ. રે!! આજે જો તું ને સુલતા ભાભી જશો તો જરૂર કંઈક અમંગળ...'

તે વાક્ય પૂરું કરે ત્યાં તો સુલતા બહાર આવીને બોલી, 'મંગળસૂત્ર આજે પહેરું?' પ્રકાશે મને બાજુએ મૂકી સુલતાને કહ્યું, 'ભાભી, કાળ ચોઘડિયું, દક્ષિણ દિશાનું થીએટર, લીલા રંગની ટિકિટ અને ૧૩મી રો! ના ના, ભાભી તમે જશો તો જરૂર નવનીતને ઘાત...'

અને ભાઇ, અમારું સિનેમા છતી ટિકિટે ને છતા ટાઇમે બંધ રહ્યું.

મને પ્રકાશ ઉપર ચીડ ચડતી; અને સાચું કહું તો વહેમી બનેલી સુલતા ઉપર પણ હવે ચડતી. છતાં અમે સુખી હતાં. આદર્શ યુગલ તરીકે પડોશીઓ અમારી ઇર્ષ્યા કરતાં.

એવામાં એક દિવસ સવારે ઊઠતાં જ મને યાદ આવ્યું કે આજે તો સુલતાની વર્ષગાંઠ છે. મેં ઑફિસમાંથી રજા મંગાવી અને સુલતાને કંઈ પણ કહ્યા વગર નાહીધોઇને બજારમાં ગયો. મારા એક મિત્રની કાપડની દુકાન હતી એને ત્યાં જઇને કૈંક નવીન બતાવવાનું કહ્યું. એણે પૂછ્યું, 'કોને માટે જોઇએ છે?' મેં જેને માટે જોઈતું હતું તેનું નામ લેતાં જ મિત્રે ચલાવી: 'ઓહ, સુલતાભાભી માટે? તો તો દોસ્ત, એક સરસ નવી જ ફૅશનની સાડી લઈ જા. હમણાં બધાં પૈસાદાર બૈરાં એ જ પહેરે છે.'

'પૈસાદાર' શબ્દ દુકાનદાર બોલે ત્યારે મધ્યમ વર્ગના ખરીદનારાએ નાક મચકોડવું, કારણ કે એમ કરવાથી કોઈ દિવસ નાક કપાતું નથી! છતાં મિત્રે મને કહ્યે જ રાખ્યું: 'ભલા માણસ, ૬૫ રૂપિયાની સાડી માટે આમ ના શું કહે છે? બીજા માટે તો નથી લેવાની ને? ભાભી માટે લેતાં જીવ કપાય છે?' મેં વળી વધુ બફાટ કરતાં સુલતાની વર્ષગાંઠની વાત કરી, એટલે તેણે કહ્યું, 'નવનીત, તને ભાભીના સમ, જો ના લઈ જાય તો. જા તારી પાસેથી ૬૦ લઇશ. બોલ કયો રંગ આપું! સફેદ કે કાળો?' ઘઉંવર્ણી સ્ત્રીને બેમાંથી એકે ન ચાલે, એટલે મેં ત્રીજા રંગની માગણી કરતાં તેણે મને લીલા રંગની સાડી આપી. પૅકેટ બંધાવી હું ઘેર આવ્યો.

મેં જ સુલતાને કહ્યું, 'સુલતા, અભિનંદન.'

'શાનાં?'

'તારી વર્ષગાંઠનાં. તારી વર્ષગાંઠ નિમિત્તે આજે એક ભેટ લાવ્યો છું. બોલ શું હશે?'

'કહું? એ–એ–એ; ના તમે જ કહો શું છે?' મેં પૅકેટ ફેંક્યું. તેણે ખુશખુશ થતાં ખોલ્યું. પણ જેવું પૅકેટ ખોલ્યું કે તરત જ જેમ ઘણી આશા સાથે થીએટરમાં પેઠેલો માણસ બંડલ ફિલ્મ જોઈ ઇન્ટરવલમાં ખરાબ મોઢે બહાર નીકળે છે તેમ તેનું મોં સાડી બહાર આવતાં પડી ગયું. કારણ? કારણ તેને મોઢે જ સાંભળો:

'નવનીત, ભેટ તો સારી છે; કાપડ પણ સરસ છે; પણ રંગ...'

'કેમ, રંગનું શું થયું?'

'લીલા રંગનો મને વહેમ છે.'

'મને નથી.'

'સાડી મારે પહેરવાની છે, તમારે નહિ.'

આ તો શ્રીમતીજીને ખુશ કરવા જતાં તેમનો ખોફ વહોર્યો! હવે? મેં રહીસહી બુદ્ધિની મદદથી કહ્યું, 'તો લાવ, બદલાવી લાવું!'

'ના, તમારી પહેલી ભેટ બદલાવીએ તો પણ અપશુકન થાય. તમે એમ કરો; મારી જોડે જ ચાલો. અને હા, તમે આ કેટલાની લાવેલા?'

'સાઠની.'

'તો મને બીજા સાઠ આપો.'

'પણ હું તારી જોડે જ છું ને?'

'ના, તમે મને આપોને. મારે ટસન છે.'

પાછો વહેમ! પણ ભાઈ, હરામ છે આપણાથી બોલાતુંચલાતું હોય તો! પાકીટ ખોલી કટાણે મોઢે રૂપિયા સાઠ કાઢી આપ્યા અને જમી કરીને જવાની તૈયારી કરી.

બપોરે બસમાં અમે બજારમાં ગયાં. બસ ઊભી રહી અને અમે ઊતર્યા કે તરત બસ ઊપડી. ત્યાં તો લાગલી જ સુલતાએ બૂમ પાડી: 'અરે, રોકો રોકો! બસને રોકો!'

મેં પૂછ્યું 'શું થયું?'

'થાય શું? વાત ન કરો, બસ રોકોને!'

જો બજારમાં ભરચક લત્તામાં સ્ત્રીઓની બૂમોથી બસ ઊભી રહેવા માંડે તો આખા દિવસમાં એ જેટલી ટ્રિપ કરે છે તેના ૨૦ ટકા પણ ન કરી શકે. બસ ગઈ. નંબર યાદ રાખ્યો હતો. મેં કહ્યું, 'હું બીજી બસમાં જાઉં છું અને તેને પકડી પાડીશ. પણ થયું શું એ તો કહે!'

તેણે કહ્યું, 'તમે આપેલા રૂપિયા મેં પર્સમાં મૂકયા હતા, ને બસમાં મારી પર્સ ભૂલી ગઇ!'

વિચારો સાહેબ, કે મારા મોં ઉપર ત્યારે નહિ કલ્પેલા કયા ભાવ હશે? હું બીજી બસમાં જવાની તૈયારી કરતો હતો ત્યાં તેણે કહ્યું, 'એમ કરો; મને બીજા ૬૦ આપો તો હું મારી પસંદગીની સાડી લઇ ઘેર જાઉં!'

એક તો પત્નીની વાત, બીજી તેના વર્ષગાંઠના દિને કરેલી વાત, ને ત્રીજું તાજો પગાર. હા જી, માનો કે ન માનો, આ નવનીતલાલે ત્રીજા ૬૦ તેના હાથમાં મૂક્યા ને બસ પકડી.

હું ડીપો ઉપર ગયો. ગાડીનો નંબર કહી આખી વાત કરી. ડીપોવાળો કોઈ સારો માણસ હતો. તેણે કહ્યું, 'ગાભરું નકા. તમારા પર્સને કંઈ નથી થવાના. પણ આતા કાય માહિત મળવાના નહિ. તુમચા પર્સ હોઈલ તો સાંજના ટાઇમે આવવાના. તમે એવી કરા. સાંજે આવો, આણિ ખાત્રી આપુન લે જાવ.'

ઘેર જઇને જોયું તો બે સાડી પડી હતી: એક હતી લીલી, જે અમે લાવ્યા હતા; બીજી હતી રેશમી, અંદર લાલ ને પીળાં ટપકાંવાળી જે તે લાવી હતી. હું માથે હાથ દઇને બેઠો હતો. સુલતા ગેરહાજર હતી. એટલામાં બારણું ખખડ્યું. હું સમજ્યો કે તે આવી. મેં હોંશથી બારણું ખોલ્યું તો પ્રકાશ હતો. ભાભીને અભિનંદન આપવા આવ્યો હતો. તેણે કહ્યું, 'નવનીત, આ લીલી સાડી કોણ લાવ્યું? અપશુકનિયાળ!' મેં તેને અડધે રોકીને આખું પુરાણ કહ્યું. તો પણ તે મૂર્ખ કુંવારા માણસે તેની ભાભી સાચી હતી એમ જ કહ્યા કર્યું!

થોડી વારમાં સુલતા આવી. તેના હાથમાં વળી એક પૅકેટ હતું! હું તેને કંઈ કહું તે પહેલાં જ પ્રકાશે તેને અભિનંદન આપ્યાં. પ્રકાશ તેને લીલા રંગની વાત કરે તે પહેલાં મેં ડીપોની વાત કરવા માંડી. હું ડીપોની વાત પૂરી કરું તે પહેલાં પ્રકાશે કહ્યું, 'જો નવનીત, તું લીલા રંગની સાડી લાવ્યો તેમાં પર્સ ગઈ. ભાભી, લીલો રંગ તો અપશુકનિયાળ...'

પણ સુલતા કંઇ નવું જ કહેવા માગતી હતી. તેણે કહ્યું, 'ના, પ્રકાશભાઇ, હવે હું એમ નહિ કહું કે લીલો રંગ અપશુકનિયાળ. મારા હિસાબે તો લીલો રંગ શુકનવંતો છે.'

હું તો ડોળા ફાડીને એ સાંભળી જ રહ્યો. તેણે આગળ ચલાવ્યું, 'હા, એ લીલા રંગની સાડી લાવ્યા તે મને ના ગમી, અને બીજી લેવા ગયા ત્યાં પર્સ ખોવાઇ. તેમણે મને ત્રીજા ૬૦ આપ્યા તેમાંથી હું આ પડી છે તે સાડી લાવી. એ સાડી લઈ ઘેર આવી તો મેં જોયું કે હું પર્સ તો લઈ જ નહોતી ગઇ! એટલે અહીંથી પર્સ લઇ પાછી બજારમાં જઇ ત્રીજી સાડી લઇ આવી. બોલો પ્રકાશભાઈ, લીલી સાડી આવી તો એકની ત્રણ મળીને?'

પ્રકાશે કહ્યું, 'હા ભાભી, તમે કહો છો એમ હોય તો આપણો રંગનો વહેમ જતો રહ્યો. હવે આપણે રંગના વહેમમાં માનતા બંધ.'

મેં કહ્યું, 'એય, તમે બે તો બંધ થયા, પણ હવે તો હું પોતે જ રંગના વહેમમાં માનતો થયો!'

પ્રકાશે ચમકીને કહ્યું, 'કોણ તું, નવનીત? યુ ડોન્ટ સે...'

મેં કહ્યું, 'ડોન્ટ સેવાળા! આ હું લીલા રંગની સાડી લાવ્યો તેમાં જ મારે ૧૮૦ની ઊઠી! તમ વહેમીઓનો વહેમ ગયો, પણ મારો...'

હા જી, હવે હું લીલા રંગના વહેમમાં ખૂબ માનું છું.

ગુંતરી

એ નામની એક રૂપસુંદરી ઉપરથી અભિધાન પામેલી કચ્છની એક પ્રાચીન નગરીના નિર્માણ અને નાશની નાનકડી રંગદર્શી તવારીખી કથા

લેખક: રામસિંહજી રાઠોડ

ગુજરાતની ચાવડા સત્તાના નાશની નોબત ગડગડી રહી ત્યારે મહા ગુજરાતમાં ઠેરઠેર નાનીનાની ઠકરાતો ફૂટી નીકળી પોતાની સત્તા જમાવી બેઠી. આ સમયે પશ્ચિમ ભાગમાં સાત સાંધ સરદારોએ પોતાનું વર્ચસ ઠોકી બેસાડેલું. તેઓ ગુંતરીગઢમાં બેસી અમલ ચલાવવા લાગ્યા. આ સાંધોની બહેન ગુંતરી રૂપસુંદરી હતી અને તેની ખ્યાતિ દૂરદૂર પ્રસરી હતી. એ ઉપરથી જ સાંધોનું આ થાણું પણ ગુંતરીગઢને નામે પ્રખ્યાત થયું હતું.

ગુંતરી તજાએલી બાલિકા તરીકે સાંધોને હાથ ચડેલી. 'ગાઉંતરી' એટલેકે ગાયનાં ખંધામાંથી એ મળી માટે તે ગુંતરી કહેવાઈ. સ્વભાવે શાલીન અને શરીરે સુસ્થ-સુંદર ગુંતરીને સાંધોએ મમતા અને હેતથી ઉછેરી અને તે તેમની બેન તરીકે પંકાઇ ગઈ. સાંધોનાં બળ અને એકતાની તે પ્રેરક બની રહી.

ગુંતરી રૂપરૂપનો તો અંબાર લેખાતી. ઉંમરે પહોંચેલી ગુંતરીને ઉત્તમ વર જોડે પરણાવવાના સાંધોને કોડ જાગ્યા. તેઓ યોગ્ય મુરતિયાની તલાશમાં પડ્યા. ગુંતરીને યોગ્ય પતિ પ્રથમ કોણ મેળવી આપે તેની સાતે સાંધોમાં હરીફાઈ ચાલી. આમ કરતાં હોંશમાં અને હોંશમાં દરેક સાંધે પોતે જેને ઉત્તમ માનેલ તે મુરતિયાને ચુપકીદીથી ગુંતરીગઢ લાવવાની વેતરણ કરી અને સૌ આવી ન પહોંચ્યા ત્યાં લગી સાંધોને એકબીજાની આવી વેતરણની ખબર ન પડી. પછી તો ભેળા થઇ ગએલા મુરતિયાઓએ રૂપભંડાર ગુંતરીને હાથ કરવા પોતપોતાની સરસાઇ બતાવવા માંડી. એમ કરતાં તેઓ આપસમાં ઝગડી પડ્યા ને છેવટે સાતે ય એકબીજામાં કપાઇ મુઆ. આજે તો તેમના ખખડી ગએલા પાળીઆ ગુંતરીગઢના ખંડેરમાં આ બનાવની યાદ માત્ર આપે છે.

પાટગઢનો ચાવડો વાઘમ આ સાતે સાંધોનો ખંડિયો હતો અને તે રોજ ખંડણીનાં સાત ગાડાં ઘાસ ગુંતરીગઢ મોકલાવતો. એવામાં નગર સમૈથી ઊતરી આવી વાઘમનો ઘાત કરી મોડ અને મનાઈ નામના સમા ભાઇઓ પાટગઢ દબાવી બેઠા. સાંધોથી આ સહન ન થયું. તેઓ પાટગઢ પર ચડાઈ લઈ ગયા. સમય વર્તી મોડ અને મનાઇએ શક્તિશાળી સાંધોની સામે ન થતાં તેમની સત્તા કબૂલી ને તેમને વાઘમથી બમણી ખંડણી મોકલવા સ્વીકાર્યું. પણ દગો રમવા પંકાએલા સમા ભાઇઓમાં સાંધોને વિશ્વાસ ન બેઠો, એટલે મનાઈએ ગુંતરીગઢમાં ઓળમાં રહેવાની ઈચ્છા બતાવી. આમ થાય તો પછી સાંધોને ખાસ વાંધા જેવું લાગ્યું નહિ. પણ મનાઈની અંતરેચ્છા જુદી જ હતી. એ નવયુવાન હતો, રૂપાળો ને રસિક હતો. ઓળના બહાને ગુંતરીનું સાહચર્ય મેળવવાની મનમાં તેને ઉમેદ હતી.

આમ ઘરથાપ થઈ ગયે મોડ તરફથી ચૌદ ગાડાં ઘાસનાં ખંડણી તરીકે ગુંતરીગઢ આવે એ રોજિંદી બીના બની ગઈ. મનાઈ પણ ગઢમાં ઠાઠથી રહેવા લાગ્યા અને સાંધોનાં સહવાસમાં આવી તેમની નબળાઈ પામી ગયો. છેવટે એ સાંધોનું નિકંદન કાઢી ગુંતરીને તથા ગુંતરીગઢને કબજે કરવાની બાજી તેણે ઘડી કાઢી.

ચોરાંય મનાઈ મોડ કે ગડે બગતરિયા પાય,
ડિન પણ એડી આય, જેડી વાઘમ કુંઢ તે.

મનાઈએ મોડને કહેવડાવ્યું કે જ્યાં આપણે વાઘમને માર્યો એ કુંઢ ઉપરની જેવી પરિસ્થિતિ હતી તેવી જ સ્થિતિ અહીં છે. માટે ઘાસના દર ગાડામાં બખ્તરિયા ભરી મોકલવા. મોડે બહાર રહી પૂરી તૈયારી કરી અને મનાઈએ ગઢમાં બેસી કામ કર્યું. યોગ્ય તૈયારી થયે દર ગાડામાં પાંચ સૈનિકો બેસાડી, ઉપર ઘાસ ભરી અને દર ગાડાવાળા તરીકે એક એક સૈનિકને રાખી એમ ચૌદ ગાડાં તૈયાર કરી મોડે ગુંતરીગઢ રવાના કર્યાં. ગુંતરીગઢના દરવાજામાં આ ગાડાં પહોંચ્યાં ત્યારે,

ચએ ચાડ દરવાન અજ ન ગડેં ઘા,
કાંતા મુંગ સુફરેલ કાંતા આલો માં;
ગડા જોરીં કકરી ગડેં ઘણું ભાર,
ખેડીંધલ ઉભિયાર ખડભડો ખડેં ધીએ.

ચાડ નામનો એક આંધળો દરવાન બોલી ઉઠ્યો, હે ગાડાવાળા ગાડાં ઊભાં રાખો, ઘાસમાં કાંઇ ખળભળાટ લાગે છે. તમારાં ગાડાંઓમાં ઘણો ભાર હોતાં તે કાંકરી ભાંગે છે અને પૈડાં હમેશ કરતાં કાંઈ વિચિત્ર અવાજ કરે છે. ગાડાંમાં આજે ઘાસ નથી; કાં તો શીંગ સહિત આખા મગ છે અથવા તો તેમાં જીવતા માણસો છે.

દેખ્યા વિના બકબક કરતા આ આંધળા ચાડની વાત પર બીજા દરવાનોને હસવું આવ્યું છતાં ય એક શેજર સૈનિકે પોતાના ભાલાથી ગાડાને તપાસી જોયું તો,

ગુજર હલી ઘા કેઓ ભાલો ભલી ભત,
ધૂંઘણ ઊગી છેડઓ લિખન ખયો રત,

અંદર બેઠેલા ધૂંઘણ સૈનિકની જાંગમાં તે વાગ્યો. પણ તેણે સાવચેતીથી અંદર લૂગડું ઘર્યું એટલે લોહીથી ખરડાએલો ભાલો લુછાઈ તદ્દન સાફ બહાર નીકળ્યો. આથી ચાડને બધાએ અવગણી નાખ્યો:

અંધા અખિયું વઈયું, તીંવ્યા હીંયે ન હડ,
ગડા અચે મર ગોકમે તું તો વારી છડ.

આ અંધા અને જૈફ ડોસાને વાતવાતમાં ડહાપણ ડોળતો તેઓ સહન કરી ન શક્યા અને તેમણે ચાડને કહ્યું કે આંખો તો ગઈ પણ સાથે હૈયાઉકલત પણ ગઈ. ગાડાં ભલે ગામમાં આવતાં, તું તારી લપ છોડ.

બધાં ગાડાં ગઢમાં દાખલ થઈ ગયાં એટલે તેમાંથી સવ સૈનિકો કૂદી પડ્યા અને ગાફેલ સાંધોની કતલ કરી ગુંતરીગઢનો કબજો લીધો.

વેરો વરડો વેરસી, કાંઇઓ ને કુરપાર;
સમે સતોએ મારેઆ, રાણું ને રાજપાર.

એ પ્રમાણે વેરો, વરડો, વેરસી, કાંઈઓ, કુરપાર, રાણો અને રાજપાળ નામના સાત સાંધ સરદારોને મારી સમા લોકોએ કચ્છના પચ્છી ભાગમાં પોતાની સત્તા સ્થાપી. આ ધમાલમાં ગુંતરી ક્યાંક ગૂમ થઇ ગઈ અને તેની ભાળ કોઈને લાધી નહિ. લોકજીભ કહે છે કે ગુંતરી તો દેવી જીવ હતી, એટલે દેવો તેને દેવલોક લઈ ગયા.

રણ જ્યારે સમુદ્ર હતો ત્યારે ધ્રુફુડમાં ગુંતરી સુધી વહાણવટું ચાલતું એમ કહેવાતી છે, ગુંતરીની તળાવડી ઉપરથી જોતાં આછા વગડા ને નાના ટીંબાઓમાં અટવાયેલા મેદાનમાંથી લહેરાતું ઘાસ જોઇ પશુધન પર જીવતા સાંધોની જીવનઝાંખીનું સ્મરણ થાય છે અને પગ નીચેની જમીનની પ્રાચીનતા તરફ ધ્યાન પહોંચે છે. આજે તો ગુંતરીની ગાથા ગઇગુજરી બની ગઈ છે. પાછળ રહ્યા છે માત્ર મુશ્કેલીએ જેની ભાળ પડે તેવાં વિસ્મૃતિનાં અંધારાંમાં ગાયબ થતાં જતાં ગુંતરીગઢનાં ખંડિયેર.

> આંખ પાત્રને આલે છે અને મન એને મધથી પરિપૂર્ણ કરી દે છે, જેને પરિણામે એક નવી જ સૃષ્ટિ સર્જાઈ જાય છે—જે સુવર્ણમયૂર બની જાય છે.

પોતાનાં ચિત્રો કેમ સરજાતાં તેની ભૂમિકા સમજાવતો

મનની સૃષ્ટિ

કલાચાર્ય અવનીન્દ્રનાથની આત્મકથાનો વધુ હપતો

શ્રીમતી રાણી ચંદના મૂળ બંગાળી ઉપરથી અનુવાદક **સ્મણિક મેઘાણી**

જીવનમાં કેટકેટલું જોયું, જાણ્યું ને ચીતર્યું છે એને તે કંઈ શુમાર છે, કે ઓછો એનો મેં હિસાબ રાખ્યો છે? અને મેં કઈ દૃષ્ટિએ ને કઈ રીતે એ ચિત્રો ચીતર્યાં છે એની વાત જાણો તો તમે એ પૂછવાનું મન પણ ન કરો. પુરીમાં બેસીને સાગર જોયો, નૃત્ય જોયું, છતાં એનાં ચિત્રો તો તે પછી ઘણે લાંબે ગાળે કલકત્તામાં ચીતર્યાં. મસૂરી ગયો હતો. ત્યાં રહ્યો, ફર્યો અને ઘણુંઘણું જોયું, પણ ત્યાંના પ્રવાસના પરિણામ રૂપ પંખીઓનાં ચિત્રો તો તે પછી ઘણાં મોડાં સર્જાયાં. ત્યાં રહ્યો એ દરમિયાન તો કંઇ જ ચિત્રકામ નહોતું કર્યું. માત્ર રઝળતાં-રખડતાં-ભમતાં ચારે બાજુનું અવલોકન જ કર્યા કરતો ને પંખીઓનું સંગીત સાંભળતો. અને સાચ્ચે જ મને એ સંગીતે આકર્ષ્યો હતો. શહેરનાં પંખીઓ કદી ગાતાં નથી, એ તો માત્ર ચિત્કાર કરે છે—પોતાના આહાર-વિહાર માટે મારામારી કરતાં ચીસો જ પાડે છે. પણ મસૂરીના એ પહાડી પ્રદેશનાં પંખીઓની તો વાત જ જુદી. ઉષ:કાળ હતો. સૂર્યોદય નિહાળવા મળે એ આશાએ ઉઘાડા આંગણામાં, મોંમાં ચિરૂટ સાથે, કામળો વીંટાળી, કાન ઢાંકી, આરામખુરશી ઉપર પડ્યો હતો. અને એ જ સમયે પંખીઓનાં પ્રભાતિયાં શરૂ થયાં. આઘેઆઘેના કોઈ પહાડ પરથી કોઈ પંખીએ એક સૂર છોડ્યો; ત્યાંથી જરા દૂર બીજા પહાડ ઉપરના એક પંખીએ એ સૂર ઝીલ્યો અને પોતાના કંઠમાંથી એક નવો સૂર હવામાં વહેતો મૂક્યો; અને એમ કરતાં થોડી વારમાં એ સમગ્ર ગિરિમાળામાં પ્રભાતવંદના શરૂ થઈ ગઈ.

ત્યારે હજુ સૂર્યોદય નહોતો થયો. ધીમેધીમે સામેના બરફના પહાડો પાછળથી સૂર્યનારાયણ ઉપર આવતા દેખાયા અને શ્વેત હિમશૃંગો ઘેરાં નીલ જણાવા લાગ્યાં. જાણે નીલમણિની જ ગિરિમાળા! પંખીઓનાં પ્રભાતિયાં હજુ યે ચાલુ જ હતાં. આ પહાડેથી પેલા પહાડે અને ત્યાંથી વળી ત્રીજા પહાડે, એમ, જાણે એ એક અનંત ગાન બની ગયું. પછી દિવસ આખામાં એ ફરી સાંભળવા ન મળ્યું.

લોકો જાગ્યા, ઘંટડી વગાડતી રિક્ષાઓ નીકળી અને એમ સૌ પોતપોતાને કામે વળગ્યાં. દૂર મિશનરી શાળામાં ટન ટન ટનનન કરતો ઘંટ વાગ્યો અને એનો રણકાર આકાશને પંથે પડ્યો. પ્રવૃત્તિના અવાજથી આખી ગિરિમાળા જાણે ગુંજી ઊઠી. એ રીતે દિવસ આખો ગયો. સાંજ પડી ને શાળામાં રજાનો ઘંટ વાગ્યો. ગિર્જા(ખ્રિસ્તી-દેવળ)ની ઘડિયાળ પણ ટંકા વગાડીને શાંત પડી. સમગ્ર ગિરિમાળા ઉપર ફાગણનો રંગ વેરી સૂર્યમહારાજ અસ્તાચળે ગયા. રાત્રિનું આસમાન વધુ ગાઢ આસમાની બન્યું. સાંજલ તારાએ કોક બારીબારા માટે એમાં ડોકિયું કરીને દર્શન દીધાં. અને બરાબર એ જ વેળાએ આઘેઆઘેના કોક પહાડ ઉપરથી ફરી સાંધ્યસંગીતના સૂર છેડાયા. ફરીને પહાડેપહાડે પંખીગાન ગુંજી ઊઠ્યાં. એકએક કરતાં નવનવા સૂર હવામાં વહેતા મુકાય છે અને એકબીજા એને ઝીલતા આગળ ને આગળ પ્રસરતા જાય છે. થોડીવાર એ રીતે ચાલ્યું ત્યાં નીલ ગગનની સીમાને શુભ્ર પ્રકાશે અજવાળતો ચંદ્ર ઊગ્યો અને એ સાથે જ પંખીઓએ પોતાનાં ગાન થંભાવી દીધાં. એ જાણે કિન્નરીઓનું દિવ્ય સંગીત હતું. રોજ આ રીતે બે વાર એ સાંભળવા મળતું.

આમ છતાં મનમાં થતું કે જાણે એ સંગીત નહોતું. એ બધાં પંખી જાણે સૂર્યચંદ્રને વંદના કરતાં હતાં. એ દિવ્ય સંગીત પાસે તમારી સંગીત સભાના ઉસ્તાદી સંગીતનું શું ગજું? મન એ કિન્નરીઓ પર જ ઢળ્યું હતું. એથી જ ઘણા દિવસો પછી કલકત્તામાં એ બધી એક પછી એક મારાં ઢગલોએક પંખીચિત્રોમાં પ્રગટ થઈ છે. એ ચિત્રો જરા ધ્યાન દઈને જોશો તો એમાં તમને આછા આછા સૂર પણ દેખાશે! જોકે માટીના રંગોમાં એ બધાયે સૂર પૂરેપૂરા નથી ઝિલાયા. કેટકેટલાં એ પંખી! બધાંને તો આંખે પણ નથી જોયાં. ઘણાંનાં તો માત્ર ગીત જ સાંભળ્યાં છે.

આ પણું મન પણ કેવું છે? કેટકેટલાં દશ્યો ને ભાવો એ સાચવી રાખે છે? એ બધાં જ તે એકીસાથે પ્રગટાવી શકે છે એવું પણ નથી. ક્યારેકક્યારેક એવું યે લાગે છે કે જાણે પૂર્વજન્મની સ્મૃતિઓને પણ એ સાચવી રાખતું હશે. તેથી જ તો લોકો મારી કેટલીક વાતોને પૂર્વજન્મની વાતો કહે છે ત્યારે હું એની ના નથી પાડી શકતો. નહિ તો સારનાથમાં અમુક સ્થળ મારું જ ઘર હતું એમ મને કેમ લાગે? એ સ્થળ જોતાં જ મનમાં થએલું કે આ તો મારું જ ઘર! અહીં જ રહેતો, પૂતળાં ઘડતો ને વેચવા બેસતો.

એકવાર જૂનું સારનાથ જોવા ગયો હતો. ત્યારે માત્ર સ્તૂપ જ હતા. માટીની નીચેથી શહેર ધીરેધીરે ખોદીને બહાર કાઢતા હતા. એ વેળા વરુણા નદી પર સાંજ પડતી હતી. એક શ્વેત બગલું પેલે પારથી આ પારે આવીને બેઠું. બહુ જ શાંતિદાયક એ સ્થળ હતું. ભમીભમીને જોતો હતો, એવામાં એક નાનું એવું ઘર અને એથી યે નાનો એનો દરવાજો નજરે પડ્યો. દ્વારની ચોગઠ ઉપર બે હંસ ચીતરેલા. સામે જ એક કૂવો. જાણે રસ્તાને આરે આવેલું ઘર. એ જોતાં જ એવું થયું કે જાણે એ મારું પોતાનું જ ઘર હતું! જાણે કો'ક કાળમાં હું ત્યાં હતો. જીવનમાં આટલું-આટલું જોયા છતાં ક્યાં યે આવું નહોતું થયું. ત્યાં જતાં જ જાણે પોતાપણાની આત્મીયતા જાગી. જોડાસાંકોના મકાનમાં જતાં જેવો અનુભવ થાય છે તેવો જ અનુભવ એ ઘરની સામે જતાં થયો. નેલીને કહ્યું કે 'જો, જો, અહીં બેસીને હું પૂતળાં ઘડતો. એમાંનાં જ બેચાર હજુ યે અહીં પડી રહેલાં દેખાય છે!' એ સાંભળી અલકની બા બોલી ઊઠેલી કે 'આ આવું શું બોલો છો? ચાલો, ચાલો, અહીંથી આગળ ચાલો.'

બીજી બધી વાતને વીસરીને મારું મન એ ઘર પાસે જ અટકીને ઊભું રહે છે. જાણે અંતરને એ પરિચિત છે. બીજું બધું જ જાણે આંખ ઉપર થઈને વહ્યું જાય છે. એથી જ કહું છું કે કદાચ પૂર્વજન્મની સ્મૃતિઓ પણ મનમાં સચવાઈ રહેતી હશે. વિદ્વાન ખગોળશાસ્ત્રીઓ કહે છે કે અમુક જે તારાઓને આજે આપણે જોઇએ છીએ એ તારાઓ ખરી રીતે તો યુગો પહેલાં અલોપ બન્યા છે અને આજે આપણે જે જોઇએ છીએ એ તો એનો એ કાળનો પ્રકાશનો ચમકારો માત્ર છે, જેને અહીં પહોંચતાં યુગો લાગે છે, એટલા એ દૂર છે. મને પણ એમ જ લાગે છે: પ્રાણના યુગો પહેલાં અસ્ત પામેલો એ ચમકારો આજનાં ચિત્રોમાં

દર્શનશક્તિ વિષે આ તમે જાણતા હતા?

આજનો સુધારો જેમજેમ આગળ વધતો જાય છે તેમતેમ માણસની દર્શનશક્તિ વધુ ને વધુ જોખમાતી જાય છે, કારણ કે એને વધુ ને વધુ કૃત્રિમ પ્રકાશમાં કામ કરવું પડે છે. શહેરોની ગીચ વસતિ અને ઢંગધડા વિનાનાં મકાનોમાં સંકડાશમાં રહેતા ઘણા લોકોને તો સૂર્યનો કુદરતી પ્રકાશ પણ દુર્લભ હોય છે. ખુલ્લા આકાશમાં પ્રકાશતા સૂર્યનો પ્રકાશ લગભગ ૧૦,૦૦૦ ફૂટ-કૅન્ડલ જેટલો હોય છે. (એક ફૂટ કૅન્ડલ એટલે અમુક નિશ્ચિત માપની મીણબત્તીનો એક ફૂટના અંતરેથી મળતો પ્રકાશ.) સામાન્ય રીતે ઘરમાં ૮થી ૧૦ ફૂટ-કૅન્ડલ જેટલો પ્રકાશ રહેવો જોઇએ, પણ શહેરોમાં મોટા ભાગનાં ઘરોમાં તો ૫ ફૂટ-કૅન્ડલથી યે ઓછો પ્રકાશ આવે છે અને કેટલાંક ઘરો તો એવાં હોય છે જેમાં બારીકસારીક કામ માટે ધોળે દિવસે પણ દીવો કરવો પડે.

પ્રકાશ માટેની જોગવાઈ જો સારી ન હોય તો આપણી આંખને નુકસાન પહોંચ્યા વિના નથી રહેતું. એક વિજ્ઞાનીએ કહ્યું છે કે 'મનુષ્યની આંખ જેવું ખામીભર્યું દૃષ્ટિસાધન બીજું એકે નથી!' આમાં તથ્યાંશ રહેલો હશે, પરંતુ કુદરતે મૂકેલી ખામીને માણસ તેના પોતાના કૃત્યથી વધુ ઘેરી બનાવી રહ્યો છે એ નિશ્ચિત છે. આપણે ત્યાં તો ખામીભરી દર્શનશક્તિના ચોક્કસ આંકડા કાઢવામાં નથી આવ્યા, પરંતુ બ્રિટનમાં કાઢવામાં આવેલા આંકડા પરથી જણાય છે કે ત્યાં દર ત્રણ વ્યક્તિએ એકની દર્શનશક્તિ ખામીભરી હોઇને તેને ચશ્માંનો ઉપયોગ કરવો પડે છે; અને આ સંખ્યાપ્રમાણ હજુ વધતું જ જાય છે એમ નિષ્ણાતો જણાવે છે.

માણસ સૌથી વધુ કાળજી પોતાની આંખ માટે રાખે છે, કારણકે એની દર્શનશક્તિ ગઈ એટલે 'આંખ વિના અંધારું' જ તેને નસીબે રહે. પરંતુ નજરની બગડેલી સ્થિતિમાં કેટલીક વાર એ નિષ્ણાતની સલાહ લેવાને બદલે કોઈ ઊંટવૈદની સલાહ લઇને પોતાની આંખોને ઊલટી વધુ જોખમાવે છે. ઈ. ૧૯૩૭માં બ્રિટનમાંથી આંખનો ઈલાજ કરતા આવા ૪૦૦ ઊંટવૈદોને પકડવામાં આવ્યા હતા. એમાંનો એક દાક્તર પોતાના નામના છેડે Q.B.E. લખતો. અદાલતમાં એનો અર્થ પૂછવામાં આવતાં તેણે જણાવ્યું 'Qualified by experience!'

બીજી બાજુ ઈડા માન જેવા આંખના નિષ્ણાતો પણ પડેલા છે. એ ઈડાએ તો એક અજગરની આંખ પર સફળ ઑપરેશન કરેલું! ઑક્સફર્ડ યુનિવર્સિટીની એ પહેલી જ સ્ત્રી-પ્રોફેસર હતી.

લોકોની આંખે ચડે છે! કલાકારના મનનો તાગ કે કામનો હિસાબ લેવા મથવું એ ભૂલ છે. 'શાહજહાંની મૃત્યુશય્યા' હૂબહૂ થયું છે એમ લોકો કેમ કહેતા હશે? મને પણ એ સમજાતું નથી. કોણ જાણે, કોક જમાનામાં ત્યાં રહ્યો હોઈશ કે શું? નથી સમજાતું. જ્યાં રહ્યો હોઉં, જેની સાથે ઊઠતોબેસતો હોઉં તેનું ચિત્ર ચીતરાય એ સહજ છે. પરંતુ જ્યાં ગયો જ નથી, જે જોયું જ નથી, ત્યાંનું ચિત્ર આવું હૂબહૂ ચીતરાયું એ કઈ રીતે? આવાં તો હજારો ચિત્રો, હજારો ચહેરા મન સાચવી રાખતું હશે. ઘણી યે વાર ચીતરું છું ત્યારે ખબર નથી પડતી કે હું જાતે જ ચીતરું છું કે કોઈ બીજું જ મારી પાસે ચીતરાવે છે! અને અહીં ફરીફરીને એ જ વાત આવે છે—

કાલિ કલમ મન, લેખ તિન જન.

શાહી, કલમ અને મન એ ત્રણ જણ સાથે મળીને જ લખે છે. ચિત્ર પણ એ ત્રણ વિના સંભવ જ નહિ. અને—

આંખિ જોતો જને હેરે, સબાર કિ મને ધરે?

આંખ તો અગણિત વસ્તુઓને-દૃશ્યોને, ચહેરાઓને જુએ છે, પણ એ જોયું એટલું બધું જ શું આખું મનમાં ઝિલાય છે! મન તો પોતાની ઇચ્છા મુજબ જ એ ઝીલે છે. અને પછી એ બધું મારાં ચિત્રોમાં કામ લાગે છે. કેટકેટલાં માનવી ને કેવાકેવા વિવિધ ચહેરા! ઘણી વાર તો એ બધાં આંખ ઉપર થઇને જ વહી જાય છે. તેથી જ કહેવાય છે—

મને રે ના બુઝાઇયે, નયને રે દોષો કેના?

આંખ અને મનનો કજિયો છે: મન કહે છે, 'અલી આંખ, તું એને સાચવી જ શકતી નથી.' તો આંખ ઉત્તર આપે છે કે 'તું તારી જાતને જ ઓળખ્યા વિના મને શા માટે દોષ દે છે!'

મન સ્મૃતિને સાચવી રાખે છે અને જરૂર મુજબ એને પ્રગટ કરે છે. તેથી જ તો કહું છું કે મારું છેલ્લું ચિત્ર હજુ નથી ચીતરાયું. મને પોતાને યે કુતૂહલ થાય છે કે એ ચિત્ર કેવું થશે? ચીતરવું પડશે એમ લાગે છે, અર્થાત્ મન અંદરથી ધક્કો મારે છે. ચીતરાશે ત્યારે કહીશ કે આ જુઓ મારું અંતિમ ચિત્ર. તે પછી બધું બંધ થઈ જશે. મન હજુ બારણાં ઉઘાડે છે અને એકબે સ્મૃતિ પ્રગટ કરી બીડી દે છે. અને આખું એ માત્ર ચિત્ર જ હોય છે? એમાં તો ચિત્ર હોય છે, લખાણ પણ હોય છે. વગાડવાનું હતું, અને ગાવાનું યે હતું. પણ એ બધું કેળવી ન શકાયું. પરંતુ આ જે ત્રણચાર કળામાં મન રમ્યા કરે છે તેમાં હજુ યે ચિત્ર જ વધુ રમ્યા કરે છે. છતાં જોઉં છું કે મન એક વાર જેની પકડ લે છે એનો તો અંતે તાગ લઇને જ જંપે છે. મન બહુ ભયંકર વસ્તુ છે. છેલ્લી માંદગી પછી દાક્તરોએ કહેલું કે 'બધાં કામકાજ બંધ કરો.' પણ એ તો મહામુશ્કેલ વાત છે. આખરે એક માઇક્રોસ્કોપ લઇને બેઠો. બેઠાબેઠા બધું જ એમાંથી જોયા કરું. પુસ્તકો વાંચ્યાં, જીવજંતુ શોધ્યાં-જોયાં, જાતે જ એની પ્લેટો તૈયાર કરી,—એમ ઘણું યે જોયુંજાણ્યું.

મન કોઈ પણ ચીજને એક વાર લીધા પછી છોડવા નથી ઇચ્છતું. મોહનલાલ વગેરેને પાસે બેસાડીને જ્યારે દેખાડતો ને ભણાવતો એ વખતે એક અજબ જેવી વાત બની. ઝીણાઝીણા કેટલાયે કરચલા બિસ્કિટના એક બૉક્સમાં મેં પાળ્યા હતા. એમાં દરિયાનું પાણી અને રેતી પણ ભર્યાં હતાં. કરચલાએ તેમાં આપમેળે દર કરીને ઘર કરી લીધાં હતાં. રોજ સવારે જે રીતે સાગરતીરે કરચલાને પાઉંરોટી ખવડાવવા જતો તેમ એમને પણ ખવડાવતો. એક દિવસ જરા મુરબ્બો ચોપડી પાઉંનો એક ટુકડો કરચલાના બૉક્સમાં મૂકી દીધો હતો. અને એવી જ ક્યાંકથી આવીને એક માખી ગણગણ કરતી એ મુરબ્બો ચોપડેલા પાઉંના ટુકડા પર બેઠી. માખી જેવી બેઠી તેવો જ એક કરચલાએ દોડતા



આંખના દૃષ્ટિપટ ('કૉર્નીઆ')ને હાનિ પહોંચીને અંધત્વ આવ્યું હોય તો નવો દૃષ્ટિપટ (આંખ પરનો પારદર્શક પરદો) મૂકીને તે દૂર કરી શકાય છે. ન્યૂ યૉર્કમાં એ માટે આંખની એક બૅન્ક ('આઇબૅન્ક') સ્થાપવામાં આવી છે.

આપણી આંખ વધુમાં વધુ કેટલે દૂર સુધી જોઈ શકે તેનો આધાર માણસની દર્શનશક્તિ ઉપરાંત પ્રકાશ અને હવામાન પર રહે છે. સામાન્ય અંદાજ એવો છે કે માણસ વધુમાં વધુ ૧૬ માઈલ સુધી જોઈ શકે. પરંતુ મનુષ્યે વિજ્ઞાનની સહાયે પોતાની દર્શનશક્તિ ખૂબ વધારી મૂકી છે. અમેરિકાની પાલોમાર વેધશાળાના દુનિયાભરમાં સૌથી વધુ શક્તિશાળી દૂરબીનમાંથી ૪૧,૦૦૦ માઈલ દૂર બળતી મીણબત્તી જોઈ શકાય છે!

બગડેલી નજર માટે ચશ્માંનો ઉપયોગ હવે સર્વસામાન્ય થઈ પડયો છે. ચશ્માંમાં પણ હવે દાંડીવાળાં કે નાકે લગાડવાનાં ચશ્માંને બદલે પ્લાસ્ટિકમાંથી બનાવેલા 'કૉન્ટૅક્ટ' જ સીધાં પોપચાં વચ્ચે પહેરવાની પ્રથા વધુ ને વધુ ફેલાતી જાય છે. આવાં લેન્સ સંપૂર્ણ પારદર્શક હોય છે. પરંતુ થોડા કલાકથી વધુ સમય એ પહેરી રાખ્યાં હોય તો આંખને નુકસાન પહોંચતું હોવાનો દાક્તરી અભિપ્રાય છે. એક જાપાની દાક્તરે વળી અંધારામાં જોવાનાં ચશ્માં પણ શોધી કાઢયાં છે. આ ચશ્માંમાં બંને બાજુ નાજુક 'ઇલેક્ટ્રિક બલ્બ' જોડેલા હોય છે.

આપણી આંખ પલકારા મારે છે તે આપણી દૃષ્ટિ સાફ રાખવા અને તેનો શ્રમ નિવારવા. આંખનો થાક જેમ વધુ તેમ તે વધુ પલકારા મારવાની. આને અંગે એક અમેરિકને એક જાતનું પલકારા-યંત્ર ('વિન્કમીટર') શોધી કાઢયું છે જે આંખોને પડેલો શ્રમ દર્શાવી આપે છે!

ચશ્માંની શોધ પહેલી ચીનમાં થઈ. શરૂઆતમાં તો મંદારિનો ને ઉચ્ચ અધિકારીઓ સિવાય બીજા કોઇને તે પહેરવાનો અધિકાર નહોતો, પરંતુ પછી એનો ઉપયોગ સર્વસામાન્ય થઈ પડયો. ચીનમાં આજે પણ કોઈ ચશ્માંધારી વ્યક્તિ સામી વ્યક્તિને મળતાં ટોપી નહિ પણ ચશ્માં ઉતારીને તેને માન આપે છે! યુરોપના બાલ્કન દ્વીપકલ્પના કેટલાક ભાગોમાં એવો રિવાજ છે કે કોઈ સગું મરી ગયું હોય ત્યારે મરનારના સંબંધીએ એના શોકના દિવસો દરમિયાન ચશ્માં ઉતારી નાખવાં પડે!

નજરની શક્તિને વધુ તીવ્ર બનાવવા દરેક દેશમાં અનેક નુસખા લોકપ્રચલિત છે, પરંતુ એક હકીકત તો વિજ્ઞાનસિદ્ધ છે અને તે એ કે શ્યામ નેત્રો ધરાવતાં માણસો કરતાં માંજરી આંખો ધરાવનારાઓની દર્શનશક્તિ વધુ તીવ્ર હોય છે, અને તેઓ અંધારામાં પણ શ્યામ નેત્રોવાળા માણસો કરતાં વધુ જોઈ શકે છે.

આવીને એના ઉપર હુમલો કર્યો. મારા હાથમાં માઇક્રોસ્કોપ હતું. એનાથી જોયું તો માખી ને કરચલાની ભયંકર લડાઈ જામી પડી છે. જાણે દાનવોનું યુદ્ધ! કોઇ કોઇને છોડતું નથી. ત્યારે જ સમજાયું કે પ્રકૃતિએ એવા નાના જીવોમાં પણ કેવી અજબ શક્તિ મૂકી છે! જર્મન-રશિયન યુદ્ધથી એ લડાઈ કોઈ રીતે ઓછી નહોતી. આખરે માખી જ હારી. આપણું મન પણ એવું જ છે. જોકે એને આંખે જોયું નથી, પરંતુ એ પણ કરચલાની જેમ એક વાર પકડયા પછી છટકવા દે એવું નથી.

જોયું એવું જ ચીતર્યું એમ મારાથી નથી બનતું. ઘણા દિવસથી જે મનમાં પડયું પડયું પાકીને તૈયાર થય છે તે જ ચિત્ર રૂપે પ્રગટ થાય છે. મન તો એના કપાટ ઉઘાડી ચૂપચાપ બેઠું હોય છે. પણ એમાંથી પ્રગટતું બધું યે બરાબર હૂબહૂ જ હોય છે? મસૂરી પહાડના એક સાંજલ પંખીને ચીતર્યું હતું. કઈ રીતે એ ચીતરાયું હશે?

સાંજ પડતી હતી, વરંડામાં બેઠો હતો. એ દશેરાનો દિવસ હતો. એકાએક જોયું તો એક રતુંબડો પ્રકાશ ધીમેધીમે ગિરિમાળા ઉપર થઇને ચાલ્યો ગયો. એ પ્રકાશમાં પહાડો ઉપરનાં ઘાસપાંદડાં ઝબકી ઊઠયાં અને મનમાં થયું જાણે ભગવતી આજે કૈલાસ ઉપર પાછી ફરી છે, પોતાના પાલવમાંથી ચારે બાજુ સુવર્ણકણ પાથરતી પાથરતી ફરી કૈલાસને પાવન કરી રહી છે. રંગ, પ્રકાશનો ઝળહળાટ અને તેની સાથે એક ભાવના, કે જાણે ઉમા કૈલાસ ઉપર પાછી આવી રહી છે એ દૃશ્ય મનમાં ત્યારે ઝીલાઈ તો ગયું. કલકત્તા પાછા ફર્યા પછી ચીતરવા બેઠો. પણ ચિત્ર એવું જ ઊતર્યું ખરું? એવું તો ન જ થયું. ત્યારે શું નીપજ્યું? મનને કોક ખૂણેથી સોનેરી-રૂપેરી રંગ લઈ સુંદર એક સાંધ્ય-પંખી પ્રગટ થયું. જાણે પોતાને માળે એ પાછું ફરી રહ્યું છે. મનના આ કારખાનાને સમજી નથી શકાતું. મસૂરીના એટએટલો એ પ્રકાશ, એટલો ગાઢ ભાવ, બધું યે તળીયે બેસી જઇને અંતે ત્યાંથી પ્રગટ થયું એક પંખી! એક કાળા પહાડનો ટુકડો અને તેના ઉપર ભારોએક સોનેરી ઘાસ! મારાં ઘણાં યે ચિત્રોમાં આવું થયું છે. મનને તળીયેથી આવેલી વસ્તુ જ પ્રગટી છે.

'કવિકંકણ'માં છેલ્લું ચિત્ર ચીતર્યું છે: બે પહાડની વચ્ચે થઇને હાથમાં ઘડૂલો લઇને એક નારી આવી રહી છે. મસૂરી પહાડ ઉપર દશેરાને એ દિવસે મનમાં એવા જ કંઈક ભાવોનું આલેખન થયું હશે એમ લાગે છે. એ મસૂરીના પહાડી પ્રદેશની સ્મૃતિ ઘણે લાંબે ગાળે 'કવિકંકણ'ના ઉપરણાના ચિત્રમાં આલેખાઈ છે.

આવી તે કેટલાંક ચિત્રોની વાત કરું? બધું યે અવળસવળ છે: જેમ પૂતળાં ઘડતો તેમ. માણસ હોય; ઘણા દિવસ એને હેરવીફેરવીને એક દિવસ ચાંચ બેસાડી દઉં ને એ થઇ જાય પંખી! તેથી જ કહું છું કે આંખ અને મન દર વખતે એક જ ચીજને નથી સાચવતાં, ઘણે ભાગે મન જ પ્રબળ હોય છે. ઇચ્છા હોય તો સામાન્ય પંખીને સ્વર્ગનું પક્ષી બનાવી દઈ શકીએ. લેખનનું પણ એવું જ છે. આંખ માત્ર જાંબલી ફૂલ જોતી હોય છે. ત્યારે બાકી બીજું કયાંથી આવે છે? મન જ એ જોગવી દે છે. આંખ પાત્રને ઝાલે છે ને મન એને મધથી પરિપૂર્ણ કરી દે છે: ત્યારે તે એક નવી જ વસ્તુ બની જાય છે. કાં એ સુવર્ણ-મયૂર યા તો સુવર્ણમૃગ બની જાય છે.

જવા દો, કળાની એ બધી તત્ત્વકથાની મગજમારી કરવાની જરૂર નથી. તમે તમારે ચીતર્યે જાઓ. મન સાથ આપે તો સારું છે, નહિ તો આંખે જોયું તે પણ ઘણું છે.

ચોખેર દેખા દેખે આસિ   પ્રાણેર અધિક જারে ભાલોબાસિ
પ્રાણથી યે વધુ પ્રિય છે તેથી જ તો આંખે જોયાની આટલી મમતા છે ને?

ટિકિટસંગ્રહ

એ સંસારવ્યાપી શૉખ વિષેની માહિતી આપતો વિભાગ

ન્યૂ યૉર્કની ૩૦૦મી જયંતીની ટિકિટ

આજથી સવા ત્રણસોએક વરસ પહેલાં ઇ. ૧૬૨૬માં અમેરિકાના પીટર મિનિટ નામે એક ડચ અમલદારે ત્યાંના આદિવાસી 'ઇન્ડિયનો' પાસેથી માનહટ્ટન નામનો નાનકડો ટાપુ ખરીદ્યો, જેના બદલામાં એણે એમને ચોવીસેક ડૉલર(લગભગ સવાસો રૂપિયા)ની કિંમતના મણકા, બટન અને એવી પરચુરણ ચીજો આપેલી! એ વખતે,એ ટાપુ ન્યૂ નેધરલૅન્ડ પ્રાંતનો એકભાગ હતો પણ ઉપલી ખરીદી પછી તેનું સ્વતંત્ર નામ ન્યૂ આમ્સ્ટરડામ પાડવામાં આવ્યું; અને ઇ. ૧૬૫૩ના ફેબ્રુઆરીની બીજી તારીખે આજથી ત્રણસોએક વરસ પહેલાં ન્યૂ નેધરલૅન્ડના ગવર્નરે એને સ્વતંત્ર વહીવટની સત્તા આપી. ત્યાર બાદ ઈ. ૧૬૬૪માં ઇંગ્લંડના ડયૂક ઑવ યૉર્કે દરિયાઈ લશ્કરી કાફલો મોકલી ડચ લોકો પાસેથી તે જીતી લઇને તેનું નામ ન્યૂયૉર્ક પાડ્યું. એ ન્યૂયૉર્કની ગયે વરસે ઊજવાએલી ૩૦૦મી જયંતીના સ્મરણમાં ગઈ તા. ૨૦મી નવેમ્બરે અમેરિકાએ બહાર પાડેલી ખાસ ટિકિટનું આલેખન આ સામે આપ્યું છે, જેમાં ન્યૂ આમ્સ્ટરડામના પુરાણા બારામાં ઊભેલા ડચ જહાજનું ચિત્ર છે અને તેની પશ્ચાદ ભૂમિમાં આજના ન્યૂયૉર્કની ગગનચુંબી ઈમારતોની આકારરેખા સફેદ સિલ્હુટમાં દર્શાવી છે. ઈ. ૧૬૫૩માં ટાપુની વસતિ ૮૦૦ માણસની હતી; આજ ૩૦૦ વર્ષે એ ટાપુને આવરીને પડેલા ન્યૂ યૉર્કની વસતિ તેથી દસહજારગણી એટલેકે ૮૦,૦૦,૦૦૦ (એંશી લાખ) કરતાં પણ વધુ છે!

સંયુક્ત રાષ્ટ્રસંઘ–યૂનો દર વરસની ૨૪મી ઑક્ટોબરે 'યૂનાઇટેડ નેશન્સ ડે'ની ઊજવણી નિમિત્તે એકએક નવી ટિકિટ બહાર પાડે છે તે મુજબ આ વખતે તે પર તેણે પોતાની 'ટેકનીકલ સહાય' પ્રવૃત્તિને સ્મરણાંકિત કરી છે, જે અનુસાર દુનિયાના અવિકસિત દેશોમાં કારખાનાં, ઘર, રસ્તા, પુલો વગેરે બાંધવામાં એ સંસ્થા તેવી જરૂરિયાતવાળા દેશોને સહાય કરે છે. સાથે દર્શાવેલી એ ટિકિટ પર ટેકનીકલ સહાયના પ્રતીક રૂપ ત્રણ યાંત્રિક ચક્રો દર્શાવ્યાં છે જેમાંના વચલા ઉપર યૂનોનું પ્રતીક અને ચોમેરની કિનારમાં યૂનોની પાંચ સત્તાવાર ભાષાઓ (અંગ્રેજી, ફ્રેંચ, સ્પૅનિશ, રશિયન ને ચીની)માં એ સંસ્થાનું નામ લખેલું છે.

ત્રિકોણાકાર ટિકિટો સૌ પ્રથમ દક્ષિણ આફ્રિકાના 'કેપ ઑવ ગુડ હોપ' પ્રાંતે ઇ. ૧૮૫૩માં બહાર પાડેલી. તેની શતાબ્દી નિમિત્તે હમણાં બહાર પડેલી ખાસ ટિકિટ તથા ફર્સ્ટ-ડે કવરનાં ચિત્રો આ સામે આપ્યા છે.

આફ્રિકાના નૈઋત્ય કિનારે આવેલા અંગાલો નામના પૉર્ચુગીઝ સંસ્થાને ત્યાંનાં વીસ વનપ્રાણીઓનાં ચિત્રો વાળી ટિકિટોનો સેટ તાજેતરમાં બહાર પાડ્યો છે જેના પર ઝિબ્રા, જિરાફ, ઍંટેલ, નૂ વગેરેનાં ચિત્રો છે.






મથાળે: ન્યૂ યૉર્કની ૩૦૦મી જયંતીની ટિકિટ તથા યૂનોની ટેકનિકલ સહાય અંગેની ટિકિટ





ઈ. ૧૮૫૩માં કેપ ઑવ ગુડ હોપની સૌપ્રથમ ત્રિકોણાકાર ટિકિટ બહાર પાડવા નિમિત્તે દ૦ આફ્રિકાએ કાઢેલી તેની શતાબ્દી નિમિત્તની ટિકિટ (મથાળે) તથા તે અંગેનું ફર્સ્ટ-ડે કવર.






ફ્રાન્સે પોતાના જગતખ્યાત સાહિત્યકારોના સ્મરણમાં બહાર પાડેલી ખાસ ટિકિટો પર તે તે સાહિત્યકારની એક શ્રેષ્ઠ કૃતિના પાત્રનું ચિત્ર આપ્યું છે. નામી સાહિત્યકાર વિક્ટર હ્યુગોના 'હરનાની' નાટકનું મુખ્ય પાત્ર દાખવતી એવી ટિકિટ, તથા એ નાટકના છેલ્લા અંકના દશ્યનું આલેખન ધરાવતું ફર્સ્ટ-ડે કવર આ સાથે ડાબી બાજુએ આપ્યાં છે.

દક્ષિણ દેશનું નિસર્ગસુંદર, ભવ્યમનોહર અને સ્વચ્છસુઘડ

યાત્રાધામ તિરુપતિ બાલાજી

લેખક • વિજયકુમાર મા. ત્રિવેદી
તસ્વીરકાર • ટી. સૂર્યનારાયણ


મંદિરની સંમુખ આવેલો સુવર્ણમંડિત ગરુડસ્તંભ

દક્ષિણ ભારત તીર્થોનો તો ભંડાર છે. એમાંના ઘણાંનું ઐતિહાસિક દષ્ટિએ પણ મહત્ત્વ છે, ઘણાંની શિલ્પકળા બેનમૂન છે, તો ઘણાંનું કુદરતી સૌંદર્ય આજે લાખો યાત્રાળુઓને આકર્ષે છે.

પણ આ બધાં તીર્થોમાં તિરુપતિ ખૂબ જ લોકપ્રિય છે. હજારો યાત્રાળુઓનો પ્રવાહ ત્યાં સતત વહ્યા જ કરે છે. કેવળ દક્ષિણના જ નહિ પરંતુ હિંદભરના યાત્રાળુઓ ત્યાં જોવા મળે છે. 'ગોવિંદા! ગોવિંદા!' એવા પ્રિય નામથી આર્દ્ર હૃદયે સંબોધતા યાત્રાળુઓ જ્યારે મંદિરમાં દર્શન માટે ઊમટે છે ત્યારે ભલભલાનાં હૃદય પણ હાલી ઊઠે છે.

વળી તિરુપતિના તીર્થની આજની વ્યવસ્થા પણ એવી છે કે તે નવા વિચારના લોકોને પણ આકર્ષે છે. સામાન્યરીતે તીર્થ એટલે ગંદકી, પંડાઓ ને બ્રાહ્મણોની લૂટ, અવ્યવસ્થા અને ધક્કામુક્કી, એવી માન્યતા છે જે કેટલેક અંશે સાચી છે. પરંતુ તિરુપતિના તીર્થમાં તો કલાના સૌંદર્ય અને કુદરતી રમણીયતા સાથે સ્વચ્છતા, શિસ્ત ને વ્યવસ્થા પણ ભારોભાર છે. વળી મારે તો માથેરાન જોયા પછી તિરુપતિ જવાનો પ્રસંગ આવ્યો; અને એ બંનેના સૃષ્ટિસૌંદર્યની સરખામણીની દૃષ્ટિએ માથેરાન તિરુપતી આગળ સાવ ઝાંખું લાગ્યું.


મદ્રાસથી ઉત્તર-પશ્ચિમે ૬૦ માઈલ પર તિરુપતિ આવેલું છે અને મદ્રાસથી નીકળી રેણીગુંઠા જંકશન ઉપર ગાડી બદલી ત્યાં જવાય છે. મદ્રાસથી સીધી મોટર બસ પણ ત્યાં જાય છે. એ રસ્તો મોટે ભાગે ડામરનો છે અને મુસાફરી આરામવાળી હોય છે. છતાં નાનાં બાળકો સાથે મુસાફરી કરનારે ટ્રેનમાં જવું વધારે સારું છે.

તિરુપતિ સ્ટેશનથી બાલાજી—તીર્થનું મૂળ સ્થાન ૧૪ માઈલ પહાડ ઉપર છે. સ્ટેશન ઉપર જ દેવસ્થાન તરફથી ભવ્ય અને સુંદર ધર્મશાળા બાંધવામાં આવી છે, જેને જોતાં જ તિરુપતિની મહત્તાનો અને ત્યાંની વ્યવસ્થાનો ખયાલ આવે છે. દેવસ્થાનની આવકનો મોટો ભાગ યાત્રાળુઓનાં સુખસગવડ માટે જ અહીં ખર્ચવામાં આવે છે. એમાં જૂજ ભાડાથી–અને મોટા ભાગની તો મફત મળે–તેવી ઓરડીઓ છે, જેમાં વીજળીની બત્તી, પંખા વગેરેની સગવડ સાથે નહાવાની પણ સુંદર વ્યવસ્થા છે. નળમાં પાણી ચોવીસે કલાક મળે છે અને વધારામાં ધર્મશાળામાં કૂવા પણ છે. વાસણો વગેરે પણ ત્યાં મળે છે. યાત્રાળુઓને દોરવણી આપવા માટે ખાસ માણસો રોકવામાં આવેલા છે, અને કોઈને અહીં ન ઊતરવું હોય તો સામાન મૂકીને પરભાર્યા તીર્થે જવાની પણ વ્યવસ્થા છે. પહાડ ઉપર જવા માટે દેવસ્થાનની જ ખાસ બસો છે જે સતત દોડ્યા જ કરે છે. આ ઉપરાંત ભાડેથી ટૅક્સી અને સ્ટેશન-વૅગન પણ મળી શકે છે.






સ્વચ્છસુઘડ પાકા રસ્તા ને વ્યવસ્થિત મકાનો કોઈપણ યાત્રાધામ માટે નમૂનારૂપ છે. જમણી બાજુ: યાત્રાળુઓ માટે મંદિરની બસની સગવડ



તિરુપતિ–બાલાજીનું મંદિર, તેનાં અંગભૂત મકાનો, વિશાળ સુંદર મંડપ તથા કુંડ વગેરેનો સમગ્ર દૃશ્યનું એક સુંદર દૃશ્યચિત્ર.
નીચે : દર્શન માટે કતારમાં આવતી વ્યવસ્થિત હાર.

મોટરની મુસાફરી શરૂ થાય ત્યારથી જ સ્થળની ભવ્યતાનો ખયાલ આવવા માંડે છે. પહાડ ઉપર ચડવા માટે અત્યાર સુધી સામાન્ય પગથિયાંવાળો રસ્તો હોઈ ચડવું ઘણું આકરું પડતું હતું, પણ હવે તો હેઠ મંદિર સુધી સિમેન્ટ કૉંક્રીટનો એવો તો સ્વચ્છ સપાટ ને સુંદર રસ્તો કરવામાં આવ્યો છે કે મોતી મૂક્યું હોય તોપણ હેઠ ચૌદે માઈલ ચડીને નીચે આવે એમ આલંકારિક ભાષામાં કહી શકાય. આખો રસ્તો પહાડ ઉપર સર્પાકારે જાય છે અને જેમ ઊંચાઈ વધતી જાય છે તેમ મધુર ઠંડો પવન શરૂ થાય છે. એક તરફ ઊંચા ડુંગરો ને બીજી તરફ લીલોતરીથી ભરપૂર ખીણોનું દૃશ્ય ખૂબ જ અહ્લાદક લાગે છે. ખીણોમાં ક્યાંક ક્યાંક ગામડાં તથા ક્યાંક ક્યાંક નદી કે ઝરણાં નિસર્ગશોભાને દ્વિગુણિત કરે છે. મહેસુરથી ઉતાકામંડ જવાના બેનમૂન સૌંદર્યવાળા ગણાતા રસ્તા જેવો જ આ રસ્તો લાગે છે. ઉપર ચડતાં નીચે સર્પાકારે પથરાએલી સડક સ્પષ્ટ દેખાય છે, અને આખા રસ્તા ઉપર વીજળીના દીવા મૂકેલા હોઈ રાત્રે તિરુપતિ સ્ટેશને ઊભા હોઈએ ત્યારે તો કોઈ વિશાળ સર્પ તિરુપતિને ભેટવા દોડ્યો જતો હોય તેવું મનોહર દૃશ્ય જણાય છે.



પહાડ ઉપર ચડ્યા પછીનું દૃશ્ય ભવ્ય અને રમણીય છે. એક નાની ટેકરી ઉપર સુંદર સ્વચ્છ ધર્મશાળાઓ છે. એક મોટા ઓરડામાં પૂછપરછ વિભાગ છે જ્યાં દેવસ્થાનના માણસો યાત્રાળુઓને બધી સમજ આપે છે. અહીં યાત્રાળુઓની એટલી બધી અવરજવર અને ધમાલ રહે છે કે અહીં કાયમ મેળા જેવું જ રહે છે, અને આથી દક્ષિણમાં તો એક કહેવત પ્રચલિત છે કે તિરુપતિમાં સદા યે ઉત્સવ જ હોય છે.

અનેક દરવાજા વટાવી મંદિરના અંદરના ભાગમાં જવાય છે. અહીં પણ દક્ષિણનાં બધાં મંદિરોમાં હોય છે તેવાં ભવ્ય ગોપુરમ્ છે. ગોપુરમ્ એટલે શંકુ આકારે ઊંચો જતો માળવાળો ભવ્ય દરવાજો, જેના ઉપર પુરાણો, રામાયણ, મહાભારત આદિની કથાપ્રસંગોનાં શિલ્પ ભરચક્ક કોતરેલાં હોય છે. અને તેને જેટલા માળ હોય છે તેટલા કળશ તેના સપાટ મથાળે મૂકેલા હોય છે. મંદિરના ચોકમાં સુવર્ણજડિત ગરુડસ્તંભ છે ને તેની સામે જ ભગવાનનું મુખ્ય મંદિર છે. ભાવિકોમાં એવી કથા પ્રચલિત છે કે અહીંની મૂર્તિમાં સાક્ષાત વિષ્ણુ જ વ્યંકટેશ–બાલાજી તિરુપતિ રૂપે બિરાજમાન છે. મૂર્તિ પણ એટલી ભવ્યમનોહર છે કે કોઈ નાસ્તિકને પણ પોતે સર્જનહારના સાન્નિધ્યમાં હોય તેવો ભાસ

થાય છે. આસપાસના ભવ્ય રમણીય કુદરતી દશ્યથી પણ એ લાગણી-માં વધારો થાય છે અને માનવની પામરતાનો ખયાલ આપે છે.

દર્શન માટે અહીં જરાપણ પડાપડી કરવી પડતી નથી. લોકોની વ્યવસ્થિત હાર કરવામાં આવે છે અને મંદિરમાંથી થોડેથોડે સમયે તેમને નિયમિતપણે બહાર કાઢવામાં આવે છે; એટલે થોડો વખત ખોટી થવું પડે તો પણ દરેક જણ સ્વસ્થતા અને શાંતિથી દર્શન કરી શકે છે. બીજાં તીર્થો પેઠે બળિયાના બે ભાગ જેવું અહીં કંઈ બનતું નથી.

મંદિરમાં પૂજાના વિવિધ પ્રકારોના દર ઠરાવેલા હોય છે અને તે દર્શાવતાં પાટિયાં ઠેરઠેર લગાડેલાં છે. જે કંઈ વિધિ માટે નાણાં ભરીએ તેની રીતસરની પાવતી દેવસ્થાન તરફથી મળે છે અને તે પાવતી રજૂ કરતાં પૂજારી તદનુસારની તમામ વિધિ કરે છે. એટલે અન્ય સ્થળો પેઠે પૂજારીએ પૈસા પડાવવાનો કે યાત્રાળુઓને લૂંટવાનો અહીં અવકાશ જ નથી. વળી મંદિરની નજીકમાં જ સરકારી કચેરી છે, જ્યાં અધિકારીઓ હાજર હોય છે. પૂજાનો વિધિ એક રૂપિયાની આરતીથી માંડીને ૨૦૦૦ રૂપિયાના વસંતોત્સવ સુધી થઈ શકે છે.

મંદિરમાં કોઈ જગ્યાએ પૈસા કે ખાધાની ચીજ મૂકવાની હોતી નથી. આને માટે મુખ્ય મંદિરની બાજુમાં જ એક ખાસ વ્યવસ્થા છે. ત્યાં એક મોટી ૬ ફૂટ ઊંચી કોઠી છે, જેમાં પૈસા તથા ખાધાની ચીજ મૂકવાની હોય છે. આ કોઠી ઉપર સતત ચોકીદાર ખડો હોય છે અને એક વાર અંદર નાખેલી ચીજ પાછી ન લઇ શકાય એવી તેની રચના છે. આ કોઠીમાં રોજ ઢગલાબંધ નાણાં ઉપરાંત ચાંદીસોનાના વિવિધ પ્રકારના દાગીના વગેરેની દેવને ભેટ ધરવામાં આવે છે. જે કંઈ ત્યાં નંખાય તેનો વ્યવસ્થિત હિસાબ રહે છે અને તે ચોપડે જમા થઈ જાય છે.

અહીંની વ્યંકટેશજીની મૂર્તિ શિવ અને વિષ્ણુ બન્નેના પ્રતીકરૂપ છે. ઉત્તરના દેશોમાં શૈવ-વૈષ્ણવના ઝગડા હમણાં સુધી ચાલ્યા છે, પરંતુ દક્ષિણમાં તો શિવ અને વિષ્ણુ એક જ હોવાની માન્યતા છે. ભગવાન તિરુપતિ–વ્યંકટેશજીના એક હાથ ઉપર સર્પનું આભૂષણ છે.

મંદિરમાં 'હજાર થાંભલાનો' કહેવાતો એક વિશાળ મંડપ છે, જેની ઉપર ધર્મશાળા બનાવી દેવામાં આવી છે. આ ઉપરાંત મંદિર એટલું વિશાળ છે કે તેમાં બજારો, હોટેલો વગેરે મોટા પ્રમાણમાં છે અને આખું મંદિર એક સ્વતંત્ર ગામ જેવું લાગે છે. ભોમિયા વિના અજાણ્યા-ઓ ભૂલા પડી જાય એટલી વિશાળ આ જગ્યા હોવાથી અહીં રાજ્ય તરફથી ખાસ ભોમિયા પણ રોકેલા હોય છે.

મંદિરની આવકનો મોટો ભાગ યાત્રાળુઓની સગવડ માટે જ ખર્ચાય છે. તેમાંથી નાનીમોટી ધર્મશાળાઓ બાંધવામાં આવે છે. ઉપર જવાનો ચૌદ માઈલનો પાકો રસ્તો પણ મંદિરને ખર્ચે જ તૈયાર કરાવાયો છે. ઉપરાંત યાત્રાળુઓની સગવડ માટે સીધા-સામાનની ખાસ દુકાનો ચલાવવામાં આવે છે, અને આવકના કેટલાક ભાગમાંથી એક કૉલેજ તથા 'ઓરીએન્ટલ રીસર્ચ ઇન્સ્ટીટ્યૂટ' જેવી વિદ્વત્તાભર્યા સંશોધનની સંસ્થા નિભાવવામાં આવે છે, જે ઘણું પ્રશસ્ય છે.

આજે ભણેલા વર્ગની ધર્મપ્રીતિ ઘટતી જાય છે તેમાં ખાસ કરીને આપણા ધર્માચાર્યોની નીતિરીતિ તથા આપણાં તીર્થોની ગેરવ્યવસ્થા પણ જવાબદાર છે. પણ તિરુપતિની વ્યવસ્થા એવી નમૂનેદાર છે કે જો બીજે તેનું અનુકરણ કરવામાં આવે તો લોકોની ધર્મ પ્રત્યે પ્રીતિ વધશે, અને આપણાં નિસર્ગરમણીય તીર્થો વધુ આકર્ષક અને સગવડ-વાળાં બનીને પરિણામે યાત્રાળુઓને સ્વસ્થતા, શાંતિ અને પ્રસન્નતા આપી ધર્મમય બનાવનારાં નીવડશે.

ચન્દ્રકાન્ત મણિ (અનુ. પૃ. ૮થી ચાલુ) જણાતા હતા. ફરતા ફરતાં એની નજર બારણા પર એક સ્થળેથી લુછાએલા રંગ પર પડી, ને તે લાગલો જ પ્રશ્ન કરી ઊઠ્યો, 'આ રંગ અહીંથી શી રીતે લુછાયો?'

'સુપરિન્ટેન્ડેન્ટ સીગ્રેવે નોકરડીઓને પ્રશ્નો પૂછવા બોલાવેલી ત્યારે એકાદના પેટીકોટથી એ લુછાયો હોવો જોઇએ.' બેટરેજ બોલ્યો.

'કોના પેટીકોટથી, તમને ખબર છે?' સાર્જન્ટ કફે વધુ ચોકસી કરી.

'ના, સાહેબ!' બેટરેજે જવાબ આપ્યો.

'તમને તો ખબર હશે જ.' કફે સુપરિન્ટેન્ડેન્ટ સીગ્રેવને પૂછ્યું.

'કંઈ યાદ નથી આવતું. એવી તુચ્છ વસ્તુની દરકાર પણ કોણ કરે?'

'મિ. સુપરિન્ટેન્ડેન્ટ, ગયે અઠવાડિયે મારા હાથમાં એક કેસની તપાસનું કામ હતું જેને એક છેડે ખૂન હતું અને બીજે છેડે હતો એક ટેબલક્લૉથ પરનો શાહીનો ડાઘ, જેને પ્રથમ દષ્ટિએ કોઇ પણ તુચ્છ માનવા પ્રેરાય. પરંતુ આ નાનકડા મલિન જગતના મલિનતમ વ્યવ-હારોમાં મને કોઈ વસ્તુ તુચ્છ નથી લાગી. આગળ તપાસ ચલાવ્યા પહેલાં મારે એ હકીકત જાણવી જ જોઇએ કે કોનાં કપડાંથી આ રંગ લુછાએલો છે. કાલે કેટલા વાગ્યે આ બનેલું?'

'લગભગ અગિયાર વાગ્યે.' સુપરિન્ટેન્ડેન્ટ સીગ્રેવે જવાબ દીધો.

'એ વખતે આ રંગ લીલો હતો કે સુકાઈ ગએલો એ કોણ જાણે છે?'

'મિ. ફ્રાન્કલિન તે જાણતા હોવા જોઇએ' નોકરોમાંથી કોઈ બોલ્યું.

'અત્યારે એ અહીં જ છે?'

સાર્જન્ટ કફ આ પ્રશ્ન કરી રહ્યો હતો ત્યાં તો ખુદ ફ્રાન્કલિન ત્યાં આવી પહોંચ્યો. તેણે જણાવ્યું કે પોતે તૈયાર કરેલા દ્રાવણમાં રાશેલે એ બુધવારે સાંજે રંગેલું. એ દ્રાવણને સુકાતાં બરાબર બાર કલાક લાગે.

'આજે શુક્રવાર થયો.' સાર્જન્ટ કફ કશીક ગણતરી કરતો બોલ્યો. 'મિ. ફ્રાન્કલિન તમારા કહેવા મુજબ તો આ રંગ ગુરૂવારે પરોઢે ત્રણ વાગતાં સુધીમાં સુકાઈ જવો જોઈએ. એટલે, મિ. સુપરિન્ટેન્ડન્ટ, તમે જે સમય દર્શાવો છો એ સમયે તો તેને સુકાયાને આઠ કલાક વીતી ગયા હોવા જોઇએ.' ત્યાર બાદ પાછો ફ્રાન્કલિન તરફ ફરીને એ બોલ્યો, 'કંઈ વાંધો નહિ. કોયડાનો ઉકેલ આપણા હાથમાં જ છે.'

ત્યાં તો એકાએક રાશેલના ખંડનું બારણું ખૂલ્યું અને તે બહાર ધસી આવતી બોલી, 'શું કહ્યું? ઉકેલ આપણા હાથમાં છે?'

તદ્દન અપરિચિત સાર્જન્ટને રાશેલ આ રીતે સંબોધે તેથી કંઈક વિસ્મય પામતા બેટરેજે સાર્જન્ટને તેની ઓળખાણ આપી કે, 'આ કુમારી વેરિન્ડર!' રાશેલે ક્ષણેક સાર્જન્ટ સામું જોયું અને ક્ષણેક ફ્રાન્ક-લિન સામે જોવાનો પ્રયત્ન કરીને તરત પોતાની નજર ત્યાંથી હઠાવી લીધી. સાર્જન્ટે તેને સવાલ કર્યો, પણ જાણે સાંભળ્યું જ ન હોય તેમ એણે પ્રશ્ન કર્યો, 'તમે પણ પોલીસ અમલદાર છો?'

'હું ડિટેક્ટિવ પોલીસનો સાર્જન્ટ કફ છું.' એમ જવાબ આપી તેણે પાછો રાશેલને રંગને લગતો પ્રશ્ન કર્યો.

'હું કશું જ નથી જાણતી!' એમ છણકો કરીને તે ત્યાંથી ચાલી ગઇ.

એના ગયા પછી સાર્જન્ટે પ્રશ્ન કર્યો, 'બુધવારે રાતે છેલ્લું આ ખંડમાં કોણ હતું?'

'કદાચ રાશેલ જ.' બેટરેજે જવાબ આપ્યો.

'અથવા તો તમારી દીકરી પેનેલોપ.' ફ્રાન્કલિન બોલ્યો અને પેને-લોપ રાશેલનું કામ કરતી હોવાની સાર્જન્ટને ઓળખાણ આપી.

સાર્જન્ટને પેનેલોપની જુબાની લેતાં તેણે જણાવ્યું કે રાતે બારેક વાગ્યે તે રાશેલથી છૂટી પડેલી. બારણું બંધ કરતી વખતે પોતે એને ઘસાય નહિ એવી ખાસ કાળજી લીધેલી હોવાનું તેણે જણાવ્યું. તેના કહેવા મુજબ તેણે એ દિવસે નવાં જ કપડાં પહેરેલાં હોઈને રંગ જો

તેનાથી છુછાયો હોય તો તરત જણાઈ આવ્યા વિના ન રહે.

પૂછપરછનો બધો વિધિ પતી ગયા પછી સુપરિન્ટેન્ડેન્ટ સીગ્રેવે સાર્જન્ટ કફની વિદાય લીધી. કફને માટે તેને માન હતું. પરંતુ પોતાની જાતને માટે વધુ ભાન હતું. અને એટલે તો જતાંજતાં પણ એ કહ્યા વગર રહી શકચો નહિ કે 'આ કેસ તમને સુપ્રત કરતાં હું એટલું જ કહું છું કે કચાંક ખોદ્યો ડુંગર અને નીકળ્યો ઊંદર જેવું ન બને.'

'સાથોસાથ એવો પણ સંભવ ખરોને કે તમે નજર ચૂકી ગયા તો ઊંદર સુદ્ધાં તમારા જોવામાં ન આવે!' એટલું કહેતો સાર્જન્ટ બારી પાસે પહોંચ્યો ને બંને હાથ ખીસામાં રાખી, બારી બહાર જોતો મોંની સીસોટી વડે 'ધ લાસ્ટ રોઝ ઑવ સમર'ની તર્જ વગાડવા લાગ્યો.

સુપરિન્ટેન્ડેન્ટ સીગ્રેવની પૂંઠ ફર્યા પછી બેટરેજે તેને સવાલ કર્યો, 'તમારી શી ધારણા છે? મણિ કોણે ચોર્યો હોવો જોઈએ?'

'કોઇએ ચોર્યો જ નથી!' તે બોલ્યો. બેટરેજ તેમજ ફ્રાન્કલિન બંને આ જવાબ સાંભળી સડક થઈ ગયા! ત્યાં તેણે આગળ ચલાવ્યું, 'થોડો સમય રાહ જુઓ, શતરંજનાં બધાં મહોરાં ગોઠવાઇ જવા દો.'

સાર્જન્ટે ત્યાર બાદ ધોબીને ધોવા નખાતાં કપડાંની નોંધ જેમાં રહેતી એ 'વૉશિંગ-બુક' જોવા મંગાવી. રોઝાના તે આપી ગઈ. સાર્જન્ટ કફે એક જ દૃષ્ટિએ તેને નિરખી લીધી અને પછી સવાલ કર્યો, 'આ છોકરી બીજા નોકરો જેટલી જ જૂની છે?'

લેડી વેરિન્ડરે આવો સવાલ કરવાનું કારણ પૂછતાં તેણે જણાવ્યું કે એક ચોરીના કેસમાં તેને સંડોવાએલી પોતે જોઈ હતી.

સાંજે સાર્જન્ટ કફ બેટરેજને સાથે લઈ દરિયાકિનારે ફરવા ગયો. તેણે એ કાંઠા પરની સરતી રેતીની વાત બેટરેજને મોંએ સાંભળી. કોઈ પણ ચીજ એ સરતી રેતીમાં પડી કે તે ત્યાં જ દટાઇ જવાની.

ફરતાફરતા બંને દરિયાકાંઠે રહેતા ખારવા યોલાન્ડના ઘર પાસે પહોંચ્યા. યોલાન્ડની બૅરી બેટરેજને ઓળખતી એટલે તેણે એ બંનેનું ઉચિત સ્વાગત કર્યું. રોઝાના અવારનવાર એને ત્યાં આવતી. એ દિવસે પણ આવી ગએલી. યોલાન્ડની બૈરીએ જ એ હકીકત કહી. તેના કહેવા પ્રમાણે તે એની પાસેથી કડીવાળા ઢાંકણાનો અને ચપટ બંધ રહે એવો એક ડબ્બો તથા બે સાંકળ લઈ ગઈ હતી.

પાછા વળતાં સાર્જન્ટે યોલાન્ડની બૈરીની વાત પરથી તર્ક દોડાવ્યો: રોઝાનાએ ડબામાં કશુંક છુપાવી તેને સાંકળ બાંધી દરિયામાં સંતાડચું હશે અને સાંકળનો એક છેડો પોતે રાખેલી નિશાની પરથી તરત શોધી શકાય એવા એકાદ પથ્થર નીચે દબાવી દીધો હશે.

'એવું તે એણે શું છુપાવ્યું હશે!' બેટરેજે પ્રશ્ન કર્યો.

'મણિ તો નહિ જ. જો મણિ જ છુપાવ્યો હોય તો તો મારો જિંદગીભરનો અનુભવ એળે જ ગયો ગણાય.'

આમ વાતચીત કરતા બંને ઘેર પાછા ફર્યા ત્યાં લેડી વેરિન્ડરે પૂછ્યું, 'રાશેલ એની માસીને ત્યાં લંડન જઇ આવે તો કશો વાંધો નથીને?'

'હું કાલે ફ્રીઝિંગ હૉલ જઈ આવું ત્યાર પછી જવું હોય તો જાય!'

બેટરેજને આ સાંભળી ખૂબ આશ્ચર્ય થયું. એકાંત મળતાં તેણે સાર્જન્ટ કફને પૂછી પણ જોયું કે 'તમને રાશેલ પર શક છે?'

'અરે, શક શું, સોએ સો ટકા ખાતરી છે કે મણિ તેણે જ ચોર્યો છે.'

આ સીધેસીધો આક્ષેપ સાંભળીને બેટરેજનો પિત્તો કંઈક અંશે ગએલો, પણ પછી સ્વસ્થ થતો તે બોલ્યો, 'તમારું કહેવું એમ છે કે રાશેલે પોતાનો મણિ પોતાને હાથે જ ચોરેલો છે?'

'હા.' સાર્જન્ટે નિશ્ચયાત્મક જવાબ આપ્યો.

'એમ માની લેવા માટે કયાં કારણો છે?'

'કાલે તે જાણવા મળશે.' સાર્જન્ટે ટૂંકમાં જ પતાવ્યું.

સાર્જન્ટ કફ એ પછી ફ્રીઝિંગ હૉલ ઊપડચો. બેટરેજ એકલો પડચો-પડચો વિચારમાં લીન હતો ત્યાં ફ્રાન્કલિને આવીને વાત કરી કે પોતે બિલિયર્ડ રમતો હતો ત્યાં રોઝાના ભૂતની માફક આવીને ઊભી રહેલી, પણ પોતે તેના તરફ મુદ્દલ લક્ષ આપ્યું નહોતું.

બીજે દિવસે સાર્જન્ટ ફ્રીઝિંગ હૉલથી પાછો આવ્યો ત્યારે રાશેલે પોતાને માટે ગાડી તૈયાર રખાવેલી. એ અંદર બેસવા જતી હતી ત્યાં સાર્જન્ટે તેને થોડો વખત રોકાઈ જવા કહ્યું. રાશેલે તેનું કહેલું કાને પર ન લેતાં કોચમેનને ગાડી ચલાવવાનો હુકમ કરી દીધો.

'મિ. બેટરેજ! રાશેલ એકલી નથી ઊપડી; એનો સંગાથી એની સાથે જ છે. એ સંગાથી બીજો કોઇ નહિ પણ ચન્દ્રકાન્ત મણિ જ.'

સાર્જન્ટની રાશેલ વિશેની માન્યતા તેની ફ્રીઝિંગ હૉલની મુલાકાત પછી ગમે તે કારણે પણ વધુ દૃઢ બની હતી. આ માન્યતાની યોગ્યાયોગ્યતાની મથામણમાં બેટરેજ ડૂબેલો હતો ત્યાં પેનેલોપે મોકલાવેલી ચિઠ્ઠી સાથે એક છોકરો ત્યાં આવી પહોંચ્યો. ચિઠ્ઠીમાં રોઝાનાએ બેટરેજના માયાળુપણા માટે એનો આભાર માનતાં જણાવ્યું હતું કે તેણે પોતાની કબ્ર શોધી લીધી હતી.

'બિચારી રોઝાના!' બેટરેજ એ ચિઠ્ઠી વાંચી રડી પડચાં. સાર્જન્ટે તેનો હાથ સાહી આશ્વાસન આપવા માંડતાં તે ક્રોધથી ધખધખતો બોલી ઊઠચાં, 'મને અડકશો નહિ! તમારા ડરમાં ને ડરમાં જ તે પોતાનો જીવ ગુમાવી બેઠી છે.'

'એમ માની લેવું ઉચિત નથી, બેટરેજ!' સાર્જન્ટે જવાબ દીધો.

રોઝાનાએ દરિયામાં પડીને કરેલા આપઘાતના કારણે તેના પ્રત્યે પ્રબળ બનેલી લાગણી શમતાં સાર્જન્ટ કફે પોતાની તપાસનું તારણ લેડી વેરિન્ડર સમક્ષ રજૂ કર્યું. તેના કહેવા પ્રમાણે, ગુમ થએલો મણિ બીજા કોઇએ નહિ પણ રાશેલે જ ચોરેલો, અને એમાં રોઝાનાની મદદ લીધેલી. રોઝાના એની આ નોકરીમાં રહ્યા પહેલાંના ચોરીના ધંધાને લઇને કીમતી ચીજો પર ધીરધાર કરનારાઓમાંના કેટલાકને ઓળખતી, એટલે રાશેલે તેની મારફત એ મણિ પર નાણાં ઊપાડચાં હોવાં જોઇએ. એટલે, હવે રાશેલ જે કંઇ કરે, જે કોઇને મળે, જ્યાં કયાં ય જાય ને જે કોઇ પર પણ પત્ર લખે તે પર ચાંપતી નજર રાખવાનું તેણે જણાવ્યું.

લેડી વેરિન્ડરે પોતે ફ્રીઝિંગ હૉલ જઇ આવે પછી આ બાબતનો નિર્ણય કરવાનું કહ્યું. એ ફ્રીઝિંગ હૉલ ગઈ અને ત્યાંથી સાર્જન્ટ કફની સેવા બદલ મોટી રકમનો ચેક મોકલાવી આપી હવે પછી તેની સેવાની જરૂર ન હોવાનું જણાવ્યું. સાથે પોતાની પુત્રી રાશેલ મણિની ચોરી બાબતમાં તદ્દન નિર્દોષ હોવાનું તથા રોઝાના સાથે કદી એક અક્ષર પણ એ બોલી ન હોવાનું ભારપૂર્વક જણાવેલું.

લેડી વેરિન્ડર ત્યાર બાદ ખૂબ બીમાર પડી અને એ બીમારીમાં જ મૃત્યુ પામી. તેના મૃત્યુ બાદ વસિયતનામા અનુસાર તેની મિલકતનો વહીવટ રાશેલ પરણે નહિ ત્યાં સુધી તેના કાકા અને ગૉડફ્રેના પિતાએ કરવાનો હતો. રાશેલનું મન ગૉડફ્રે પરથી ઊઠી ગયું હતું, કારણ તે પોતાના કરતાં પોતાની મિલકતને વધુ ચાહે છે તેમ એને લાગ્યું હતું. પરિણામે ગૉડફ્રેના પિતાની બંનેને પરણાવવાની ખૂબ ઉત્સુકતા છતાં રાશેલે તે માટે સ્પષ્ટ ના પાડી દીધી.

લેડી વેરિન્ડરે સાર્જન્ટ કફને ચોરીની તપાસમાંથી મુક્ત કર્યા ત્યારે ઇંગ્લંડ છોડી ગએલો ફ્રાન્કલિન પ્રવાસેથી પાછો યૉર્કશાયર આવી પહોંચ્યો. તેણે બેટરેજને પૂછ્યું, 'કહો જોઇએ, કેમ આવ્યો હોઇશ?'

'આગલી વાર તો પેલા મણિના સબબે આવ્યો હતો, પણ આ વખતે કશું કારણ કળી નથી શકાતું.' બેટરેજે ઉત્તર આપ્યો.

'આ વખતે ય એ મણિ માટે જ!' ક્રાન્કલિને કહ્યું. બેટરૈજ તો એ સાંભળી સ્તબ્ધ જ થઈ ગયો ને બોલ્યો, 'મશ્કરી તો નથી કરતોને?'

'બિલકુલ નહિ. મને મશ્કરી કરવાની આદત નથી. મેં ઇંગ્લંડ છોડયું ત્યારે એની તપાસ માંડી વાળવામાં આવેલી, પણ હું હવે તે આગળ ચલાવવાનો છું. કોઈ નથી કરી શક્યું તે કરવા જ હું પાછો આવ્યો છું—મણિના ચોરને શોધી કાઢવા.'

'એ વાત જ હવે વીસરી જા, ક્રાન્કલિન! એ બદબખ્ત મણિનો પડછાયો સુદ્ધાં લેનારા હેરાનપરેશાન થઈ ગયા છે.'

'મેં તો મનથી એક વાર નક્કી કર્યું તે કર્યું'. ક્રાન્કલિને પોતાની તત્પરતા પર વધુ ભાર આપતાં જણાવ્યું અને પછી ઉમેર્યું કે 'સાર્જન્ટ કફ પણ આ તપાસમાં ઠીક કામ લાગશે.

'એ હવે કામ લાગી શકે તેમ નથી, કારણકે નોકરીમાંથી નિવૃત્ત થઈ એ તો ડૉર્કિંગ મુકામે વસે છે.'

'કંઈ નહિ; એને બદલે તારી મદદ તો મળવાનીને?'

બેટરેજે આ પ્રશ્નનો જવાબ ન આપતાં ક્રાન્કલિનની ગેરહાજરીમાં રોઝાનાના આપઘાતનો બની ગએલો કિસ્સો કહી સંભળાવ્યો. રોઝાનાએ મરતાં પહેલાં એક પત્ર પણ તેના પર લખ્યો હોવાની વાત કરી.

'એ પત્ર ક્યાં છે?' ક્રાન્કલિને પૂછ્યું.

'યોલાન્ડને ત્યાં. એની લંગડી છોકરી લુસી એ આપવા આવેલી.'

'તો લઈ કેમ ન લીધો?'

'એ તો તે તને જ હાથોહાથ સોંપવા આવેલી. બીજા કોઇને નહિ.'

'વારું, તો આપણે ત્યાં જ જઇએ.'

બંને યોલાન્ડને ત્યાં ગયા. બેટરેજે ક્રાન્કલિનની ઓળખ આપીને રોઝાનાના તેના પરના પત્રની વાત કરી. લુસી તરત એ પત્ર લાવીને ક્રાન્કલિન પર ફેંકતી બોલી, 'લો, લઇ જાઓ. મેં પહેલાં કદી તમને જોયા નથી અને પ્રભુ ફરી પણ કદી તમારું મોં મને ન દેખાડે.'

બેટરેજે એને ગાંડી ગણાવીને ક્રાન્કલિનના મનનું સમાધાન કર્યું. પત્રમાં રોઝાનાએ જણાવ્યું હતું કે દીવાદાંડીથી અમુક અંતરે એક પથ્થર નીચે દબાવેલી સાંકળ ખેંચીને ક્રાન્કલિને એમાંની વસ્તુ મેળવી લેવી.

ક્રાન્કલિને બેટરેજને આ હકીકતની વાત કહેતાં તે બોલી ઊઠયાં: 'સાર્જન્ટ કફે પહેલેથી જ આવું કંઈક હોવાની શંકા કરેલી.'

બંનેએ સૂચવેલા સ્થળે જઇને પેલું ચપ્પટ બંધ કરેલું ડબલું બહાર ખેંચી કાઢયું. એ ઉઘાડતાં તેમાંથી ક્રાન્કલિનનો જ 'નાઈટ-ગાઉન' નીકળ્યો અને તેના પર રંગનો ડાઘ હતો! ક્રાન્કલિનનો નાઈટ-ગાઉન તેને પોતાને જ મણિનો ચોર ઠરાવતો હતો! બેટરેજે તો અભિપ્રાય આપી દીધો કે 'નર્યું તરકટ!' પણ ક્રાન્કલિનનો અંતરાત્મા એમ સંતોષાય તેમ ન હતો. ડબલામાંથી એક ચોળાએલો કાગળ પણ મળી આવ્યો, જેમાં લખેલું હતું: 'મારા જીવતાં આ કાગળ તમને મળત તો એ બહુ નાલેશીભર્યું જણાત. તમારો ડાઘવાળો આ નાઈટ-ગાઉન મેં સંતાડી દીધા છતાં તમને તેની વાત કેમ ન કરી એ પ્રશ્નનો મારો જવાબ એ છે કે હું તમને ચાહતી હતી. તમે જેના પર માથું મૂકીને સૂતા એ તમારા ઓશીકાને હું તમારી પથારી ઉપાડતી વખતે કોણ જાણે કેટલાંય ચુંબનો કરતી...' પત્ર ખૂબ લાંબો હતો અને તેમાં નરી લાગણીવશતા નીતરતી હતી.

'બેટરેજ, હું એ રાતે નશામાં તો નહોતોને?' મૂઢ બની ગએલા મનને કંઈક કળ વળતાં ક્રાન્કલિને પૂછ્યું.

'નશો? તમે વળી કયે દહાડે નશો કરતા હતા? મને તો આ નાઈટ-ગાઉન જ બનાવટી લાગે છે.'

ત્યાર બાદ ક્રાન્કલિન ઘેર આવતાં સુધી કશું જ ન બોલ્યો. આવીને એ સીધો જ રાશેલને મળવા ગયો. રાશેલ તેને જોતાં જ બોલી ઊઠી,

'ક્રાન્કલિન, તારા જેવા માણસનું મારી કને કામ નથી.'

'જો, રાશેલ, મારી આબરૂનો સવાલ ન હોત તો તારા આ શબ્દો સાંભળીને હું અબઘડી આ ઘર છોડીને ચાલ્યો ગયો હોત.' ક્રાન્કલિન પોતાને થએલા અપમાનનો ઘૂંટડો ગળી જતો બોલ્યો.

'આબરૂ? અને તે તને?' રાશેલનાં નેત્રોમાંથી ઘૃણા નીતરતી હતી.

'એવું તે મેં શું કર્યું છે તે તો કહે?'

'શું કર્યું છે? અને તે પાછો મને પૂછે છે?'

'હા, તને!'

'જો, ક્રાન્કલિન, તને બેઆબરૂ ન કરવા ખાતર જ આ વાત મેં ગુપ્ત રાખી છે. મને વધુ પરેશાન ન કર.'

ક્રાન્કલિન પોતાનો મિજાજ માંડમાંડ સાચવતો બોલ્યો: 'રાશેલ, હું તારા મનની શંકાનું સમાધાન કરવા જ આવ્યો છું. આપણે તે રાત્રે છૂટાં પડયાં ત્યારે કેટલા વાગેલા એ તને યાદ છે?' એટલું કહી તેણે રાશેલના ખભા પર હાથ મૂક્યો.

ક્રાન્કલિનના હસ્તસ્પર્શ સાથે તેના આજીજીપૂર્ણ શબ્દોએ રાશેલની કઠોરતા કંઈક દૂર કરી અને તેણે જવાબ આપ્યો, 'બાર વાગ્યે!

'તે પછી તું તરત ઊંઘી ગઈ હતી?'

'ના, તારા જ વિચારોમાં હું જાગતી પડી રહેલી. ક્રાન્કલિન, એ વખતે તું મને કેટલો પ્રિય હતો!'

'તારા ખંડમાં કશો પ્રકાશ હતો ખરો?'

'ના, ઊંઘ ન આવવાથી મેં જાતે જ પછીથી મીણબત્તી સળગાવેલી.'

'પછી?'

'પછી તો નકામી પથારીમાં પડી રહેવાને બદલે બાજુના દીવાનખાનામાં બેસવા જતી હતી ત્યાં મને કોઈનાં પગલાં સંભળાયાં. તું જાણે છે તેમ મારી માને બહુ ઓછી ઊંઘ આવતી. મારા ખંડમાં દીવો બળતો જોઇને હજુ સુધી હું ઊંઘી ન હોવાના કારણે તે મને લડવા આવતી હોવાનું માની મેં દીવો ઓલવી નાખ્યો.'

'અને પછી સૂઈ ગઈ?'

'ના. મેં દીવાનખાનાનું બારણું ખૂલવાનો અવાજ સાંભળ્યો અને મારી નજરે—'

'શું પડ્યું?'

'તું પડ્યો!'

'નાઈટગાઉનમાં?'

'હા, નાઈટગાઉનમાં, અને હાથમાં બળતી મીણબત્તી સાથે.'

'હું એકલો જ હતો?'

'હા, તદ્દન એકલો.'

'મારી આંખો ખુલ્લી હતી કે બંધ?'

'ખુલ્લી!'

'એમાં કશી વિચિત્રતા વરતાતી હતી?'

'ના. આજુબાજુ નજર ફેરવતો તું આગળ વધતો હતો. રખે કોઈ જોઈ જાય તેનું પૂરું ભાન તને હતું.'

'તેં એ વખતે શું કર્યું?'

'હું તો આ જોઇને થીજી જ ગઈ. કશું બોલીચાલી શકાય તેમજ નહોતું રહ્યું. મારા શયનખંડનું બારણું સુદ્ધાં હું બંધ ન કરી શકી. મને તું જોઈ શકે તેમ હતો, પણ જોએલી નહિ.'

'એવી ખાતરી તને શા પરથી છે?'

'મને જોઈ હોત તો તું મણિ ચોરાવત ખરો?'

'હં, પછી?'

'પછી તો કબાટ ઉઘાડી, ખાનામાંથી મણિ લઈ, કેટલીક વાર તેને

તાકતો રહી મણિ સાથે તું પાછો ફર્યો.'

'અને તું સૂઈ ગઈ!'

'ના, સવારના પેનેલોપ આવી ત્યાં સુધી આ ઘટનાના જ વિચારોમાં જાગતી પડી રહી.'

પોતાને ચોર ઠરાવતો આ પ્રત્યક્ષ પુરાવો સાંભળી ફ્રાન્કલિન સ્તબ્ધ બની ગયો. તેની સ્તબ્ધતાનો ભંગ કરતી રાશેલ છેવટે બોલી, 'તેં જાણવા માગ્યું અને મેં જણાવ્યું. હવે કંઈ કહેવું છે તારે?' તેણે લાગણીહીનપણે ફ્રાન્કલિનનો જવાબ માગ્યો.

ફ્રાન્કલિને કશો જવાબ ન આપતાં તે બોલી: 'મારે તને બેઆબરૂ કરવો હોત તો પળવારમાં કરી શકત, પણ તારી આબરૂ ઢાંકીને મેં મારી સામે શંકાનાં વાદળ ઘેરાવા દીધાં. તેં મણિ ચોર્યો તે મેં નજરે જોયો છે. ચોરને પકડી પાડવામાં પોલીસને મદદરૂપ થવાનો તેં ડોળ કર્યો તે હું જાણું છું. અને મણિ તેં લંડનના ધીરધાર કરનારા લુકરને ત્યાં ગીરો મૂક્યો છે તે પણ હું જાણું છું.'

ફ્રાન્કલિન મૂગોમૂગો ત્યાંથી નીકળી જવા ઊભો થયો, પણ રાશેલ બારણા આડે ઊભી રહી.

'રાશેલ, મને જવા દે. આપણા બંનેને માટે એ સારું છે.'

'કેમ? તું ડરે છે કે હું તને જગતની નજરે ઉઘાડો પાડીશ?' અને પછી આંખમાં ઝળઝળિયાં સાથે બોલી, 'નહિ, ફ્રાન્કલિન! તું આટલી અધમતા પર ઊતર્યો છતાં હું તને મારા દિલમાંથી સમૂળગો ફેંકી દઈ શકતી નથી.'

ફ્રાન્કલિનની આંખમાં પણ ઝળઝળિયાં આવી ગયાં: 'રાશેલ, ક્યારેક પણ તને સમજાશે કે તેં મને અન્યાય કરેલો છે. હવે પછી તું મારું મોં નહિ જુએ.' આટલું કહી ફ્રાન્કલિને ચાલવા માંડ્યું. રાશેલે તેને માર્ગ કરી આપ્યો એટલું જ નહિ પણ તેને વળાવવા આવી અને છૂટા પડતાં તેને સંબોધીને બોલી, 'ફ્રાન્કલિન, હું તને ક્ષમા આપું છું. ઓહ, ફ્રાન્કલિન! ફ્રાન્કલિન! તુંય મને માફ કરીશને?'

ફ્રાન્કલિનનું હૃદય ભરાઈ આવ્યું. તેનાથી બોલી શકાય તેમ ન હતું. તેણે માત્ર પોતાનું મોં રાશેલ તરફ ફેરવ્યું. એ પર ક્ષમાનો ભાવ સ્પષ્ટ હતો.

ત્યારબાદ કેટલાક મહિને ફ્રાન્કલિને બેટરેજને કહ્યું, 'બેટરેજ, મારે તમને એક ખુશખબર આપવા છે.'

'આ કુટુંબને લગતા કે બીજા?' તેણે પ્રશ્ન કર્યો.

'અરે, આ જ કુટુંબને લગતા—રાશેલને લગતા!' ફ્રાન્કલિનનો ઉત્સાહ માતો નહોતો.

'બસ, બસ, સમજી ગયો!' વૃદ્ધ તેની આંખમાં ચમક આણતો બોલ્યો, 'પ્રભુ તમારું જોડું સલામત રાખે!'

અહીં પેલા ચન્દ્રકાન્ત મણિનું શું થયું તેની વાચકને સહેજે જિજ્ઞાસા રહે. રાશેલે ફ્રાન્કલિનને મણિ ચોરતો જોએલો, પણ ત્યાર બાદ એ મણિ લુકર પાસે ક્યાંથી પહોંચ્યો એ કોયડો હતો. સાર્જન્ટ કફને આ તપાસ સોંપવામાં આવી. બીજી બાજુ ઈઝરા જેનિંગ્સ નામના દાક્તરે કેટલાક દર્દીઓ પર પોતે કરેલા અખતરા પરથી રાશેલને ખાતરી આપી કે કેટલાક લોકો તંદ્રાવસ્થામાં જાગતા માણસોના જેવાં જ કૃત્યો કરી બેસતા હોય છે અને પછી ઊંઘી જતા હોય છે, જેમાંનું કશું જ સવારે જાગતાં તેમને યાદ રહેતું નથી હોતું. રાશેલને ગળે આ વાત ઊતરી ગઈ, પણ મણિ લુકર પાસે ક્યાંથી પહોંચ્યો તેનો ભેદ હજુ ઊકલ્યો નહોતો.

છેવટે સાર્જન્ટ કફે એ ભેદ ઉકેલી આપ્યો. એની તપાસ લગભગ પૂરી થવા આવેલી ત્યારે તેણે કોરા કાગળ પર એક નામ લખીને તે બંધ કવરમાં મિ. ફ્રાન્કલિનને આપતાં કહેલું, 'મિ. ફ્રાન્કલિન, એક વાર મારો તર્ક ખોટો પડ્યો, પણ આ ખોટો નહિ પડે તેની ખાતરી છે. ચોરનો પત્તો લાગે ત્યારે તમે આ કવર ખોલીને એમાંનું નામ વાંચી જોજો.'

ત્યાર બાદ એક દિવસ તેણે ફ્રાન્કલિનને તુર્તાતુર્ત તૈયાર થવા કહ્યું. તે એને એક લૉજ પર લઇ ગયો. એક કમરા આગળ આવી એણે બારણું બહારથી હડસેલ્યું. પણ તે અંદરથી બંધ જણાયું. બારણું ખોલાવી અંદર જોયું તો એક શખ્સનું મુડદું પડેલું અને બાજુમાં જ લુકરના સીલવાળું બૅન્કમાંથી પાછું ઉઠાવી લીધેલું ખાલી ખોખું પડ્યું હતું.

'મણિ ગુમ!' તે બોલી ઊઠ્યો અને પછી મુડદા પાસે પહોંચી તેનાં વિગ, બનાવટી દાઢીમૂછ તથા ચહેરા પરનો બનાવટી રંગ દૂર કરતાં તે ગૉડફ્રે એબલવ્હાઇટ નીકળ્યો!

ફ્રાન્કલિન સ્તબ્ધ બની ગયો! બીજો કોઈ નહિ ને ગૉડફ્રે! પરંતુ ગૉડફ્રે બેવડું જીવન જીવતો એ તેને ખબર નહોતી. એ જ વખતે તેને સાર્જન્ટ કફે આપેલું કવર યાદ આવ્યું અને તે ખોલીને અંદર વાચતાં લખેલું હતું, 'ગૉડફ્રે એબલવ્હાઈટ!'

ગૉડફ્રેએ જ પોતાને બદલે લુકરના નામે મણિ 'એક કીમતી ચીજ' તરીકે બૅન્કમાં અમાનત મુકાવેલો. બાર મહિનાની મુદત પૂરી થતાં લુકર એ અમાનત ઉપાડીને ગૉડફ્રેને સોંપવાનો જ તેની સાર્જન્ટ કફને ખાતરી હતી. એ દિવસ આવતાં એણે લુકરની આસપાસ ખાનગી જાપ્તો રચી દીધેલો. લુકરે ગૉડફ્રેને બદલે એક ખલાસી જેવા દેખાતા કંઇક શામળા વર્ણના અને દાઢીમૂછવાળા શખ્સને તે સોંપ્યો અને એ શખ્સ મણિ લઇને સીધો લૉજમાં પહોંચ્યો એટલે કફ લૉજ આસપાસ જાપ્તો મૂકી ફ્રાન્કલિનને બોલાવવા દોડ્યો. આ રીતે મણિનો સાચો ચોર છેવટે હાથ લાગ્યો.

પરંતુ ફ્રાન્કલિને ઉઠાવેલો મણિ ગૉડફ્રે પાસે ક્યાંથી પહોંચ્યો? ઈઝરા જેનિંગ્સે એનો ખુલાસો એવો આપ્યો કે ફ્રાન્કલિનનો પગરવ સાંભળી ગૉડફ્રે પણ પોતાના કમરાની બહાર નીકળ્યો હશે અને તે એ કૃત્ય ઊંઘમાં જ કરે છે એવું જાણી જઈને ફ્રાન્કલિનની પાછળ તેના કમરામાં જઈ છુપાઇ ગયો હશે, અને પછી મણિ ત્યાંથી સેરવી લીધો હશે.

તો પછી મણિનું શું થયું? સાર્જન્ટ કફના માનવા મુજબ પેલા હિંદીઓ પણ લુકર પર જાપ્તો રાખી રહ્યા હશે. લુકરે તે મણિ ગૉડફ્રેને સોંપ્યા બાદ તેની પાછળ લૉજમાં પેસી, બારણું અંદરથી બંધ કરી, ગૉડફ્રેને ગૂંગળાવી મારી નાખીને પાછલી બારી વાટે નાસી છૂટ્યા હશે.

અને આમ એ ચન્દ્રકાન્ત મણિ પાછો હિંદભેગો થયો હોવો જોઇએ.

ગુજરાત સાહિત્ય સભા તરફની વાર્ષિક વાઙ્મયસમીક્ષા

ચાલુ વર્ષે નીચેના સમીક્ષકોને સોંપવામાં આવી છે: લલિત વાઙ્મય માટે–શ્રી રામપ્રસાદ પી. બક્ષી (ગોપાલ ભવન, ટાગોર રોડ, સાન્ટાક્રુઝ, મુંબઈ-૨૩) અને લલિતેતર વાઙ્મય માટે–પ્રો. જયંતીલાલ ડી. ઓઝા (૮૧, પ્રીતમનગર, એલિસબ્રિજ, અમદાવાદ–૬). સૌ લેખક-પ્રકાશકોને સાહિત્યસભાની વિનતિ છે કે તેમના તરફથી પ્રકટ થતાં પ્રકાશનો પ્રસિદ્ધ થાય કે તરત ઉપર જણાવેલાં સરનામાં પ્રમાણે તે તે વિભાગના સમીક્ષકને મોકલી તેઓ આભારી કરશે, જેથી સમીક્ષકને સમીક્ષાના કાર્યમાં સરળતા થાય.

ગુજરાતની મહત્તા એ ભ્રામક શબ્દજાળ છે?

એક વાચકનો પત્ર અને તેનો ઉત્તર

ગુજરાતની અસ્મિતા, ગુજરાતનું ગૌરવ, ગુજરાતનું સામ્રાજ્ય, એ સોનેરી કાગળે મઢેલાં સુશોભન માત્ર છે. ગુજરાતી વ્યાપારદક્ષ છે, બુદ્ધિશાળી છે, ન્યાયી છે, ઉદાર છે, બધું જ છે—નથી માત્ર 'મર્દ'. વ્યક્તિ કે પ્રજાના જીવનમાં એક એવી પળ આવે છે જ્યારે સમાધાન એ અપમાન છે. એવી પળ તો માથું માગી લે છે. ગુજરાતે 'જીવન' હમેશાં વહાલું લેખ્યું છે,-કોઈ પણ હાલતમાં જીવન! ગુજરાતીએ વ્યાપારમાં તેમજ જીવનમાં સમાધાન વૃત્તિને આજીવન અપનાવી છે. ગુજરાતીનું અમદાવાદી પ્રતીક એટલે ખેસ; અને વિજેતા સમક્ષ હમેશાં તે ખેસ પાથરીને જ ઊભો રહ્યો છે. ઇતિહાસ આ હકીકતની સાક્ષી પૂરશે.

એમ તો અંગ્રેજો ક્યાં વેપારી નથી? ગુજરાતે પોતાનું વ્યાપારી સામ્રાજ્ય દુનિયાભરમાં ફેલાવ્યું તો અંગ્રેજોએ એના કરતાં અનેકગણું મહાન વ્યાપારી સામ્રાજ્ય સ્થાપ્યું અને સાચવ્યું છે—માથું મૂકીને. યહૂદીઓનું સ્વતંત્ર રાજ્ય ખતમ થતાં, તે પણ દુનિયાનો વિખ્યાત લક્ષ્મીપૂજક બની બેઠો. બે હજાર કે વધારે વર્ષો તે લક્ષ્મીપૂજક રહ્યો. પણ છેલ્લા મહાયુદ્ધે, અમાનુષી જુલ્મોની સતત ઝડીએ તેના વિચાર-વ્યાપારમાં અવનવો પલટો આણ્યો. તે મર્દ બનતાં શીખ્યો અને તેનું પ્રતીક આજે નવું પૅલેસ્ટાઇન બની રહ્યું છે.

ગુજરાતે અનેક જુલ્મો સહન કર્યા છે; તેના પરિણામ રૂપે તે વધુ ને વધુ વિનમ્ર બન્યું છે; ને અપૌરુષેય બન્યું છે. લક્ષ્મીપૂજન એ ગુજરાતીઓનો માનીતો તહેવાર છે. હું ઈચ્છું છું કે લક્ષ્મીપૂજકની સાથે તે શસ્ત્રપૂજક પણ બને, સ્વરક્ષણ માટે તે મરણિયું બને. તે સિવાય વિશ્વની સમસ્ત સંપત્તિ કે ભાડૂતી પહેરેગીરો તેને બચાવી શકશે નહિ. નામર્દોની અહિંસા ગુજરાતે સ્વીકારી છે તેનાં પરિણામો પ્રજાજીવનમાં ડગલે ને પગલે સાંપડશે.

ગુજરાતના પોલીસમાં ગુજરાતીઓ એક ટકો પણ નહિ હોય. મને યાદ છે કે ૧૯૪૭માં મુંબઈમાં તોફાની પ્રવૃત્તિઓ સામે રક્ષણ માગતા ગુજરાતીઓને જ્યારે કહેવામાં આવ્યું કે પોલીસ ભરતીમાં ગુજરાતીઓ ૪૦૦ની સંખ્યામાં જોઈએ છે, ત્યારે એક પણ શિક્ષિત કે અશિક્ષિત ગુજરાતી ઉમેદવાર મળ્યો નહિ. શ્રીમાન મુનશી જ્યારે મુંબઈના ગૃહપ્રધાન હતા ત્યારે પણ આવી જ નામોશીભરી હકીકતો ધારાસભામાં પ્રશ્નરૂપે બહાર આવી હતી.

લડાયક ખમીરને આપણે જીવનમાંથી અલગ કર્યું છે, લડાયક ખમીરવાળી ગુજરાતી જાતિઓને આપણે હલકી ગણી છે, તેને કદી સાથ આપ્યો નથી. આ જાતિઓ આજે જીવી રહી હોય તો તે કુદરતના અકસ્માત જ છે.

આઝાદીપ્રાપ્તિ પછી ભારતીય અસ્મિતા શોધવાના અનેક પ્રયાસો થયા છે. તેની પ્રાંતીય આવૃત્તિ રૂપે ગુજરાતનાં ગૌરવ ઉપર ઠેકઠેકાણેથી ભાર મૂકવામાં આવ્યો છે. પણ આ જૂઠી શબ્દજાળો પ્રજાજીવનમાં ભ્રામક નશાભરી લાગણીઓના ઊભરા પેદા કરવા સિવાય બીજું કંઈ ઉપયોગી હિત સાધતી નથી.

'કુમાર' યુવાનોનું નવી પેઢીનું માસિક છે. ગુજરાતીઓના ગુણગૌરવની કથા કહેવા સાથે આ પ્રજાકીય શરમજનક ત્રુટી ઉપર ભાર નહિ મૂકવામાં આવે તો ગુજરાતી પ્રજા ગુજરાતી તરીકે તો નહિ જ જીવી શકે. કાં તો ગુજરાતે સમૂહગત આપઘાત કરવો પડશે કે સમૂહગત ધર્મપરિવર્તન! ગુજરાતનાં ગામડાંમાં જશો તો ત્યાં અનાજની મોસમમાં 'રખા' (રખવાળ) તરીકે ભૈયા રખાએલા જોશો કે મુસલમાન પઠાણ. ગુજરાતી શેઠને ત્યાં જોશો તો પહેરેગીર કે અંગરક્ષક બીન-ગુજરાતી જ હશે. આવાં તો અનેક દૃષ્ટાંતો આપી શકાય. ગુજરાતના જે નાવિકોની પ્રશંસા કરતાં આપણે થાકતા નથી તેનાં જીવન-ધોરણ તથા સામાજિક પ્રતિષ્ઠાનો ખયાલ કદી ગુજરાતે કર્યો છે? હું ગુજરાતી છું એટલે જ મને આ ઊણપ જીવનમાં હમેશાં ખટકતી રહી છે.

(મુંબઇ) —રમેશ સૂરજલાલ

[* * * નવેમ્બરના 'કુમાર'માં પ્રકટ થએલા શ્રી રત્નમણિરાવના વ્યાખ્યાનના અનુસંધાનમાં આ લખાયું લાગે છે. તો, તે અંગે કહેવું જોઈએ કે એમના વ્યાખ્યાનના પાછળના ભાગમાં ગુજરાતની આમાં બતાવી તે જ ઊણપ દર્શાવી છે; પણ અમે માત્ર ગુણદર્શનનો જ ભાગ લીધેલો.

ગુજરાતનું ખમીર સિપાહીગીરી કે લશ્કરી દિશા તરફ વળ્યું નથી અને વ્યાપારપ્રધાન ગુજરાતીઓનો મોટો ભાગ ખમીર વિનાનો બની રહ્યો છે એ હકીકતનો સ્વીકાર કર્યા છતાં ગુજરાત ઉપર નરી નામર્દાઈનો આક્ષેપ મૂકવો ઉચિત નથી. ૧૯૩૦થી '૪૨ સુધીની સ્વાતંત્ર્યની લડતના ઈતિહાસમાં ગુજરાતના જુવાનોની કારકિર્દી જેમણે જોઈ છે તેઓ એ આક્ષેપ નહિ સ્વીકારે. કર્નલ જોરાવરસિંહજી જેમણે ઇજિપ્તના રણમેદાન ઉપર મહાયુદ્ધમાં કામગીરી બજાવેલી તે ગુજરાતી હતા; અને આજે ભારતના સરસેનાપતિપદે જનરલ રાજેન્દ્રસિંહજી પણ ગુજરાતી જ છે. ગુજરાતીઓ સિપાહીગીરીમાં નથી જોડાતા તેનું કારણ તો ખેતી કે વ્યાપારમાંથી સરળતાથી સુખે જીવવા જેટલું મેળવી લેવાની ગુજરાતીઓની આવડત કેમ ન હોય? અને 'ગુજરાતની પોલીસમાં ગુજરાતીઓ એક ટકો પણ નહિ હોય' એ વિધાન ઉતાવળિયું છે. મુંબાઈ રાજ્યના પોલીસવડા શ્રી ચુડાસમા ગુજરાતી છે એ વાત બાજુએ મૂકીએ તોપણ ગુજરાતનાં ગામોની પોલીસના નીચલા થરમાં ગુજરાતીઓની જ ટકાવારી નિઃસંદેહ વધારે છે. સૌરાષ્ટ્રને ગુજરાતમાં ગણીએ (અને ગણવું જ જોઇએ) તો ત્યાંની પોલીસમાં પરપ્રાંતીના ટકા શૂન્યવત્ હશે.

ઢાલને હમેશા બે બાજુ હોય છે, ને બીજી બાજુ પણ અવગણવી ન જોઇએ. અમે પણ તે અવગણતા નથી. થોડા જ માસ પર 'પચ્ચીસ વર્ષે પહેલાં'ના ફરી ઉતારેલા 'ગુજરાતનું શરીર' નામક લેખમાં ગુજરાતનાં ખેતરોમાં રખાતા પરપ્રાંતી રખોપિયા વિષે નિર્દેશ કર્યો જ છે. આ ઊણપો અમને પણ ખૂંચતી રહી છે ને આપના ઘણા વિચારોની કદર કરીએ છીએ. પરંતુ એકલી ખંડનાત્મક ટીકા કરવામાં અમે માનતા નથી. ગુણદર્શન કરાવીને સાથેસાથ ઊણપ તરફ ધ્યાન દોરવાથી માણસને તે સુધારવા પ્રત્યે ઉત્સાહ જાગે છે. ઢીલા પડેલા માણસને બિરદાવીને જ તેનું ખમીર જાગૃત કરી શકાએ, ધુત્કારીને નહિ. એટલે ગુજરાતનાં ગૌરવ ને અસ્મિતા ઉપર મૂકવામાં આવતા ભારને આપ 'જૂઠી શબ્દજાળો' કહીને તે 'પ્રજાજીવનમાં ભ્રામક નશાભરી લાગણીઓના ઊભરા પેદા કરવા સિવાય બીજું કોઇ ઉપયોગી હિત સાધતી નથી' એવું જે વિધાન કરો છો તેની સાથે અમે સહમત થઈ શકતા નથી.

અંગ્રેજો સાથે આપે ગુજરાતીઓની સરખામણી ભલી કરી. જોકે અમે એ રીતે સહમત નથી. અમે ગુજરાતીઓ બધી રીતે અંગ્રેજોને મળતા હોવાનું માનીએ છીએ: વ્યવહારુ ડહાપણ, ધીરતા, કુનેહ, મનની શાંતિ અને છતાં ખરા સમયના ખમીરમાં. માત્ર તે ખમીર જાગૃત કરવાની જરૂર છે. અને એ ઉત્તેજીને જાગ્રત કરી શકાશે, ધુત્કારીને નહિ.—તંત્રી]



માધુકરી

અદ્યાપિ કાલકૂટ શંકર કંઠ ધારે,
અદ્યાપિ સાગર જલે વડવાગ્નિ ભારે;
અદ્યાપિ શેષ પૃથિવી પણ શીર્ષ ધારે,
સ્વીકાર્યું ઉત્તમ જનો કદી ના નિવારે.

ડૉ. છેદીલાલ જગન

આજે બ્રિટિશ ગિયાના પર આખી દુનિયાનું લક્ષ કેન્દ્રિત થએલું છે, કારણ ત્યાં પ્રચંડ બહુમતીથી ચૂંટાઈ આવેલી પી. પી. પી. (પીપલ્સ પ્રોગ્રેસિવ પાર્ટી)ની સરકારને ત્યાંના ગવર્નરે એક જ દિવસમાં પદભ્રષ્ટ કરી દઇ ત્યાં કટોકટીની સ્થિતિ જાહેર કરી છે. અશાંતિનો એક પણ બનાવ ન બન્યા છતાં બ્રિટિશ સરકારને દક્ષિણ અમેરિકાના એ બ્રિટિશ સંસ્થાનમાં પ્રજા તરફથી ચૂંટાઈ આવેલા પ્રતિનિધિઓના પદગ્રહણ પાછળ 'સામ્યવાદી કાવતરા'ની ગંધ આવી અને ગયા ઑક્ટોબરની આઠમીએ એકાએક લશ્કરી દળો અને શસ્ત્રસામગ્રી ત્યાં મોકલીને ત્યાંની પહેલવહેલી જ લોકશાહી સરકારનું વિસર્જન કરી દીધું. આ પદભ્રષ્ટ સરકારના વડા પ્રધાન હતા ડૉ. છેદીલાલ જગન જે તાજેતરમાં તેમની સાથે જ પદભ્રષ્ટ થએલા નાયબ વડા પ્રધાન ડૉ. બર્નહામ સાથે હિંદ આવી ગએલા.

છેદીલાલનો જન્મ બ્રિટિશ ગિયાનામાં જ થએલો. એમના પિતા હતા તો શેરડીના ખેતર પરના એક સામાન્ય મુકાદમ, પરંતુ પોતાનો પુત્ર ભણીગણીને આગળ વધે, બીજું કંઈ નહિ તો પોતાના જેવી ગુલામ સ્થિતિ તો ન ભોગવે એવી એમની અંતરની ઈચ્છા હતી. આ ઈચ્છાને વશ થઈને એમણે બને એટલી કરકસર કરીને પણ જગનને ભણાવ્યો.

જ્યૉર્જટાઉનમાં કૉલેજનું શિક્ષણ પૂરું કર્યા પછી છેદીલાલને ત્રીસપાંત્રીસ રૂપિયાના પગારની શિક્ષકની નોકરી મળી. આ મહત્ત્વાકાંક્ષી જુવાનને એથી સંતોષ ન થયો અને તે દંતશાસ્ત્રનો અભ્યાસ કરવા યુનાઇટેડ સ્ટેટ્સ ઊપડ્યો. વૉશિંગ્ટન તથા શિકાગો મુકામે અભ્યાસ કરી તેણે ઉપાધિ મેળવી અને 'ડૉક્ટર જગન' બન્યો. અભ્યાસની સાથેસાથ ઉપજીવિકા મેળવવા માટે તે લિફ્ટમૅનથી માંડીને બીજા અનેક નોકરીધંધા કરતો રહેલો.

હિંદમાં બ્રિટિશશાહીવાદ સામે મંડાએલા મોરચાના સમાચાર ડૉ. જગન વર્તમાનપત્રોમાં વાંચતા. બ્રિટિશ ગિયાનામાં એથી પણ આકરું દમન ચાલતું. ગોરાઓની જોહુકમી અને બિન ગોરાઓનાં દૈન્ય અને દારિદ્ર તેને ખૂંચતાં અને તે દૂર કરવા કંઈક કરવું જોઈએ એવા વિચાર સતત એના મનમાં ઘોળાયા કરતા.



યુનાઈટેડ સ્ટેટ્સથી તે બે ચીજ સાથે પાછા ફર્યા : ગોરાઓની જોહુકમી દૂર કરવાનો નિશ્ચય તથા તેની અમેરિકન પત્ની જેનેટ. ૧૯૪૩માં પાછા ફરીને આ પતિપત્નીએ રાજકારણમાં પ્રવેશ કર્યો. ૧૯૪૬માં એક રાજકીય સમિતિની સ્થાપી જે પાછળથી રાજકીય પક્ષમાં ફેરવાઇ ગઈ. એ પહેલાં બ્રિટિશ ગિયાનામાં એકે રાજકીય પક્ષ નહોતો.

ઈ.સ. ૧૯૪૭માં ડૉ. જગન બ્રિટિશ ગિયાનાની ધારાસભામાં ચૂંટાઈ આવ્યા. એની પછીની સાલે ત્યાંનાં ખાંડનાં કારખાનાંઓમાં પ્રચંડ હડતાળ પડી. આ હડતાળ તોડાવવા પોલીસે નિર્દયપણે ગોળીબાર કર્યો. ડૉ. જગન અને તેમની રાજકીય સમિતિએ એ વખતે મજૂરોનો પક્ષ લીધો અને

દસ્તમલ
[માસમાસનાં પંખી—૬૧]



પરદેશના આકરા શિયાળાને લઇને આપણે ત્યાં આવતાં ત્યાંનાં કેટલાંક પંખીઓમાં દસ્તમલ પણ એક છે. એ યાયાવર બાજ છેક પૂર્વ યુરોપ અને મધ્ય એશિયાથી આવે છે અને ઘાસથી આચ્છાદિત ખુલ્લાં ખડકાળ મેદાનોમાં કે પાકથી લચતાં ખેતરો પર તે જોવા મળે છે. સ્વભાવે શરમાળ ને એકલવાયું હોઈ તે ભાગ્યે જ એકથી વધુ સંખ્યામાં દેખાય છે.

કદમાં એ સમળીથી સહેજ નાનું અને કંઇક હળવા બદનનું. વાને રાખોડી. માદા કંઇક પીળા વેરા બદામી રંગની. ઊડે ત્યારે તેની લાંબી અણિયાળી અને છેડેથી કાળી પાંખોથી ઝટ ઓળખાય. કપાળ અને આંખની આસપાસ સફેદ કૂંડાળું. પીઠનો ભાગ આછી તપખીરી ઝાંયવાળો રાખોડી. પૂછડી મૂળ પાસેથી રાખોડીમાં સફેદ પટાવાળી સફેદ ને, તેમાંનાં વચલાં પીછાં તદ્દન રાખોડી. પેટાળ શ્વેત, પણ છાતી તથા ગળેથી કંઈક રાખોડી ઝાંય ભરી. પગ પીળા, પંજા કાળા, આંખો પીળી અને ચાંચ શિકારી પંખીને હોય તેવી ને રંગે લીલાશપડતી કાળી. ગરોળી, દેડકાં, ઉંદર ને નાનાં પંખીઓ એ એનો આહાર. એને માટે એ જમીનથી સહેજ ઊંચે પાંખો પહોળી કરી સ્થિરતાથી હવામાં તરતું શિકાર શોધે છે; ને એ મળી જતાં ખૂબ જ ચુપકીથી ઓચિંતું ઊતરી આવી શિકાર ઝડપી એક જગ્યાએ બેસીને ખાય છે. પેટ ભરાઇ રહે એટલે ખુલ્લામાં કોઇ નિર્ભય સ્થાને જઈ આરામથી બેસે. આપણે ત્યાં હોય છે એ દરમિયાન ભાગ્યે જ બોલતું સાંભળવા મળે.

ઉનાળામાં એનો પ્રજનન-કાળ આવતાં હોઈ એ પોતાના મુલકમાં ચાલ્યું જાય છે, ને ત્યાં જમીન પરના ખાડામાં ઘાસપાંદડાંની પથારી કર્યા જેવો માળો કરી, તેમાં ગોળાકાર લંબગોળ ને રતાશ પડતા બદામી છાંટણાંવાળાં ધોળા રંગનાં ચારથી પાંચ ઇંડાં મૂકે છે.

આ સહકાર દ્વારા મજૂરોના એમણે સાધેલા સંગઠનમાંથી જ પી.પી.પી. અથવા પુરોગામી લોકપક્ષનો ઉદ્‌ભવ થયો. ઇ.સ. ૧૯૫૦માં વિધિસર એ પક્ષની સ્થાપના થઇ.

બ્રિટનમાં મજૂર પક્ષ સત્તા પર હતો ત્યારે તેણે બ્રિટિશ ગિયાનાની સ્થિતિના નિરીક્ષણ માટે એક તપાસપંચ ત્યાં મોકલ્યું. આ પંચે પ્રૌઢ વયના મતદાનના તત્ત્વ પર લોકશાહી શાસનતંત્રની ભલામણ કરી. આ ભલામણ અમલી બને એ પહેલાં બ્રિટનમાં ટોરી પક્ષ સત્તારૂઢ થયો. તેણે કેટલાક વિલંબ પછી બ્રિટિશ ગિયાનાને લોકશાહી શાસનતંત્ર આપ્યું પણ સાથે કેટલાક વિશેષ અધિકારો સહિત એક બ્રિટિશ ગવર્નર પણ ત્યાં રાખ્યો. આ રીતે, ૧૯૩૭માં હિંદને અપાએલા મર્યાદિત સ્વશાસન કરતાં પણ વધુ મર્યાદા સાથે, ઈ.સ. ૧૯૫૨ના એપ્રિલમાં બ્રિટિશ ગિયાનામાં ચૂંટણીજંગ ખેલાયો, જેમાં ડૉ. જગનના પક્ષે ચોવીસ પૈકી અઢાર બેઠકો હાથ કરી. ગોરાઓ માત્ર બે જ બેઠક મેળવી શક્યા. પક્ષના નેતા ડૉ. જગનને તેમની સરકાર રચવાને નિમંત્રવા વિના ગવર્નરનો છૂટકો ન રહ્યો. ડૉ. જગને પોતાના સાથીઓમાંના કેટલાક હિંદીઓ તથા કેટલાક હબશીઓનું એક પ્રધાનમંડળ રચી કાઢ્યું.

ત્યાર બાદ ગયા વર્ષના ઑગસ્ટ માસમાં બ્રિટિશ ગિયાનાના મજૂર સંગઠનના નેતા લછમનસિંગે ફરી પાછી સાર્વત્રિક હડતાલ પડાવી. લછમનસિંગ જગન-પ્રધાનમંડળમાં આરોગ્યખાતાના પ્રધાન હતા. સાઠ હજાર મજૂરો એ હડતાલમાં સામેલ હતા. કારખાનાદારોએ મજૂરોની માગણીઓ સ્વીકારવાને બદલે તાળાબંદી જાહેર કરી. આ સામે જગન-સરકારે મજૂરોનો પક્ષ લઇને કારખાનાવાળાઓને જણાવ્યું કે બહુમતીવાળા કામદારસંઘને માલિકોએ માન્ય રાખવો જોઇએ. બસ, આ કારણે બ્રિટનની ચર્ચિલ સરકારને 'કાવતરા'ની ગંધ આવી અને તેણે જાહેર કરી દીધું કે જગન-સરકાર સામ્યવાદી છે.


જગન-સરકાર એ લોકોએ ચૂંટી કાઢેલા પ્રતિનિધિઓની સરકાર હોઇને તેનાથી લોકોને છેહ આપીને બ્રિટિશ શાહીવાદનું સમર્થન ન થઈ શકે. બ્રિટિશ ગિયાનાને અપાએલું સ્વશાસન પણ એટલું મર્યાદિત છે કે તે સ્વશાસન શબ્દની હાંસી બરાબર છે. સરકારમાં ગવર્નર ઉપરાંત બીજા ત્રણ બ્રિટિશ અધિકારીઓ રાખવામાં આવ્યા છે, અને તે ઍટર્ની જનરલ, ફિનૅન્શ્યલ સેક્રેટરી અને ચીફ સેક્રેટરી. તમામ ન્યાયાધિકારીઓ નીમવાનો અધિકાર ઍટર્ની જનરલના હાથમાં છે; અંદાજપત્ર તૈયાર કરવાના, કરવેરા નાખવાના વગેરે સઘળા અધિકારો ફિનૅન્શ્યલ સેક્રેટરી હસ્તક છે, જ્યારે પોલિસખાતું, મુલ્કી વહીવટ, વિદેશો સાથેનો સંબંધ વગેરે બાબતો ચીફ સેક્રેટરી હસ્તક છે. આ નોકરશાહી પર લોકનિયુક્ત પ્રધાનોને કશી જ સત્તા નથી રહેતી.

આટલી મર્યાદિત સત્તા છતાં ડૉ. જગનની સરકારને કરવો પડેલો પદત્યાગ બ્રિટનના એક ઉદ્દામ મજૂરનેતાએ ટોરીપક્ષની શાહીવાદી નીતિનો સ્ફોટ કરતાં ઉચ્ચારેલા આ શબ્દો સાચા પાડે છે કે, 'તમને તમારી સરકાર ચૂંટવાનો હક છે, જો તે અમને ગમે તેવી ચૂંટો તો!'

અને બ્રિટિશ શાહીવાદનો આ દંભ ઓરીસાના છપરા ગામના મૂળવતની એક ખેતમજૂરનો પૌત્ર ડૉ. છેદીલાલ જગન આજે જગત સમક્ષ ખુલ્લો પાડી રહ્યો છે.

બ્રિટિશ ગિયાના

હિંદથી બાર હજાર માઈલના અંતરે આવેલું બ્રિટિશ ગિયાના ત્યાંની પડેલવહેલી જ લોકશાહી સરકારની પદભ્રષ્ટતાને કારણે જગતની નજરે ચડ્યું છે. દક્ષિણ અમેરિકાના ઉત્તર કિનારે અમાઝન અને ઑરિનોકો એ બે નદીઓના મુખપ્રદેશ વચ્ચે ગીચ જંગલોથી છવાએલો ગિયાનાનો મુલક ત્રણ યુરોપિયન સત્તાઓએ પોતપોતામાં વહેંચી



લીધો છે અને તે બ્રિટિશ ગિયાના, ડચ ગિયાના (સુરીનામ) અને ફ્રેન્ચ ગિયાના નામે ઓળખાય છે. આમાંનું બ્રિટિશ ગિયાના ૫૦૦ માઈલની કિનારરેખા ધરાવે છે; જ્યૉર્જટાઉન તેની રાજધાની છે.

એમાંના એકલા બ્રિટિશ ગિયાનાનો જ વિસ્તાર લગભગ ગ્રેટ-બ્રિટન જેવડો છે. ૮૯,૪૮૦ ચોરસ માઇલ જેટલું ક્ષેત્રફળ ધરાવ્યા છતાં એ આખા યે સંસ્થાનની વસતિ આપણા અમદાવાદ શહેરની વસતિ કરતાં પણ અરધી—માત્ર સાડા ચાર લાખની છે. ત્યાંના પદભ્રષ્ટ થએલા વડા પ્રધાન ડૉ. જગને એમની આ દેશની તાજેતરની મુલાકાત દરમ્યાન આપેલા આંકડા મુજબ આ સાડા ચાર લાખની વસતિમાં ૨ લાખ ૭ હજાર હિંદીઓ છે, જેમાંના મુખ્યત્વે બિહાર, બંગાલ તથા ઉત્તર પ્રદેશના તેમજ કેટલાક મદ્રાસ અને ઓરિસ્સા બાજુના છે. ડૉ. જગનના પૂર્વજ પણ મૂળ ઓરિસ્સાના. ત્યાંના છપરા ગામમાં રહેતા તેમના દાદા બ્રિટિશ ગિયાનામાં મુદતબંધી સાથેની મજૂરી કરવા ઊપડેલા. એ દાદાનું નામ જગન્નાથ કે જગન, જે ડૉ. જગને કુળની ઓળખ તરીકે સ્વીકારી લીધું છે. એમનું પોતાનું નામ તો છેદીલાલ. બ્રિટિશ ગિયાનામાં હિંદીઓ સિવાયની વસતિ છે હબશી, ચીની, પોર્ટુગીઝ તથા અન્ય યુરોપિયનોની.

ગિયાનાના ત્રણ ટુકડામાં સૌથી મોટો ટુકડો બ્રિટિશોના કબજા નીચે છે. એમના ૧૩૫ વર્ષના શાસન છતાં ત્યાંની પ્રજા હજુ જેવી ને તેવી દરિદ્ર અને નિરક્ષર રહેલી છે. શેરડીની વિપુલ ખેતી ત્યાં થાય છે અને ખાંડનાં કારખાનાં ધમધોકાર ચાલે છે. ખનિજમાં બૉક્સાઈટ સૌથી વધુ પ્રમાણમાં મેળવવામાં આવે છે. અને અમેરિકન-કૅનેડિયન કંપનીઓ તેનો ઈજારો ધરાવે છે. બૉક્સાઇટ એ એલ્યુમીનિયમની કાચી ધાતુ છે. એ તેના કાચા સ્વરૂપે જ અહીંથી કેનેડા ચડાવવામાં આવે છે, જ્યાં તેમાંથી ઍલ્યુમીનિયમ તૈયાર કરવામાં આવે છે. આ ઉપરાંત સોનું, હીરા, મૅંગેનીઝ વગેરે પણ ત્યાંની ભૂમિ ધરાવે છે.

બ્રિટિશ ગિયાનાના શેરડીના વાવેતરોના માલેકો તથા ખાંડના કારખાનાદારો પહેલાં તો આફ્રિકાથી ગુલામોની આયાત કરીને તેમની પાસે મજૂરી કરાવતા, પરંતુ ઈ. સ. ૧૮૩૪ માં ગુલામગીરીની પ્રથાનો અંત આવતાં મુક્ત થએલા હબશી ગુલામોએ વાવેતરો પર તથા કારખાનાંમાં કામ કરવાની ના પાડી દીધી. આ મૂંઝવણમાંથી માર્ગ કાઢવા મિ. જૉન ગ્લૅડસ્ટન નામના બ્રિ. ગિયાનાનાં શેરડીનાં વાવેતરોના એક માલિકે બ્રિટિશ સરકાર પાસે હિંદમાંથી મજૂરો આયાત કરવાની પરવાનગી માગી અને બ્રિટિશ સરકારે તે આપી. પરિણામે હિંદમાંથી

મજૂરોની ભરતી શરૂ થઈ. આ મજૂરી માટે પાંચ વરસની મુદતબંધીની પરસ્પર સમજૂતી (ઍગ્રીમેન્ટ) કરવામાં આવતી અનેએ 'ઍગ્રીમેન્ટ'-થી બંધાયાને કારણે એ મજૂરો 'ગિરમિટિયા મજૂર' તરીકે ઓળખાતા.

મજૂરભરતીનું કામ આ રીતે ચાલુ થઈ ગયા બાદ પહેલવહેલાં 'હેસ્પરસ' અને 'વ્હિટબી' એ બે જહાજો કુલ ૪૧૪ મજૂરોને લઇને ૧૮૩૯ના જાન્યુઆરીમાં કલકત્તાથી ઊપડયાં અને મે માસમાં બ્રિ. ગિયાના પહોંચ્યાં. આ બે જહાજોમાં ૧૫૦ મજૂરો એકલા છોટા નાગપુરના હતા, જ્યારે બાકીના મોટેભાગે બર્દવાન તથા બાંકુરાના હતા. ૪૧૪માંથી ૧૮ મજૂરો એ લાંબા પ્રવાસમાં રસ્તામાં જ મરણ પામ્યા, જ્યારે બાકીના ત્યાં પહોંચી ગયા. પાંચ વરસની બંધણી સાથે રોજની દસ કલાકની મજૂરીના દર નીચે મુજબ નક્કી કરવામાં આવેલા:

સુપરિન્ટેન્ડન્ટ–દર મહિને રૂા. ૧૬; હેડમૅન–રૂા. ૭; મેઈટ–રૂા. ૬; મજૂર (પુખ્ત વયનો)–રૂા. ૫; મજૂર (સગીર)–રૂા. ૪.

આવા મામૂલી વળતર સાથેની મજૂરી માટે લઈ જવામાં આવતા હિંદીઓની સ્થિતિ ત્યાં અત્યંત કફોડી બની જતી. ગુલામો કરતાં એ જરા યે બહેતર નહોતી. 'બ્રિટિશ ઇમૅન્સીપેટર'ના તા. ૯મી જાન્યુઆરી ૧૮૩૯ના અંકમાં છપાએલા લેખમાં બ્રિ. ગિયાનામાંના હિંદીઓની સ્થિતિનું હૃદયદ્રાવક વર્ણન કરવામાં આવેલું છે. આ શોચનીય સ્થિતિ સામે ૧૮૭૧ સુધી કશી દાદ ફરિયાદ સાંભળવામાં ન આવી અને હિંદમાંથી ભરતીનું કામ ચાલુ રહ્યું. પહેલવહેલું એ સાલમાં બ્રિટિશ સરકારે બ્રિ. ગિયાનાની સ્થિતિનું નિરીક્ષણ કરવા એક તપાસ પંચ રવાના કર્યું. એ પછી છેક ૧૯૧૭માં આ 'ગિરમિટિયા' પ્રથાનો અંત આવ્યો. હિંદમાંથી મજૂરભરતીનું કામ બંધ પડતાં ફરી પાછી બ્રિ. ગિયાનામાં મજૂરોની તંગી જણાવા લાગી, પરંતુ હિંદને બદલે તે જમૈકા, બાર્બાડોસ વગેરે સ્થળોએથી કરવાનું ઈ. ૧૯૨૭માં નક્કી કરવામાં આવ્યું.

આજે બ્રિ. ગિયાનાની લગભગ ૪૬ ટકા વસતિ ત્યાં મજૂરી કરવા ગએલા હિંદીઓના વંશજોની બનેલી છે, પણ આ દેશ સાથેનો તેમનો ઘણોખરો સાંસ્કૃતિક સંબંધ તૂટી જવા પામ્યો છે. તેમનામાંથી નાતજાતના ભેદ નીકળી ગયા છે અને સ્ત્રીપુરુષ બંનેએ પાશ્ચાત્ય વેશભૂષા અપનાવેલી છે. કોઈ કોઇ નામો હજુ ભારતીય રહ્યાં છે, બાકી મોટા ભાગના હિંદીઓનાં નામ પણ હિંદુને બદલે ખ્રિસ્તી જ મળે છે. જો કે નહિ હિંદુ કે નહિ ખ્રિસ્તી એવાં જિરાલ્ડરામ, જોસફપ્રસાદ જેવાં નામો પણ ત્યાં સામાન્ય છે!

બ્રિટિશ ગિયાનાનું તંત્ર 'કોર્ટ ઑવ પોલીસ' નામે ઓળખાતી નાની સરખી મંત્રીસભા ચલાવતી. ઇ. ૧૯૩૫માં આ મંત્રીસભાના સ્થાને ગવનરના અધ્યક્ષપદે 'લેજિસ્લેટિવ કાઉન્સિલ'ની સ્થાપના થઇ. ઈ. ૧૯૫૧માં સર ઇ. જે. વૅડિંગ્ટનના અધ્યક્ષપદ નીચેના કમિશને પ્રૌઢ વયના મતાધિકાર સાથે ત્યાં લોકશાહી તંત્રની સ્થાપનાની ભલામણ કરી, જેનો અમલ ૧૯૫૩ના એપ્રિલમાં કરીને પહેલવહેલી સામાન્ય ચૂંટણી કરવામાં આવી. આ ચૂંટણીમાં ડૉ. જગનનો પક્ષ બહુમતીથી ચૂંટાઈ આવ્યા બાદ તેમણે રચેલી સરકાર પર તે સામ્યવાદી હોવાનો આક્ષેપ મૂકીને બ્રિટિશ સરકારે તેને પદભ્રષ્ટ કરી છે.

આપણું રાષ્ટ્રગીત

આપણા લોકોની રાષ્ટ્રગીત ગાવાની રીત મજાની છે. બીજા દેશોમાં રાષ્ટ્રગીત ગવાતું હોય ત્યારે સૌ શાંત થઈ જાય છે, સ્થિર થઈ અદબપૂર્વક ઊભા રહે છે, જ્યારે આપણી આનંદી પ્રજા... પણ હું મારો એક અનુભવ જ કહું.

થોડા વખત પહેલાં એક સમારંભમાં કાર્યક્રમ પૂરો થઈ ગયા પછી સૌ વીખરાવાની તૈયારીમાં હતાં ત્યાં માઇક પરથી કોઈ ઉત્સાહી ભાઈ એ જાહેર કર્યું, 'ભાઇઓ, રાષ્ટ્રગીત ગાઈને આપણે વીખરાવાનું છે.'

ગીત શરૂ થયું અને...બીજું શું થયું હશે કહો તો! તમને થશે કે સૌ શાંત, સ્થિર, શિસ્તપૂર્વક ઊભા રહ્યા હશે? પણ ના, આપણા જેવી કાર્યશીલ પ્રજા એવું આળસ દર્શાવે કે? જેવું રાષ્ટ્રગીત ગાવાનું શરૂ થયું કે જુદાંજુદાં રચનાત્મક કાર્યોમાં ગૂંથાઈ ગયા. કોઈએ બૂટની દોરી બાંધવા માંડી, બેત્રણ જણે પોતાની ખુરશી નીચે સરી ગએલાં ચંપલ શોધવા માંડયા, કેટલાકે પોતાનાં સૂઈ ગયેલાં બાળકોને 'બેબી, ઊઠ તો બેન, ઘેર જવું છે ને?' કહીને જગાડવા માંડયાં, કેટલાકે ખિસ્સામાંથી ઘડિયાળ કાઢી જીવનની વહી જતી અમૂલ્ય ક્ષણોની ગણતરી કરવા માંડી. એક મિત્રે કોટનું ખિસ્સું અવળું કરીને એમાં રહી ગએલાં ચિનાઈ શીંગનાં ફોતરાં ખંખેરવા માંડયાં. એક નવપરિણીત યુગલ તો 'શાલ તું ઓઢ.'–'ના તમે ઓઢો.'—'ઊંહું, તને ટાઢ વાશે.'—'અને તમને નહિ વાય?',—'ચાલ, આપણે ભેગી ઓઢશું.'—'જાઓ, જાઓ, હવે શરમાઓ જરા,'–એ સંવાદ શરૂ કર્યો!

રાષ્ટ્રગીત જેમજેમ આગળ ચાલતું તેમતેમ ગાનારાઓ વધુ ને વધુ રમૂજ ઊભી કર્યે જતા હતા. સામે પ્રમુખની ખુરશીની આસપાસ મંચ પર ઊભેલા સન્માનનીય વક્તાઓ અને આગેવાનોએ શ્રોતાવૃંદમાં કોણકોણ હાજર છે એ નીરખવા માંડયું, ત્યારે ય રાષ્ટ્રગીત ગાવાનું તો ચાલુ જ હતું! એક વક્તાએ આંગળી ચીંધીને કોઈ જોવાલાયક પ્રેક્ષક તરફ બીજા વક્તાનું ધ્યાન ખેંચ્યા જ કર્યું; બાકીનાઓએ ગાય જેવી શૂન્ય આંખોએ આખાએ પ્રેક્ષકવર્ગ તરફ જોયાં કર્યું અને કેટલાક જાણે 'રે મન, જન ગણ...'એવા 'જન ગણ મન'ના ગીતના ઉપદેશનો અમલ કરતી હોય એમ મનમાં ને મનમાં ત્યાં આવેલા માણસોની અંદાજી ગણતરી કરવા માંડી!

એક જણે પહેલાં હાથ જોડયા. પછી લાગ્યું કે એ બરાબર નથી એટલે બે હાથ ભેગા કરીને સામે ઝૂલતા રાખ્યા અને એ ન ફાવ્યું, એટલે બાંડી આંખે જોડેવાળો શું કરે છે એ નિહાળીને 'ઍટેન્શન'ના 'પોઝ'માં ઊભા રહ્યા. પણ જેમ ખરો થનગનતો ખાનદાન ઘોડો સ્થિર ઊભો જ ન રહી શકે, ઊભા ઊભા પણ આતુરતાથી પગ પછાડયા કરે એમ એમણે પણ પગ તો ઊંચાનીચા કર્યા જ કર્યા.

અલબત્ત, પ્રમુખસાહેબે પોપચાં ઢાળીને રાષ્ટ્રગીત ગાવાનો પ્રયત્ન કર્યો ખરો! જોકે વચ્ચેવચ્ચે એ પણ પ્રેક્ષકોને જોવા સહેજ આંખ ઉઘાડી લેતા હતા. પણ તરત કોઇની જોડે નજર મળતાં સંકોચ પામીને પાછી આંખ મીંચી દેતા હતા. આમ આખા ય રાષ્ટ્રગીત દરમ્યાન એ સંતાકૂકડી રમતા રહ્યા.

મને લાગે છે કે આપણા સિવાય કોઈ પ્રજા આવડા નાનકડા કાર્યને પણ આટલું બધું રમૂજભર્યું નહિ બનાવી શકતી હોય! તમે કહેશો, આ તે કંઈ રમૂજ કહેવાય? આ તો રાષ્ટ્રગીતનું અપમાન કહેવાય, શિસ્તનો અભાવ કહેવાય, દેશભક્તિને દેશવટો દીધો કહેવાય...

તમે ભૂલો છો. તમે આપણી સંસ્કૃતિનું રહસ્ય સમજ્યા જ નથી. આ જમાનો શેનો છે કહેશો? આરામનો? આળસનો? પ્રમાદનો? ના. કાર્યનો! પ્રવૃત્તિનો! ચોવીસે કલાક કાર્ય કરવું એ આપણી નવયુગના ઘડવૈયાઓની ફરજ છે અને એટલે રાષ્ટ્રગીત ગવાતું હોય ત્યારે પણ આપણે બૂટની દોરી બાંધવાનું, રૂમાલથી ચશ્માના કાચ સાફ કરવાનું, કે ઊંઘી ગએલી બેબીને જગાડવાનાં રચનાત્મક કાર્ય કરીને આપણી ક્રિયાશીલતા જ દર્શાવીએ છીએ. દેશની ખરી સેવા આમ રાષ્ટ્રગીત ગાતાંગાતાં ય 'કાર્ય' કરવામાં ડૂબી ગએલાઓ જ બજાવે છે, રાષ્ટ્રગીત ગાવાને બહાને, શિસ્તને નામે, સ્થિર, સ્તબ્ધ ઊભા રહી થોડી ક્ષણોનો આરામ લઇ લેનારા આળસુ દેશપ્રેમીઓ નહિ!

વર્ષો પહેલાં પૂ. ગાંધીજીની **ભસ્મ પધરાવવા માટે સરઘસ** નીકળેલું એ તમે જોએલું? મેં નહિ જોએલું, પણ એની માહિતીફિલ્મ મેં જોએલી. અને ફિલ્મમાં દેખાતી જનતાનાં કેટલાંક દશ્યો જોઈને ક્યારેક એમ લાગી જતું હતું કે આપણે ગાંધીજીના અવસાનનું શોક-સરઘસ નથી જોઈ રહ્યા પણ કોઈ વરઘોડો જોઈ રહ્યા છીએ. દેખાતું તો એવું હતું કે બાપુજીના શોકથી વ્યગ્ર થએલાઓ કરતાં ફિલ્મમાં પોતાનું મોં પણ આવે એ આશાએ ઊંચા થઈ થઇને ય કેમેરા બાજુ નજર કરનારાની સંખ્યા વધુ હતી!

બાપુજી તો ગયા, અમર થઈ ગયા, પણ એથી કંઈ શોકસરઘસમાં આવેલાઓ ઓછા એમ ને એમ અમર થઇ જવાના હતા? એ લોકોએ તો પગના અંગૂઠા પર ઊભા થઈથઇને, જોડેવાળાના ખભા પરથી ડોકિયાં કરીકરીને કૅમેરા સામે મોં લાવીલાવીને, જાતે જ, પોતાના જ પ્રયત્નથી, સ્વાશ્રયથી એ નાનકડા માહિતીચિત્ર દ્વારા આ સંસારમાં અમર થઇ જવાનો પ્રયત્ન કરવો જ રહ્યો ને! ગાંધીજી મરીને અમર થયા, આપણે ડોકિયાં કરીને અમર થયા! 'અમર થઇ જવાનું' મહાત્મા ગાંધીજીનું કામ આપણા લોકોએ તરત જ આટલા ઉત્સાહથી ઉપાડી લીધેલું એ કંઈ ઓછા હર્ષની વાત કહેવાય? તમને ભલે એમાં શિસ્તનો અભાવ દેખાય, મને તો એમાં સ્વસ્થ, જાગ્રત, કાર્યપરાયણ ચેતનવંતી પ્રજાના સ્વાભાવિક થનગનાટ જ દેખાય છે!

આપણે શિસ્તશિસ્ત કરીએ છીએ પણ શિસ્તઆવે છે સ્વાતંત્ર્યને ભોગે એ કેમ ભૂલી જઇએ છીએ? રાષ્ટ્રગીત ગાતી વખતે શિસ્તને ખાતર પણ બીજા જોડે તમે વાતો ન કરો એનો અર્થ એ કે તમે વાણીસ્વાતંત્ર્યનો તમારો હક્ક જવા દીધો. બસમાં બેસતી વખતે કતાર જાળવીને શિસ્ત પાળવી એનો અર્થ એ કે તમારું ધક્કામુક્કી કરવાનું વ્યક્તિસ્વાતંત્ર્ય જવા દો છો. એકમાર્ગી રસ્તે વાહન ન લઈ જઇને તમે નાગરિક શિસ્ત જાળવો છો એનો અર્થ એ કે તમે બીજા વાહન જોડે ચગદાઈઅકસ્માતના ભોગ બની શહીદથવાનુંસ્વાતંત્ર્ય ગુમાવી દો છો!

કદાચ આવા સ્વાતંત્ર્યપ્રેમને ખાતર જ આપણે રાષ્ટ્રગીત ગાતી વખતે યે વાતો કરવામાં કે સભાસ્થાન છોડીને ચાલવા માંડવામાં શરમ નથી અનુભવતા. અને વાત પણ ખરી છેને કે આઝાદી દિનની સાચી ઊજવણી પણ રાષ્ટ્રગીત ગાતાંગાતાં યે આઝાદ રહેવામાં અને આઝાદ રહી ચાલુ રાષ્ટ્રગીતે ખિસ્સામાંથી મગફળીનાં ફોતરાં નીચે વેરવામાં જ રહેલી છે. ('ગુજરાત સમાચાર') —બકુલ ત્રિપાઠી

બ્રિટનની ફુટબોલની રમતનો ઇતિહાસ

ગઈ ૨૧મી ઑક્ટોબરે લંડનના વિખ્યાત વેમ્બ્લી સ્ટૅડિયમમાં, ઇંગ્લંડ અને 'ફિફા' (ફેદરાસિયોં ઍંતરનાસિઓનાલ ફુતબાલ આસોસિયાસિયાં) વચ્ચે–સાદી ભાષામાં કહીએ તો ઇંગ્લંડ વિરુદ્ધ બાકીનું વિશ્વ એ રીતે ફુટબૉલની મૅચ યોજવામાં આવી હતી. તે બ્રિટનની 'ફુટબૉલ એસોસીએશન'ની ૯૦મી જયન્તીની ઊજવણી નિમિત્તે ગોઠવાઇ હતી. આ ૯૦ વર્ષમાં એ રમતે કેટલું વિશ્વવ્યાપી સ્વરૂપ ધારણ કર્યું છે તે તો ત્યાં યોજાએલા ભોજનસમારંભમાં ૮૦ જેટલાં રાષ્ટ્રોને આમન્ત્રવામાં આવ્યાં હતાં એ હકીકત પરથી જાણી શકાય છે! બ્રિટનની તો એ પ્રમુખ રમત છે. ત્યાં દર અઠવાડીએ સાડા બારલાખ કરતાં પણ વધારે લોકો એકલી ધંધાદારી ફુટબૉલની મૅચો જુએ છે.

બ્રિટનમાં ફુટબૉલની રમત, છેક તે રોમન સામ્રાજ્યનો ભાગ હતું ત્યારથી અસ્તિત્વમાં હતી. મધ્યયુગમાં પણ તે રમાતી હોવા વિષેનો પુરાવો ઉપલબ્ધ થાય છે. પરન્તુ તેની ધોરણસરની વ્યવસ્થા તો ઈ. ૧૮૬૩ની ૨૬મી ઑક્ટોબરે લંડનમાં એક પરિષદ બોલાવીને 'ફુટબૉલ એસોસીએશન'ની સ્થાપના થઈ ત્યારથી જ થઇ.

શંકર બાલકૃષ્ણ દીક્ષિત (અનુ. પૃ. ૫થી) તેમના ઘરનું સરનામું આપ્યું. જેલ સુપરિન્ટેન્ડેન્ટ ત્યાં પહોંચ્યા અને છેવટે ગાંધીજી માટે પુસ્તક લાવ્યા. ગાંધીજી પોતાના સાથીઓને કહેતા કે આપણે ગામડામાં કામ કરવાનું છેને ગામડામાં ઘડિયાળ મળે તેમ ન હોય તો આકાશ પરથી સમય જાણવાનું જ્ઞાન ગ્રામકાર્યકરોને હોવું જોઇએ. દીક્ષિત તો દિવસે સૂર્ય અને રાતે તારાઓને જ કુદરતી ઘડિયાળ માનતા અને 'જ્યોતિર્વિલાસ'માં તેમણે એ વિષય પર 'ઘડિયાળોની પણ ઘડિયાળ' નામક એક પ્રકરણ પણ મૂકેલું છે.

જ્યોતિષ ઉપરનું એમનું ત્રીજું પુસ્તક તે અંગ્રેજીમાં લખાએલું 'ધી ઈન્ડીઅન કૅલેન્ડર'. રોબર્ટ સેવેલ સાથે મળીને તૈયાર કરેલા આ પુસ્તકમાં પંચાંગ તૈયાર કરવા સંબંધેનો વિવેચનાત્મક ભાગ મુખ્યત્વે દીક્ષિતનો લખેલો છે. એ ભાગમાં એમણે મુસલમાની પંચાંગો વિષે પણ કેટલીક નોંધ મૂકેલી છે. આ ગ્રન્થમાં એમણે પંચાંગનાં પાંચે અંગ—તિથિ, વાર, નક્ષત્ર, યોગ અને કરણ–નક્કી કરવાની વૈજ્ઞાનિક પદ્ધતિ આપવા સાથે પહેલાંના ને અત્યારે પ્રચલિત સઘળાં સંવતોની માહિતી આપીને ઈ. ૩૦૦ થી ૧૯૦૦ સુધીનું પંચાંગ આપેલું છે.

સંશોધનવિષયક એમનો પહેલો લેખ 'કાલગણના' હતો. 'ઇન્ડીઅન ઍન્ટીક્વેરી'માં છપાએલા એ લેખમાં એમણે શતપથ બ્રાહ્મણમાં કૃત્તિકા નક્ષત્રની દર્શાવેલી સ્થિતિ પરથી તેનો રચનાકાળ ઈ. પૂ. ૩૦૦૦ વર્ષનો ઠરાવ્યો. પાશ્ચાત્ય પંડિતોએ આ સામે વાદ ઊભો કર્યો, પરંતુ દીક્ષિતે તર્કશુદ્ધ દલીલો વડે તેમનાં મોં બંધ કરી દીધાં. ત્યાર પછી તો તેમના 'ભારતીય જ્યોતિઃશાસ્ત્રના ઇતિહાસે'ભારતીય જ્યોતિષ તેમજ વેદ, બ્રાહ્મણો વગેરેના રચનાકાળ વિષે પાશ્ચાત્ય ખગોળવેત્તાઓ અને ઇતિહાસવેત્તાઓના પ્રચલિત ખયાલોમાં આમૂલ ક્રાન્તિ આણી દીધી. પાશ્ચાત્ય પંડિતો વેદોનો રચનાકાળ ઇ.પૂ. ૧૪૦૦થી આગળ નહોતા મૂકતા જે વસ્તુતઃ ઈ.પૂ. ૩થી ૪ હજાર વર્ષ પહેલાંનો હોવાનું દીક્ષિતે સિદ્ધ કરી આપ્યું.

પ્રસ્તુત ગ્રન્થના પ્રથમ ભાગમાં વૈદિક અને વેદાંગકાળનો જ્યોતિષનો ઇતિહાસ આપેલો છે. તેમાં જણાવ્યા મુજબ ભારતીઓને નક્ષત્રજ્ઞાન ઈ.પૂ. ૫૦૦૦ વર્ષ પર થએલું અને અધિક માસ ગણવાની પ્રથા પણ એ જ અરસામાં શરૂ થએલી. માસની ગણના ચન્દ્ર પરથી એટલે કે ચાન્દ્ર હતી. ગ્રહોનું જ્ઞાન તેમને એ વખતે હતું અને એમને ગતિ હોવાનું પણ તેઓ જાણતા, પરંતુ એ જ્ઞાન ગ્રહોની ભવિષ્યની સ્થિતિ દર્શાવવામાં નહોતું યોજાતું. ચૈત્રાદિ મહિનાઓની સંજ્ઞા ઇ. પૂ. ૨૦૦૦થી શરૂ થઈ. મેષાદિ રાશિઓની સંજ્ઞા ઇ. પૂ. ૫૦૦થી પ્રચલિત થઇ. વારની સંજ્ઞા એ પહેલાં પ્રચારમાં હતી, પણ તે યે રાશિઓની જેમ પરદેશથી આયાત થએલી છે. બીજો ભાગ જ્યોતિઃસિદ્ધાંતકાલને લગતો હોઇને વધુ મહત્ત્વનો છે. ગણિતસ્કંધ, સંહિતાસ્કંધ અને જાતકસ્કંધ એમ ત્રણ સ્કંધ અને છેવટે ઉપસંહારમાં તેમણે ભારતીય જ્યોતિઃશાસ્ત્રનું મૂળ સ્વરૂપ પ્રકટ કર્યું છે. અને ભારતીયોએ જ્યોતિષવિષયક સર્વે કંઈ ખાલ્ડીઅનો, ઇજિપ્શ્યનો, ગ્રીકો અને રોમનો પાસેથી મેળવ્યું છે એવા પાશ્ચાત્ય વિદ્વાનોનાં વિધાનો નિર્વિકાર દષ્ટિએ તપાસી જઇને એનું ખંડન કર્યું છે. જોકે જ્યાં વિદેશીઓનું ઋણ રહેલું છે ત્યાં તેનો સ્વીકાર પણ તેમણે નિઃસંકોચપણે કરેલો છે. દાખલા તરીકે સાત વારની સંજ્ઞા આપણી પોતાની નહિ પણ વિદેશી છે.

ગયા વર્ષે મહારાષ્ટ્રે એમની જન્મશતાબ્દી ઊજવી ત્યારે એમના સ્મારક વિષે પણ વિચારણા કરવામાં આવેલી. એ સ્મારક રચાય કે ન રચાય, પણ એવા સ્થલબદ્ધ સ્મારક કરતાં 'ભારતીય જ્યોતિઃશાસ્ત્ર' એ સ્વ. શંકર બાલકૃષ્ણ દીક્ષિતનું સાચું અને કાયમી સ્મારક રહેશે.

(જાન્યુઆરી ૧૯૫૪ · અંક ૩૬૧)

તરણા ઓથે ડુંગર રહે, એવું ઉખાણું સરવે કહે,
તરણું તે જીવનો અહંકાર, તે પાછળ રહ્યો કિરતાર.

પોતાના દેશબાંધવોની ગરીબ સ્થિતિ જાણીને ઘણી જ સાદાઈથી રહેતો લેનિન એક વાર એવો બીમાર પડ્યો કે અમુક મોંઘી દવાનો ઉપચાર અનિવાર્ય હતો, છતાં ગરીબ દેશબંધુઓના અનુસંધાનમાં લેનિન એવી મોંઘી દવા ન લેવામાં જ્યારે મક્કમ રહ્યો ત્યારે તેની પત્ની ક્રુપ્સકાયાએ ચુપકીથી તેને અપાતા ખોરાક સાથે મેળવી તે આપવા માંડી. તે સાજો થયા પછી જ્યારે આ રહસ્યનો સ્ફોટ થયો ત્યારે લેનિને ઊલટા ગુસ્સે થઈને દેશની ગરીબી ફિટાડવામાં આડખીલીરૂપ બનવાના ગુના માટે ક્રુપ્સકાયા પર કેસ કર્યો! ક્રુપ્સકાયા એમાં દોષિત ઠરી, પણ લોકોએ અંતે તેને છોડાવી.

અનેકાર્થી શબ્દ: **પીઠ**=દારૂ ગાળવાનું સ્થાન ભઠ્ઠી; જુગારનો અડ્ડો; જુગારનો દાવ; થાણું; બજાર; અમુક એક પક્ષ; ગાનાર-નાચનારનું ટોળું; (લાવણી ગાવામાં) એક પક્ષનું ટોળું; તોપની ગાડી; ડબ્બાનો દાંડો; ઉતાવળથી; પાંખનો કે સોટીનો અવાજ.

કહેવતોના અર્થ: 'રાત અંધારી ને તલ કાળા.' બંને કાળાં હોવાથી ગફલતમાં નાખી છેતરવું ફાવે, એ વ્યક્ત કરતી એ આખી કહેવત આમ છે: 'રાત અંધારી ને તલ કાળા; લે વાણિયા, તારા ને તારા.' એવી જ બીજી કહેવત: 'રાત રાણી ને વહુ કાણી.'

માળ વગેરે ઉપર ચડવા માટેની 'લિફ્ટ' (એલીવેટર)ને શોધાયાને ૧૦૦ વર્ષ થયાં. ઈ. ૧૮૫૩માં ન્યૂ યૉર્ક પરગણાના યૉન્કર્સ ગામના એલીશા ઓટિસ નામના માણસે તે પહેલવહેલી શોધી. તે વરાળયંત્રથી ચાલતી અને દોરડાથી ખેંચાતી. અકસ્માત દોરડું તૂટી જતાં તે અટકી ઊભી રહે એવી તેમાં કરામત હતી. તે બહુ વજન ઊચકી ન શકતી. આજની ઝડપી એલીવેટરો ૫૦૦૦ પૌંડનું વજન ઊચકીને મિનિટના ૧૨૦૦ ફૂટની ઝડપે ચડી ઊતરી શકે છે.

નાના બાળકની કરોડમાં ૩૩ હાડકાં હોય છે, જ્યારે મોટા માણસનીમાં ૨૬.


૧૯૫૧માં થએલી વસતિગણતરી પ્રમાણે મુંબઈ રાજ્યમાં ૮૫ ભાષા બોલાય છે, જે પૈકી ૬૭ ભાષા બૃહદ મુંબઈમાં બોલાય છે. મુંબઈ રાજ્યમાં લગભગ ૪૪ ટકા મરાઠી, ૩૨ ટકા ગુજરાતી, ૧૨ ટકા કાનડી અને ૫ ટકા ઉર્દૂ ભાષા બોલે છે. આમ કુલ વસતિના ૯૩ ટકા આ ચાર ભાષા બોલે છે. સૌરાષ્ટ્રમાં ૯૬ ને કચ્છમાં ૯૯ ટકા ગુજરાતી બોલાય છે.



અમેરિકા, કૅનેડા અને પશ્ચિમ યુરોપનાં બાર રાજ્યોએ મળીને 'નાટો' (NATO=નૉર્થ ઍટલાંટિક ટ્રીટી ઑર્ગેનિઝેશન) નામનો એક સંઘ રચ્યો છે, જેમાં બહારના આક્રમણ સામે પરસ્પરને સહાય કરવાના કરારો કર્યા છે. એ સંઘનો આ ધ્વજ છે. વહાણના હોકાયંત્રનો દરેક ચાર અણીવાળો તારક એ સંઘને સાચા માર્ગ પર—શાંતિના માર્ગ ઉપર રાખે છે, ને વર્તુલ તે એ ચૌદે રાજ્યને સાંકળીને બાંધી રાખનારા ઐક્યનું નિદર્શક છે. પારીસમાં આવેલી 'નાટો'ની મધ્યસ્થ કચેરી ઉપર આ ધ્વજ ઊડે છે અને તે ઉપરાંત આ જ આકૃતિ એ સંઘનાં વહાણો, વિમાનો, ટૅંકો તેમજ પોશાક વગેરે ઉપર 'નાટો'ના પ્રતીક તરીકે વપરાશે.

ગણિત-ગમ્મત: તમે જે મહિનામાં જન્મ્યા હો તેને ૨ થી ગુણો; ૫ ઉમેરો; જે આવે તેને ૫૦ થી ગુણો; તેમાં તમારી ઉંમર ઉમેરો; તેમાંથી ૩૬૫ બાદ કરો; પછી ૧૦૫ ઉમેરો. જે જવાબ આવશે તેના પહેલા આંકડા તમે જે માસમાં જન્મ્યા હશો તે આપશે અને બાકીના તમારી ઉંમર આપશે.

(મુંબાઈ) —ઉર્વશી ઝવેરી



ગામડાંમાં કાનના દુખાવા ઉપર ઊંટના મૂત્રનાં ટીપાં નંખાય છે.

હિંદમાં ટ્રામ-કાર પહેલવહેલી ઈ. ૧૮૮૨માં દાખલ થઈ.

અંડરવેરથી માંડીને તે ઓવરકોટ સુધીના પુરુષના પોષાકમાં ૭૦ જેટલાં બટન લગાડાય છે, પણ એમાંથી ઉપયોગમાં તો કેવળ ૩૦ જ આવે છે!

સ્થળ વિષે લોકોક્તિ: આ વરસથી નવા શરૂ થતા આ વિષયમાં જુદાંજુદાં ગામ—દેશની ખાસિયત દર્શાવતી પ્રચલિત કહેવતો તથા કવિતાઓ આવશે. પોતાની જાણમાં હોય તે એકઠી કરીને મોકલવા વાચકોને વિનતિ છે. આ વખતે બે આપીએ છીએ: એક ગામની ને બીજી દેશની: (૧) 'સુરત સોનાની મૂરત.' (૨)

જળ ઊંડા, થળ ઊજળાં, નારી નવલે વેશ,
પુરુષ પટાધર નીપજે, આવો મરુધર દેશ.


પટાધર=દાઢીમૂછના રુઆબદાર, શમશેરબાજ, શક્તિવાળા. મરુધર=મરુભૂમિ, મારવાડ.

વીજળીના ગોળાને આશરે ત્રણ મહિને સૉકેટમાંથી કાઢીને ફેરવીને ફરી નાખવામાં આવે તો તે ઝટ ઊડી ન જતાં લાંબો વખત ચાલશે.

આજકાલ રાજકીય નિર્ણયોમાં વપરાતો 'વીટો' શબ્દ લાટિન છે અને તેનો અર્થ થાય છે 'હું મના કરું છું.'

દુનિયાભરના ઊંચામાં ઊંચા અને ઠીંગણામાં ઠીંગણા—બંને કદના માણસો આફ્રિકામાં થાય છે.

સઇ ચોરે લૂગડું ને સોની ચોરે રતી,
હજામ બાપડો શું ચોરે, માથામાં કૈં નથી!



કલાકણિકા: હથિયારો પણ કલાના પ્રસાદ વિના નથી રહ્યાં તેના ઉદાહરણ રૂપ હાથીદાંતની કોતરણીથી મંડિત એક પ્રાચીન બંદૂકનો કુંદો.

(40) Sanghvi Shantilal C., Valabhipur (Saur.)—18, Stamps, Feathers, Match-lables; (41) Girish J. Pandya, Station-Plots, Gondal (Saur.)—18, View-cards, Stamps, Sports, Vocal-music; (42) Lalitkumar B. Shah, C/o R. B. Shah, 202 Guj. Society, Rm. No. 5, 2nd floor, Bombay-22—20, Stamps, Photography, View-cards; (43) Bharatkumar J Upadhaya, Acharya Nivas, Station Plots, Gondal (Saur.)—19, Stamps, Painting, Photography; (44) Mahendrakumar T. Makwana, Raval Building, Lodhawad, Rajkot (Saur.)—19, Stamps, Reading; (45) Manu M. Patel, 21 N. P. New Hostel, Visnagar (N. Guj.)—20, Stamps, Photography, Politics, Sports; (46) Miss Binduben Chunilal Doshi, Opp. Gaushala, Pidhi Road, Kandiwali (East), Bombay—16, Gujrati Literature, Photography, Cinema; (47) Ratilal Gandalal Mistry, Near Nana Derasar, Dhrangadhra (Saur.)—20, Music, Cinema, Science Embroidary; (48) Ramesh D. Raval, C/o Durgashanker D. Raval, State Hospital, Jodia (Saur.)—19, Drawing, Reading, Writing; (49) Shashikant Vrajlal Parekh, C/o V. A. Parekh, 33/35 Bhuleshwar Road, Opp. Market, Bombay-2—17, Reading, Politics, Education, Naturopathy; (50) Harsukhrai Jageshwar Trivedi, C/o Tata Camicals Ltd., Mithapur, Okhamandal (Saur.)—26, Stamps, Literature; (51) Pravin A. Sheth, C/o Ramnik Sheth, 493 Kalbadevi Road, 2nd floor, Bombay-2—22, Music, Films; (52) Damodardas Gordhandas, C/o Jagjivan Gordhandas, Baharkot, Veraval (Saur.)—19, Literature, Penpals, Films, Stamps; (53) Mistry Ratilal Gandalal, Near Nana Derasar, Dhrangadhra (Saur.)—19, Films, Embroidary, Science, Music, Motor-driving; (54) Nanalal H. Parmar, Shyamsundar Nivas, Near Salat Mandir, Kharvawad, Veraval (Saur.)—19, Penpals, Filmsongs, Swimming; (55) Shashikant Karamchand Mehta, 7/456 Hathikhana Sheri, Rajkot (Saur.)—20, Stamps, Penlals, Coins, Painting; (56) Vijaykumar Purushottamdas Solanki, Near Gujrati School, Karamsad, Via Anand—20, Cricket, Stamps; (57) Shantilal R. Chandarana, Dr. Kalidas Motiram Building, Parsi Lane, Rajkot (Saur.)—17, Penpals; (58) Gambhirsinh B. Gohil, Rajput Vidyalaya, Navapara, Bhavnagar (Saur.)—19, Literature, Stamps; (59) Bankebihari Lakshaminarayan Suksena, M. N. College, Visnagar (N. G.)—19, Stamps, Photography; (60) Arjunprasad Chaturbhuj Bhatt, Visnagar College, Visnagar (N. G.)—20, Stamps, Penpals; (61) Chinubhai Manilal Patel, M. N. College, Visnagar (N. G.)—19, Stamps. Photography; (62) Mehta Kanaiyalal Harilal, Navapara, Mandvi (Katch)—20, Penpals, Pictures.



આમ્રકુંજ : ચિત્રકાર – કે. શેષગિરિરાવ

આ અંકના મુખચિત્ર તરીકે આપેલી મુઘલ કલમના પ્રાચીન તસ્વીરમાં જેવું 'યક-બાલ-કલમ' (એક જ વાળની સૂક્ષ્મ પીછી) વડે કરેલું બારીક ચિત્રકામ છે તેવું જ પીછીનું ઝીણવટભર્યું કૌશલ દાખવતા આ ચિત્રમાંનાં ઝાડનાં થડની ભીંગડાં વળેલી છાલ તથા ઝીણાં ડાળપાંખડાં અને પાંદડાંનાં આલેખન, એવાં કલમ-કસબ આજના કલાકારો પણ અજમાવતા હોવાની શાખ પૂરે છે. મનોભૂમિ પર પડેલી અર્ધસ્પષ્ટ છાપોને ઝડપી રંગ-સપાટા વડે ઉતારતી આજની અદ્યતન (ઈમ્પ્રેશનિસ્ટ) કલાને પડછે ઉપલો કલા-પ્રકાર એક જુદી જ રસસૃષ્ટિ જમાવે છે. એમાં નાનકડી દહેરી વડે સોહામણી બનેલી ઘેરી આમ્રકુંજની શાંતિભરી શીતળ છાયાને વાંદરાંની ખેલકૂદ જેમ જીવંત બનાવે છે, તેમ કોઈ વૃદ્ધજનના ખારેક જેવા ચહેરાની કરચલીઓની યાદ આપતાં થડવાળાં ખખડધજ વૃક્ષોનું વ્યક્તિત્વ પણ ભૂલાય એવું નથી.



શૃંગાર : ચિત્રકાર : ડો બદરી